
પાશ
લોહીલુહાણ વર્તમાનની
રૂબરૂ
સંપાદન - અનુવાદ : હિરેન ગાંધી

# લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ

## 'પાશ'


સંપાદન - અનુવાદ

હિરેન ગાંધી



સંવેદન સાંસ્કૃતિક મંચ

'આપણું સાહિત્ય' પ્રકાશન શ્રેણી : પુસ્તક - ૫

2000

LOHILUHAN VARTAMANNI RUBARU
COLLECTION OF POEMS BY 'PASH'
TRANSLATED & EDITED BY HIREN GANDHI
JANUARY - 2000

© ગુજરાતી અનુવાદ : હિરેન ગાંધી
© હિન્દી અનુવાદ : ડૉ. ચમન લાલ અને બલરાજ સહાની યાદગાર પ્રકાશન
© મૂળ પંજાબી : પાશ મેમોરિયલ આંતરરાષ્ટ્રીય ટ્રસ્ટ અને મેજર સોહનસિંહ સંઘૂ

750 નકલ
પ્રથમ આવૃત્તિ

મૂલ્ય : રૂા. 150/-

આવરણ ડિઝાઈન અને ચિત્રો : ગોરધન પ્રજાપતિ
કૉમ્પ્યૂટર ટાઈપ સેટીંગ : સિમેટ્રી કૉમ્પ્યૂટેક, અમદાવાદ.

મુદ્રક : ચંદ્રિકા પ્રિન્ટરી, મિર્ઝાપુર, અમદાવાદ.

પ્રકાશક : સંવેદન સાંસ્કૃતિક મંચ
9, રૂપેશ સોસાયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ,
જીવરાજ પાર્ક, અમદાવાદ - 380 051
ફોન નંબર: 6815078

સ્વાતંત્ર્ય પછીના પાંચ દાયકા દરમિયાન
જનવાદી ક્રાંતિનાં આંદોલનોને
પોતાની કલમ, કલા અને કર્તવ્ય
સમર્પિત કરનાર
તમામ સર્જકોને
સલામ સાથે
સમર્પિત છે
આ
**'લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ'**

# આવાં સાહસો જીવતાં રહેવાની મથામણોના પ્રગટીકરણ સમાન છે

*[પ્રકાશકનું નિવેદન]*

ડૉ. સરૂપ ધ્રુવે આ પુસ્તકની પ્રસ્તાવના સ્વરૂપ લેખમાં બે મહત્ત્વના શબ્દો વ્યક્ત કર્યા છે - જોખમ અને જવાબદારી. 'લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ' જેવાં કાવ્યોનો ગુજરાતીમાં અનુવાદ કરવો અને તેનું પ્રકાશન કરવું તે વાસ્તવમાં જોખમ અને જવાબદારીભર્યું સાહસ છે.

પણ અમે એ ખેડ્યું; કેમકે - 'સંવેદન સાંસ્કૃતિક મંચ' માટે અને એથીયે વધારે તો આપણા સમગ્ર દેશમાં પ્રવર્તતા સાંસ્કૃતિક વાતાવરણ માટે આવાં સાહસો જીવતાં રહેવાની મથામણોના પ્રગટીકરણ સમાન છે; જનવાદી સંસ્કૃતિ માટેનાં આંદોલનોના જીવતા હોવાનો પ્રમાણભૂત પુરાવો (દસ્તાવેજ) છે.

સાતત્યપૂર્ણ વર્ગસંઘર્ષ, શોષણ અને અન્યાય સામેનો જંગ, સમાનતામૂલક સમાજનું સપનું - આ બધું આ સદીના અંતે હંમેશ માટે ખતમ નથી થઈ ગયું. હા, આ સદીની શરૂઆતથી માંડીને નવમા દાયકાના અંત સુધી માનવસમાજ અને આખીયે દુનિયાને એ વિચારધારાએ જેટલા તીવ્ર આંચકા અને અણધાર્યા વળાંકો આપ્યા હતા - એવું કશું હાલમાં એ આપી શકે એમ નથી. આજનો સમય એના મૃત્યુ પછીનો નથી, એની હારનું એણે નિર્મમતાપૂર્વક વિશ્લેષણ કરવાનો અને રણમેદાનની પલટાયેલી વ્યૂહરચના માટે પોતાની જાતને સજ્જ કરવાનો છે; પોતાના જ લોહીલુહાણ વર્તમાનને રૂબરૂ થવાનો છે.

બીજા શબ્દોમાં - એ જીવે છે - આપણા સૌના હ્રદયનાં અંધારિયા ભંડકિયાઓમાં; એ વ્યક્ત થાય છે - આપણે જોરજુલમ કરીને દબાવી દીધેલી વિદ્રોહની વૃત્તિઓની કઢંગી, વિચિત્ર, અજાણી અભિવ્યક્તિઓમાં.

આ સંગ્રહમાંની રચનાઓ આપણી એ અભિવ્યક્તિઓને તાર્કિકતાની એરણ સુધી લઈ જવાનો રસ્તો ચીંધે છે. એ પોતાના સમયનો તર્ક રજૂ કરે છે પણ જો આપણે વિદ્રોહની અભિવ્યક્તિના દૃષ્ટિકોણથી એના તર્ક તરફ જઈશું તો આજના આપણા જીવન અને સમાજમાં પ્રવર્તતી અતાર્કિકતાઓને તો પામી



શકીશું જ, પરંતુ સાથે સાથે પ્રગતિ, વિકાસ અને સમાનતાના તર્ક તરફ પણ આપણે આગળ વધી શકીશું.

પાશ આંદોલનોના યુગમાં વિદ્રોહની મુઠ્ઠી વીંઝતો જીવ્યો, ઝઝૂમ્યો અને શહીદ થયો; આપણે દિશાવિહીનતા, મૂલ્યહ્રાસ, મજબૂરી, સમાધાનો અને ભીડમાંનો ચ્હેરો બનીને જીવવાનું છે, ઝઝૂમવાનું છે અને બહેતર જિંદગી, બહેતર સમાજ માટેનાં આંદોલનોની જમીન તૈયાર કરવાની છે. કદાચ શહીદ થવા કરતાં આ ઘણું કપરું કાર્ય છે. પણ શહીદી વહોરવા કરતાં અદકું નથી. પાશે શહીદી વ્હોરીને પોતાનો યુગધર્મ બજાવ્યો, આપણે ખરેખર જો જીવતાં રહેવું હશે તો આપણો યુગધર્મ બજાવવો પડશે.

આ સંગ્રહના પ્રકાશન પાછળ આ એક મહત્ત્વનો હેતુ છે. અમને ભરોસો છે - સાહિત્યક્ષેત્રે જીવતાં જણોમાં; ખાસ કરીને આપણી યુવાપેઢીમાં - જે પૂર્વગ્રહોની પાકી દીવાલો વચ્ચે બંધિયાર જિંદગી નથી ગુજારતી, પરંતુ મુક્તિની મુઠ્ઠી માટે મોકળું આકાશ શોધી રહી છે.

છેલ્લાં થોડાં વર્ષોથી દેશભરના સાહિત્યક્ષેત્રમાં જે પ્રકારની સ્થગિતતા આપણને અનુભવાઈ રહી છે અને બીજી તરફ નવી દિશાના નામે અનુઆધુનિકતા અને દેશીવાદનો જૂનો દારૂ નવી આકર્ષક બૉટલમાં પૅક કરીને આપણને ધરવામાં આવી રહ્યો છે; એ બંને સ્થિતિને પડકારવા આપણે બે ડગલાં પાછળ હટીને જો આપણા તાજા ભૂતકાળને થોડો ઢંઢોળીએ, એને નવી નજરે મૂલવીએ અને પરસ્પરની ભાષાઓમાં એની આપ-લે કરીએ એ આવતીકાલના સાહિત્ય માટે એક સ્વાસ્થ્યપ્રદ કસરત પુરવાર થશે - એવું અમે દૃઢપણે માનીએ છીએ.

અને એથી જ- 'લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ'ના પ્રકાશન માટે અમને આ યોગ્ય સમય લાગે છે.

***સંવેદન સાંસ્કૃતિક મંચ***
*વતી*
***હિરેન ગાંધી.***

# ઊંડા અંધારેથી...

*[પાશની કવિતા નિમિત્તે સમકાલીન કવિતા-વિમર્શ]*

★ ક્રાન્તિકારી, જનપક્ષી કવિતાની ઓળખ આપવાનું મને કોઈ કહે તો સૌથી પહેલાં બે જ શબ્દ સૂઝે છે : જવાબદારી અને જોખમ. પાશની રચનાઓમાંથી પસાર થતાં વેંત આ જ બે લાક્ષણિકતાઓ - કહો કે એની કવિતાની તાસીર, આ જ બે શબ્દોમાં વ્યક્ત થઈ શકે.

★ આપણાં, ગુજરાતી ભાષાનાં સર્જકો - ખાસ તો કવિઓ -વાચકો અને વિવેચકો માટે આ લક્ષણો અપરિચિત જ નહીં, અવગણાયેલાં અને અણગમતાં પણ ખરાં જ. એટલે જ કદાચ એની કવિતા આપણે ત્યાં અજાણી, અણસ્પર્શી હશે ?

★ પાશને પંજાબી ભાષાનો કવિ કહેવા કરતાં, અથવા તો પાશની કવિતા પંજાબી છે - એમ કહેવા કરતાં પાશ પંજાબી ભાષામાં લખનારો વૈશ્વિક કવિ છે એમ કહેવામાં વધારે ઔચિત્ય જણાય છે. એની કવિતાનું ઘરાણું છે સંઘર્ષ અને વેદના, યુયુત્સા અને જિજિવિષા, સ્વપ્ન અને સ્વપ્નભંગની વચ્ચેના ગાળાની પીડા, જીવાતા જીવનના નારકીય અનુભવો અને એ નરકને ખતમ કરી દેવાની ખુમારી...' ને એ માટે જાતે ખતમ થવાનું ખમીર. માત્ર શબ્દમાં જ નહીં; રગેરગમાં ધસમસતા લોહી સાથે, પોતાના અલ્પ આયુષ્યના પ્રત્યેક આયામમાં એ જીવન ખાતર - બહેતર જીવન ખાતર મરતો રહ્યો છે અને મૌત ખાતર પળેપળ શ્વસતો-ધબકતો રહ્યો છે. એનું રૂંવેરૂંવું કવિતા બનીને ફરકતું રહ્યું છે. એની કવિતામાં કૌવત છે કેમ કે એના અનુભવો સીધા છે, નક્કર છે અને એની અભિવ્યક્તિ પ્રામાણિક છે, પારદર્શક છે. અને એટલે જ એ કહી શકે છે : 'તમે લોઢાની વાતો કરો છો, મેં તો લોઢું ખાધું છે' !

★ લોઢાનો ખાનાર આ કવિ આમ તો અમારો સમકાલીન. અમારો એટલે મારો અને મારી સાથે લખનારાં સાતમા - આઠમા - નવમા દાયકાનાં સૌ સર્જકોનો. અલબત્ત, હમઉમ્ર ખરો પણ હમખયાલ નહીં. પોતાના સામ્પ્રતને, સમાજને, સમાજનું સંચાલન કરતા તંત્રને અને સંસ્કૃતિને જોવાની એની દૃષ્ટિ અને પછી એની કવિતા કરીને સમાજ સાથે - સંસ્કૃતિ સાથે - તંત્ર સાથે સંવાદ



- વિવાદ કરવાની એની રીત અનોખી છે. આમ તો એ પણ આપણામાંનાં એંશી ટકા સર્જકોની જેમ ગ્રામીણ જ હતો. ખેતરો ને નહેરો, ઋતુચક્ર ને ઉત્સવો, મીઠા ને માઠા અવસરોની ધૂપછાંય, પ્રણયકથાઓની પરંપરા ને વીરગાથાઓનો વારસો, કિશોરાવસ્થાનું કુતૂહલ અને યૌવનની મસ્તી.... એણે પણ આપણાં સર્જકની જેમ જ ભરપૂર માણ્યાં છે. પણ ફરક છે આ પરિવેશને તાગવાની દૃષ્ટિનો, વારસાના વિશ્લેષણનો, પરંપરા અને વર્તમાન વચ્ચેના તનાવની રગ પકડવાનો, જીવાતા જીવનની પળેપળના પૃથક્કરણનો. આપણો સર્જક તો ગ્રામ્ય પરિવેશના સૌન્દર્ય-સરોવરમાં બ્રહ્માડૂબકી મારીને જ બ્રહ્માંડદર્શનનો ઓડકાર ખાઈ લે છે; કાં તો પરંપરાને સૂંઘતાં સૂંઘતાં પારોઠનાં પગલાં ભરતો બાળપણની બૉડમાં ભરાઈ બેસે છે. સામ્પ્રત સામે બાખડી બાંધવાની તો વાત જ ક્યાં રહી; કહેવાતી ચિરંતન કવિતાનાં ઝાંઝવાંને જાળવવાની પળોજણ અને ભાષા વડે ભાષા સાથે તકરાર કરવાની તથા કરતો રહે છે.

★ જ્યારે પાશના મૂળિયાં ભલે એની માટીમાં હોય, એનાં ડાળાં-પાંદડાંનું આકાશ ઘણું વિશાળ હતું. એણે એના પરિવેશમાં સમૃદ્ધ પંજાબની ઉષરભૂમિ અને ખેતમજૂરની કંગાલિયત પણ જોઈ છે. દેવામાં ડૂબેલો બાપ અને દહેજના અભાવે આણે ન જઈ શકતી બહેનનાં આંસુ પણ જોયાં છે. રવાડે ચડી ગયેલા, નિરક્ષર ગ્રામીણ કિશોરોની જૂબાન પણ એ જાણે છે ને મિરઝા-સાહિબાંની મહોબ્બતની હૂંફ પણ વર્ણવી જાણે છે. પણ ત્યાં જ નથી પૂરી થતી એની કવિતા. એ વાત માંડે છે સંસદ નામના એક મધપૂડાની - જ્યાં ઝેરી મધમાખો સતત બણબણે છે, બંધારણ નામના મૃતક-ગ્રંથની-જે વાંચતાં જ આમ આદમીની લાશ ઢળે છે. એ વાત કરે છે એવાં અખબારોની જે કોઈ સમાચાર નથી છાપતાં. એ વાત કરે છે બંદૂકની, બેડીની, જેલની બારીમાંથી દેખાતા આકાશના ટુકડાની, સેન્સર થનાર પત્રોની, ઝનૂની ધર્મગુરુ સાથે વક્રવાણી ઉચ્ચારતી ગ્રામીણ માતાની, લોઢાની, યુદ્ધની, શાંતિની, પોલિસવાળાની... કહો કે પોતાના સમગ્ર પરિવેશ સાથે, તળના આમ ગ્રામજનથી માંડીને ઇન્દિરા ગાંધી સાથે, એ જીવાતા જીવનની અનેક ઘટના-દુર્ઘટનાઓમાં સંડોવાય છે, પિડાય છે ને પંડની ને પરાઈ - પીડને શબ્દમાં ઉતારે છે. પાશની કવિતા તળિયેથી શરૂ થાય છે પણ ટોચે જઈને પૂરી નથી થતી !

**★ સવાલ અહીં એની કવિતાની રેન્જ ચિંધી આપવાનો નથી, વિષય - વૈવિધ્યનાં વખાણ કરવાનો નથી; સવાલ છે સર્જકના સામાજિક-રાજકીય દાયિત્વબોધનો. જે સાતમો-આઠમો દાયકો પાશ જીવેલો એ જ સ્વાતંત્ર્યોત્તર મૂલ્યહ્રાસનો જમાનો હું ને મારાં સમકાલીન સર્જકો પણ**

**જીવેલાં. પણ તપાસ કરતાં શું હાથમાં આવે છે ? વર્તમાનપત્રોમાં લખાતાં કોલમમાં ક્યાંક કટાક્ષની ધાર તો ક્યાંક બુદ્ધિજીવીઓ દ્વારા ચાલતી ને બુદ્ધિજીવીઓમાં જ વંચાતી-ચર્ચાતી પત્રિકાઓમાં છૂટાછવાયા લેખો કે પછી કોઈક પત્રકારોની ડાયરી-સ્વરૂપના નિબંધો... પણ કવિતા ?**

★ ક્યાંક હાંશિયા પર ધકેલી દેવાયેલા હિંમત ખાટસુરિયા કે નાથાલાલ દવે કે પછી 'હું' ગ્રૂપના ઉછરતા કવિઓનો ઉપસવા જતો અવાજ - જેને દાબી દેવાય, ડામી દેવાય, એને 'અકવિતા' કે 'છમકલાં' ગણીને આઘી હડસેલાય ! આ વલણ તે સામ્પ્રતની સાથે સમાધાન કરી લેવાની ચાતુરી હશે કે પછી સંવેદનાની સંકીર્ણતા ?

★ જો કે સાવ એવું તો નહોતું કે સાતમા-આઠમા દાયકાનાં સર્જકોએ આધુનિકતાનાં દુરિતો સામે કે વ્યવસ્થા સામે વિદ્રોહ નહોતો ઉઠાવ્યો. લઘરો, મગન, અમથાલાલ, ઑચ્છવલાલ, હુંશીલાલ, લેંચુજી, ચંદુડિયો, ચમન, अ, ઈચ્છાકુંવરી - એવાંતેવાં નામે અમેય અકળાતાં હતાં, દાંત ભીંસતાં હતાં પણ સરવાળે તો અમારી લડાઈ અમારાથી શરૂ થઈને અમારામાં પૂરી થતી હતી ! કાંકરી ક્યાં ખૂંચે છે એ નહોતું સમજાતું એવું નહિ... પણ નિશાન કંઈક બીજું જ રહેતું હતું ! આ વાત અમારા પૂર્વજ છતાં સમકાલીન સર્જક-સમીક્ષક શ્રી. ચંદ્રકાંત શેઠે જે રીતે મૂકી આપી છે તે જોવા જેવું છે :

> **''કવિને આ પરિસ્થિતિના નિર્માતા એવા લોકોની બરોબર ખબર છે. એ લોકો સામે આજનો કવિ મોરચો માંડે તો કઈ રીતે માંડે ? એની પાસે એક અસરકારક હથિયાર છે ઉપહાસ-કટાક્ષની વાણીનું. એનો વરવી પરિસ્થિતિ સામેનો વિરોધ-વિદ્રોહ હવે હસી કાઢવાની રીતે પ્રગટ થાય છે. જેને જેને પેલા મહોરાંવાળાઓ પ્રતિષ્ઠિત કરે છે તેની ભાંગફોડનો - અલબત્ત, ભાષામાં, ભાષાથી - આનંદ કવિને કૅથાર્સિસ જેવોયે થઈ પડતો હોય છે.''**

*['ગુજરાતી કવિતાનો આઠમો દાયકો' પ્રકાશક - ગુજરાતી સાહિત્ય પરિષદ, 1983]*

જો આ પ્રકારના સર્જનપ્રયાસે 'આનંદ' અને 'કેથાર્સિસ' સુધી જ પહોંચવાનું હોય તો પછી સર્જકના યુગધર્મ કે સામાજિક - રાજકીય જાગરૂકતાની અપેક્ષા ક્યાંથી રાખી શકાય ?!



★ સાથેસાથે સવાલ તો એ પણ થાય ને, કે શબ્દમાં તો શબ્દમાં - સર્જકનો વ્યવસ્થા સામેનો વિરોધ-વિદ્રોહ એવો બળકટ રૂપે તો નહિ જ વ્યક્ત થયો હોય... નહિ તો કટોકટીકાળમાં જેલોમાં બુદ્ધિજીવીઓ - પત્રકારોની સાથે બેપાંચ કવિઓનેય પૂરાવું જ પડ્યું હોતને ?! પેલી તરફ, દેશ આખામાં કેટકેટલી ભાષાઓનાં સર્જકોને જબાનબંધી ફરમાવાઈ હતી ? - શિવરામ કારંથથી માંડીને ફણીશ્વરનાથ રેણુ સુધીના સર્જકોએ સત્તાની સામે કલમ ઉગામી જ હતી..... એમને કદી શેરીઓમાં સરઘસ નીકળવાની રાહ નહોતી જોવી પડી ! - ખેર, ગુજરાતી કવિ અને કવિતા પાસે આવા કૌવત અને સાહસની અપેક્ષા આપણુંય તે ભોળપણ જ ને ?!

★ ના... કદાચ તે વખતે નહિ ઉઠ્યા હોય, પણ આજે સવાલો ઉઠે છે. ઘણા ઘણા સવાલો ઉઠે છે :

**૧. ગુજરાતી ભાષાનાં સર્જકો-ખાસ તો કવિઓ શું તાકે છે ? - માત્ર પ્રશંસા ? પ્રતિષ્ઠા ? સુસ્થાપન ?**

**૨. એમના સર્જનનું પ્રયોજન શું ? - માત્ર નિજાનંદ ? જનમનરંજન ?**

**૩. કવિની ભાષા કઈ છે ?**

**૪. એના માપદંડો કયા છે ?**

**૫. સર્જન અને સર્જકના નિજી જીવન વચ્ચેનો અનુબંધ શો છે ?**

**૬. એ પોતાના સર્જન-વ્યાપાર દ્વારા સમાજ સાથે શી રીતે સંકળાય છે ?**

**૭. સમાજના કયા વર્ગને - કેવી રીતે સંબોધવા માગે છે ?**

**૮. પરંપરા, આધુનિકતા, સામ્પ્રત જીવન... વચ્ચેનો તનાવ એ શી રીતે અનુભવે છે ?**

**૯. એનું નિરૂપણ એ કવિતામાં કરે છે ?**

**૧૦. એની ચેતના ફક્ત વ્યક્તિગતરૂપે જ વિસ્તરે છે ?**

**૧૧. એ ચેતોવિસ્તાર કેમ 'વર્ટીકલી' (ઊંચો ને ઊંચો) જ જતો જોવાય છે? એનો 'હોરિઝોન્ટલ' (ક્ષિતીજસ્પર્શી) વ્યાપ કેમ કવિતામાં નિરૂપાતો નથી ?**

**૧૨. કવિની પ્રકૃતિ અને કવિતાની નિયતિ કેમ વિતૃષ્ણા અને વિડંબનામાં જ પરિણમે છે ?**

★ આ પ્રશ્નોની તપાસ કરવા બેસતાં તો આખાય આધુનિક સાહિત્યની ફેરતપાસ કરવી પડે. સાતમા-આઠમા ને તે પછીના નવમા ને દસમા દાયકાની કવિતાએ અને અન્ય સાહિત્યસર્જને જે તાકવાનું હતું તેમાં જ કંઈક ચૂક જણાય છે. આધુનિક સર્જકનો એજન્ડા શો હતો ? આધુનિકતા વિશે તેની સમજણ શી હતી ? આધુનિકતાના નિરૂપણ માટે એની સજ્જતા કેટલી હતી ?.... આવા યક્ષપ્રશ્નોના અનુસંધાનમાં વળી ઑર સવાલો જાગે છે અને મુદ્દાઓ પણ ઉઠે છે :

**૧. 'પ્રવાલ દ્વીપ'થી શરૂ થયેલી નગરકવિતાને નિમિત્તે જાગેલો, આધુનિકતા વિષેનો પારગામી ઊહાપોહ ક્યાં ફંટાઈ ગયો ?**

**૨. તે પછીના દાયકાઓમાં રચાયેલી મુંબઈ, અમદાવાદ જેવાં નગરો-મહાનગરોની તાસીર અને તસવીર, રગ અને રોગ પકડનારી રચનાઓ કેમ ખોરવાઈ ગઈ ? - નગરજીવન તો કંઈ કેટલુંય વકરી ચૂક્યું છે... સર્જક કેમ અટકી ગયો ?**

**૩. જો કે, એ 'નગરકવિતા' પણ માત્ર એના ઉપરછલ્લાં-ભૌતિકવાદ અને ગતિઅવમૂલ્યનો સુધી જ પહોંચવા પામેલી ને ? વિકાસની અંદર સમાયેલાં એની ધ્વસ્તતાનાં બીજ એણે પારખેલાં ? એ વિકાસની વિકૃતિઓને કેમ નહોતી પડકારી ?... કે પછી એ સમજાઈ જ નહિ હોય ?**

**૪. ક્યારેક, ક્વચિત્ યંત્રીકરણની ટીકા કરી નાખનારા આધુનિક સર્જકે ગુજરાતના ભાંગી પડેલા કાપડઉદ્યોગની કરુણિકા કેમ નથી ગાઈ ?**

**૫. ભાંગતાં ગામડાં, ગ્રામજીવનની કુરૂપતા, નિરક્ષરતા-રૂઢિજડતા અને વર્ણભેદ, પ્રાથમિક જરૂરિયાતો સંદર્ભે અન્યાય-જેવી વાસ્તવિકતાઓની સામે આપણી ગ્રામ્ય પરિવેશ વિષેની કવિતા શું લઈને આવે છે ? આ તે રંગદર્શીતા કે રંગાંધત્વ ?**

**૬. રૂઢિચૂસ્તતા સામે જેહાદ, ધર્મઝનૂન સામે પડકાર, અજ્ઞાન સામે જ્ઞાનપ્રકાશ, બુદ્ધિવાદ, તાર્કિકતા, જીવન પ્રત્યેનો વૈજ્ઞાનક અભિગમ... 'આધુનિકતા'ની વ્યાખ્યામાં આ બધાંનો સમાવેશ નથી થતો ?**



**૭. આધુનિક સર્જકને આ મુદ્દાઓ વિશે બોલવું-લખવું પરવડતું નથી ? કેમ ?**

**૮. ભૌતિકતા સામે બાખડી બાંધવાનો ક્યારેક સાહસિક પ્રયાસ કરનારો, નવેસરથી 'માણસની વાત' કરનારો પ્રાજ્ઞ કવિ, કેમ પછીના દાયકામાં હારી થાકીને કોરા કાગળમાં બૂમો પાડતો થઈ જાય છે ?**

**૯. પોતાના વિકૃત વર્તમાન સામે માત્ર શાબ્દિક બૂમરાણ અને તર્કવાદી પ્રલાપ સર્જક માટે પૂરતાં કહેવાય ? સીધી સંડોવણી કેમ ખૂટે છે ?**

**૧૦. મૂલ્યહ્રાસ, સંવેદનહીનતા, માણસ-માણસ વચ્ચે સંબંધનો અભાવ, વિચ્છિન્નતા, છિન્નભિન્નતા... આ બધી અધિરચનાગત સમસ્યાઓ સામે લડવાનું હથિયાર - આધારભૂત હથિયાર, કોઈ વિચારધારામાંથી મળી આવશે એવી આશા રાખીને આપણો સર્જક કેમ બુદ્ધિપૂત વિચારવ્યાયામ અને તેના સર્જનાત્મક નિરૂપણથી ભાગે છે ?**

મને લાગે છે અહીં જરાક અટકું. કદાચ આ જ દુઃખતી રગ છે.

★ આપણા ગુજરાતી સમાજમાં સાધારણ રીતે રાજકારણ ગંદુ-અસ્પૃશ્ય-ગુંડાટોળીનો અડ્ડો જ મનાતું આવ્યું છે. ખાસ કરીને અમે - સાતમા, આઠમા દાયકામાં જે યુવાન હતાં - આવું માનીને 'આટાપાટાથી આઘાં રહેતાં હતાં' ! ને મજાની વાત તો જુઓ : એ જ ગાળામાં જે પ્રભાવક આંદોલન થયું નવનિર્માણનું - એનું સંચાલન આવા સૂગાળવા મધ્યમવર્ગનાં યુવક-યુવતીઓ દ્વારા જ થયેલું ! - પણ અમે તો 'સર્જકો' હતાં ને... કવિઓ કંઈ એવા કાદવમાં પડે ?! અલબત્ત, સર્જકટોળકીઓ સાહિત્યકારણ રમતી રહે એ વાત જુદી !!!

★ પણ મુદ્દો તો આપણા ઉપરના સવાલોના જવાબની શોધનો છે. 'રાજકારણ' અને 'રાજનીતિ', રાજકીય સભાનતા, અધિકારો પરત્વે જાગરૂક્તા, નાગરિક તરીકેની સંપ્રજ્ઞતા - આવુંતેવું પણ અમે કંઈ વિચારતાં/લખતાં હતાં એવું સાંભરણ નથી ! રાજનીતી અને તેમાંય ડાબેરી, ક્રાંતિકારી વિચારધારા પ્રત્યેની સૂગ ઘણાં વર્ષોથી પળાતી-પોષાતી રહી છે. માર્ક્સવાદી વિચારસરણી પ્રેરિત સાહિત્ય, રંગભૂમિ અને અન્ય દૃશ્યશ્રાવ્ય કલાપ્રકારો પરત્વે એકધારું પૂર્વગ્રહદૂષિત વલણ રહેતું આવ્યું છે. કેમ ? આપણા ડાહ્યા-ઠાવકા સમાજની

પરિવર્તનભીરૂતા હશે ? પોતપોતાનાં સિંહાસન ડોલી જવાની ધાસ્તી હશે ? ભ્રામક શાંતિપ્રિયતાને નામે સ્વાર્થ અને રૂઢિદાસ્યના ગાલીચા હેઠળ વાસ્તવિકતાઓને ઢાંકી દેવામાં સ્વહિત દેખાતું હશે ? પણ કબૂતર આંખો મીંચી દે તેથી બિલાડી થોડી જ અલોપ થઈ જવાની છે ?!

★ આમ તો રાજકારણને કલા-સાહિત્યથી અળગું રાખવાની વાત સગવડિયા લાગે છે. કેમ કે જેમનો શબ્દેશબ્દ યુગપરિવર્તક માનતો હતો તે ગાંધીજીના જીવનની પ્રત્યેક ક્ષણ રાજકારણ હતી ! ગાંધીયુગીન કલા-સાહિત્યે સમાજ અને રાજનીતિની નિસ્બત સાથે કામ પાડ્યું હતું ને એમાંથી પ્રેરણા લેવાનો છોછ નહોતો રાખ્યો. ને એટલે જ શ્રી સુરેશ જોષી જેવા ચિંતક-સર્જક-વિવેચકે એના અતિરેકના પ્રતિકારરૂપે સાહિત્યને 'શુદ્ધ' બનાવવાની ઝૂંબેશ આદરી હતી એ જાણીતી હકીકત છે. પણ આ જ સુરેશ જોષી પાછા વિશ્વયુધ્ધગ્રસ્ત અને વિશ્વયુધ્ધોત્તર યુરોપીય સાહિત્યને માથે ચડાવતા હતા અને સર્જકના દાયિત્વ ને સરમુખત્યારી સામે સર્જકના સ્વાતંત્ર્યની ચિંતા અભિનિવેશપૂર્વક કરતા હતા ! તો પછી એ આપણા ગુજરાતી સાહિત્યને સાવ મરજાદી બનાવવાની રઢ લઈને કેમ બેઠા હશે ?! આપણા દેશનાં સર્જકો સામે કોઈ દાયિત્વ નહોતું ? સુરેશભાઈની 'ગાઈડ'માં જવાબ જોવા બેસીએ તો હાથમાં શું આવે છે ? -દાયિત્વ નિભાવ્યા સિવાય જ સર્જકના સ્વાતંત્ર્યનો ઉધમાત ! સાવલ એ છે કે આપણા સર્જકે આવી કોઈ રાજનૈતિક ભીંસ સામે હજી સભાન થવું જ જ્યાં બાકી હોય ત્યાં 'સ્વતંત્રતા'ના બૂમબરાડા શાને ?! કે પછી બહુ ચોક્કસ રીતે સુરેશભાઈ જેવાના સંદેશાઓનાં અર્થઘટનો આપણાં સુધી પહોંચાડવામાં આવતાં હશે ?! જો કે આપણા પંડિતો પણ ઓછા વાંકમાં નથી ! એક તો જે વાત કરવી એને દ્રાવિડી પ્રાણાયમની રીતે કરવી અથવા તો પછી નાકનું ટીચકું ચડાવવું... જેથી સામાન્ય ભાવકો સુધી કે પછી સામાન્ય, મિડિયોકર સર્જકો સુધી એમનું ઈંગિત જ ના પહોંચે ! આ જ (બંને) વર્ગની સંખ્યા આપણા સમાજમાં મોટા પ્રમાણમાં છે. ટૂંકમાં વાત એટલી, કે સર્જન અને સમાજ પરિવર્તન વચ્ચે જોજનોનું છેટું પડી ગયું !

★ અલબત્ત, બહુ થોડા... પણ બહુ વાંચનારા આવા વિદગ્ધો પહેલાં પણ કરતા હતા ને છેલ્લા દાયકાથી તો છાપરે ચડીને કરવા માંડ્યા છે એ દલીલ છે : 'સમાજપરિવર્તનનો જેમણે ઠેકો લીધો હતો એવી વિચારધારા તો લો - સાવ નિષ્ફળ ગઈ !!' એ સિવાય પણ, ગુજરાતના રાજકારણ, સમાજકારણ ક્ષેત્રે જે કોઈ આંદોલનો થયાં એનાં બાળમરણનાં સાક્ષી પણ આપણે થતાં જ રહ્યાં છીએ. પણ આપણામાંના કોઈ વિદગ્ધે કે સર્જકે - આ નિષ્ફળતા વિશે કેટલી ચિંતા



કરી ? નિષ્ફળતાનાં કારણો અને એનાં ભાવિ પરિણામો વિશે કેટલી ચર્ચા કરી ? આપણા સરેરાશ સર્જકનું સરેરાશ સામાન્ય જ્ઞાન કેટલું ? કટોકટી પછી ગુજરાતનાં મોટાં શહેરોમાં શરૂ થયેલી 'માનવ-અધિકાર'ને માટે ઝૂઝતી-વિચારતી નાની મોટી સંસ્થાઓમાં ગુજરાતના સર્જકની હાજરી કેટલી ? સંડોવણીનો તો સવાલ નથી પણ વૈચારિક સામેલગિરી પણ કેટલી ?

★ એના સામે પક્ષે જોઈએ તો સાંપ્રદાયિક સાધુ-સંતો, સંત-ભક્તો, ઓચ્છવ-મનોરથો, કથા-કીર્તનોમાં આપણાં સાહિત્યકારો કેટલી મોટી સંખ્યામાં ઉમટી પડે છે - આમંત્રાય છે - પોંખાય છે - પૂજાય છે ને પૂજતા રહે છે...એ વિચાર્યું છે આપણે ?! પલાયનવાદનું પગેરું કાઢવું ને પામવું.. કંઈ બહુ અઘરી વાત નથી ! મંગલ-મંગલ અને સુષ્ઠુ-સુષ્ઠુ જીવનવિચારણાનું સહિત્ય અત્યારે ઉભરાય છે-છલકાય છે એ કંઈ અમસ્તું જ નથી આવ્યું. આ જ વાતાવરણ છે આપણી આસપાસ. એમાં સામ્પ્રત સામે મુક્કી વિંઝતા મુક્ત સર્જકનો ચહેરો શોધ્યોયે ના જડે એની શી નવાઈ ?!

★ આવો માહૌલ જ ઘડે છે અને મજબૂત કરે છે આપણા સાહિત્યિક માપદંડોને. આપણા સર્જકને પારંપરિક રીતે કેટલાક માપદંડો વારસામાં મળ્યા છે એને જ વટાવી ખાવામાં એ ડહાપણ જુએ છે. પહેલો માપદંડ તે સાંપ્રત સામેનું, રાજકીય-સામાજિક સમસ્યાઓ સામેનું 'તાટસ્થ્ય'. આગળ એને વિશે લાંબી લેખણે વાત કરી લીધી; હવે જરાક એક અવતરણ મૂકીને એના પર મહોર પણ મારી જ લઈએ :

> **"કવિ, જગતને-માનવવ્યવહારને જુએ તે કેવળ તટસ્થભાવે જુએ એવી અપેક્ષા રાખવી તે યોગ્ય નથી. જે જોઈએ તેનું પુનર્વિધાન કરવું હોય તો એમાં સંડોવાયા વિના શી રીતે બને ? આથી કવિ તટસ્થ જ રહે એવી માગણી આપણે ન કરી શકીએ.... એમ છતાં કવિ પહેલેથી જ કોઈ દૃષ્ટિબિંદુ સ્વીકારીને જગતને જોતો નથી એ અર્થમાં નિષ્પક્ષ દૃષ્ટા છે જ."**

- શ્રી સુરેશ જોષી.

**['સાયુજ્ય' - કવિતા-વિભાગનું પુરોવચન, ૧૯૮૩ માચ]**

★ આવી બે મોંઢાની વાત ભલા કોને, 'દર્પણ' કે 'દીપક' ચિંધવાની હતી ?!!! વિદગ્ધોની આ દુવિધા અને એમની રુચિદાસતાએ ગુજરાતી સર્જનને ખાસ્સું વામણું-બોન્સાઈ બનાવી દીધું હતું, એવું નથી લાગતું ? આમેય સુખાળવો

મધ્યમવર્ગીય ગુજરાતી સર્જક કશું પણ સાહસ કરવાનું તો પસંદ જ ના કરે... એમાં આવી 'તટસ્થતા'ની ઊંચી (!) વાતોથી એમને તો ભાવતું હતું ને... જેવો તાલ થયો !

★ જે થોડાક બહુ વાંચનારા હતા તે વૈચારિક વ્યાયામ કરવાનું નહોતા ચૂકતા એવું કંઈક સાંભરે તો છે... પણ ત્યારે "કૉફી કપમાં સમાઇ જતાં આંદોલનો" જેવું.... એ બધું કંઇ કવિતામાં થોડું જ ઉતારાય ?! કવિતા સુંદરીને આ તાપતડકામાં ખેંચી જઈએ તો એની ખૂબસૂરતીનું શું ??...

★ હા, આ 'સૌન્દર્યાનુરાગ' તે આપણા સર્જનનું - ખાસ તો કવિતાનું - બીજું નિર્ણાયક બળ. સૌન્દર્યમુગ્ધ સર્જક પોતાને કેટલી હદે શાહમૃગાવસ્થામાં રાખી શકે એનું એક અચ્છું ઉદાહરણ મળે છે :

> **"સૌન્દર્યરસ માટેના આગ્રહની પ્રક્રિયા ત્રીશીમાં જ શરૂ થઈ ચૂકી હતી. પણ ૧૯૪૦માં તો તે સ્ફુટ થઈ ચૂકી છે. રાજેન્દ્ર રાષ્ટ્રીય કે સામાજિક પ્રવૃત્તિઓથી અલિપ્ત નથી રહ્યા, અને ફિલસૂફીના સ્નાતક હોવા છતાં વ્યવસાયથી તદ્દન વ્યવહારૂ ગણાય એવા નાના નાના વેપાર ઉદ્યોગ સાથે જોડાયેલા રહ્યા છે. સંસારને અનેક બિંદુએ સ્પર્શવાનો એમને પ્રસંગ મળ્યા કર્યો છે છતાં 'ધ્વનિ'ની સમૃદ્ધિમાં યુગની મહાન ઘટનાઓનો સીધો ફાળો કેટલો નહિવત્ છે ! ૧૯૪૨ની લડત, બીજું વિશ્વયુદ્ધ, અણુબૉમ્બ, બંગાળનો દુષ્કાળ, કાળાંબજાર, હિંદની સ્વાતંત્ર્યપ્રાપ્તિ, ભાગલા પછીના હત્યાકાંડ, ગાંધીજીની હત્યા - કેવા મોટા મોટા બનાવો બન્યા છે ! પણ 'ધ્વનિ'માં એનો સીધો પડઘો નથી. આ સંગ્રહ જાણે કાલપ્રવાહની બહારથી જ પ્રગટી નીકળ્યો ન હોય !"**

- શ્રી ઉમાશંકર જોષી

**[પ્રસ્તાવના - *'ધ્વનિ' - શ્રી રાજેન્દ્ર શાહનો પ્રથમ કાવ્યસંગ્રહ* - ૧૯૫૧]**

આ વાક્યોમાં રહેલી સંદિગ્ધતા પકડાય છે ? એક તરફથી એમ કહેવાયું છે કે યુગની ઘટનાઓ આ કવિતામાં નથી ઝીલાઈ અને બીજી તરફ એના પ્રત્યે કોઈપણ જાતની ચેતવણી કે દિશા-સૂચનનો સૂર સુદ્ધાં નથી ઊઠતો ! આ પ્રકારના વિવેચને કવિતાને ખાસ્સી પ્રતિગામી બનાવી છે. નર્યો સૌન્દર્યાનુરાગ આપણી કવિતાનો પ્રબળ માપદંડ બની રહે તેના નિર્ણાયક પરિબળ તરીકે આવાં



વિધાનોની મોટી જવાબદારી હોય એવું નથી લાગતું ? કેટલાં દૂરગામી છે આનાં પરિણામો ! - આજે ૨૦૦૦ના વર્ષમાં - માનવ સભ્યતાના એક મોટા વળાંકે, ગુજરાતી સાહિત્યમાં એક 'નિતાંત કવિ' પુરસ્કારાઈ રહ્યા છે, સર્વોચ્ચ પારિતોષિકના અધિકારી બની રહ્યા છે તે આ નર્યા સૌન્દર્યાનુરાગી કવિ છે. આ સમયે - જ્યારે માનવમૂલ્યોની પુનઃસ્થાપના કરવાની તાતી ઘડી આવી પહોંચી હોય ત્યારે આ સાહિત્યક ઘટનાને 'દુર્ઘટના' નહિ કહેવાય ?! આવા આવા ઢાળા ઢાળીને ગુજરાતી કવિતાને સતત 'કાલપ્રવાહની બહાર' હડસેલ્યાં કરવાનું જ બનતું રહ્યું હોય એવું નથી લાગતું ?

★ તાટસ્થ્ય, સૌન્દર્યાનુરાગ પછી ત્રીજા નંબરે આવે છે 'ચિરંતન-શાશ્વત' કવિતાની ઉપાસના ! બનતા બનાવો, સામ્પ્રત સમસ્યાઓ, પ્રવર્તમાન રાજકીય-સામાજિક વલણો વિશે તત્કાળ પ્રતિભાવ આપવો, પોતાનો કોઈ ચોક્કસ અભિપ્રાય, દષ્ટિકોણ વ્યક્ત કરવો એ બધું કવિ અને કવિતા માટે વર્જિત ક્ષેત્ર ગણાય ! 'શાશ્વત' (!) વિષયો ને 'શાશ્વત' (!) ચિંતન જ કવિતામાં તો સ્થાન પામે ! અહીં સવાલ એ છે કે માનવ સમાજ સામે બર્બરતા, જાડ્ય, હિંસાખોરી, સત્તાખોરી અને અમાનવીયતા જેવાં ઘાતક પરિબળો યુગે યુગે નથી ઊઠતાં રહ્યાં ? છતાં માણસજાત ટકી ગઈ છે આ દુરિતો સામે, તે શાના જોરે ? કશુંક ભદ્ર, કશુંક શુભ જોવા-જીવવાની આશાથી જન્મેલી યુયુત્સાના જોરે, પુણ્યપ્રકોપના જોરે જ કે કંઈ બીજું ? સંઘર્ષો સામે ટક્કર ઝીલવાની તાકાતને કારણે જ માનવ સભ્યતા ટકી છે ને આગળ વધી છે. યુયુત્સા અને જિજિવિષા-બહેતર સમાજમાં જીવી શકવાની જિજિવિષાને 'સનાતન મૂલ્ય' નહિ ગણાય ? આ મૂલ્યની કવિતા કેમ ન હોય ? ક્રાન્તિધર્મી કવિતાનાં મૂળ અને કૂળ આ યુયુત્સા અને જિજિવિષામાં હોય છે. આપણું રૂઢિજડ વિવેચન એને સતત ખાળતું કે વાળતું રહ્યું છે, સૂકવતું કે તરછોડતું રહ્યું છે. એને ગજું કાઢવા જ નથી દીધું ! પરિવર્તનલક્ષી કવિતાને જોતાંની સાથે એના ઉપર 'પ્રચાર'નું લેબલ મારી દેવાય છે. ભલા, પ્રચાર તો સત્તાની/શાસનની પિપૂડી વગાડે...ભ્રષ્ટ શાસન સામે મુક્કી ના વિંઝતો હોય ! ક્રાન્તિધર્મી કવિતા બદલવાની - ઉથલાવવાની વાત કરે એને 'પ્રચાર' કહેવી એ જ તર્ક અને બુદ્ધિનો અભાવ કે પછી પૂર્વગ્રહજાડ્ય નહિ તો બીજું શું ?! બહુ સૈદ્ધાન્તિક રીતે જોઇએ તો સાહિત્યમાત્ર પ્રચાર છે. દરેક લેખક પોતાની સાથે કોઇ ને કોઇ વિચારસરણી લઇને જ લખે છે. કોઇ પ્રગતિવાદી, કોઇ પલાયનવાદી, કોઇ પ્રતિગામી.... અભિવ્યક્તિ એટલે જ વિચારની મુખરતા; એવું નહીં ?

★ અલબત્ત, ક્રાન્તિધર્મી રચનાઓ ગુજરાતી ભાષામાં કાચી પડે , નબળી પડે કે એકલી પડી જાય છે એ સમજી શકાય પણ તેથી કંઇ એ 'સાચી' નથી એમ તો ન જ કહેવાય ને ? એની સર્વસ્પર્શીતા અને દૂરગામિતા વિશે કદી આપણે વિચારવાની તસ્દી લઈએ છીએ ખરાં ?! 'લોકલક્ષી' સાહિત્ય કે 'લોકભોગ્ય' સાહિત્ય હંમેશા 'લોકપ્રિય' નથી હોતું. આ માપદંડોની ભેળસેળ વિશે આપણા વિવેચકો કેમ ચૂપ છે?!

★ આ ને આવા પૂર્વજદીધા માપદંડોથી પ્રેરિત - સંચાલિત મારી-અમારી ને ત્યારપછીની પેઢીઓનાં આ રૂઢિદાસ્ય, રુચિદાસ્યની સાથેસાથે દિશાહીનતાનો મુદ્દો પણ જોવા જેવો છે. કોઈ વાત ઉપર આંગળી મૂકીને ખોંખારીને કશું કહેવું, કહી શકવું એ જાણે કવિતાના એજન્ડાની બહારની વાત ! કોઈ વિચારધારાની પીઠિકા એટલે કંઠીબદ્ધતા ! સ્પષ્ટ દર્શન એટલે મૂર્ખતા ! કવિએ કાં તો ભ્રાન્તિમાં રહેવાનું, કાં તો નિર્ભ્રાન્ત થઈ જવાનું ! કાં તો મુદ્દાની વાત જ નહિ કરવાની, કાં તો માત્ર પ્રલાપો કરવાના ! પ્રત્યાયનની 'નિષ્ફળતા', ભાષાની 'નિરર્થકતા' અને કવિતાના પ્રયોજન પરત્વે 'કુશંકા' તો એને જ પોસાય જેને માટે વાણી માત્ર વિલાસ છે અને સર્જન માત્ર પ્રતિષ્ઠાનું સિંહાસન; તેય મર્યાદિત વર્તુળોમાં ! હજી કવિએ ભાષાની તાકાતને પૂરી તાગી છે જ ક્યાં ? હજી પેલા છેવાડાનાં જણ સુધી એની વાત પહોંચી છે જ ક્યાં ? હજી એ છેવાડાનાં જણ 'વિશે' પણ એ કંઈ અનુભવતો-વિચારતો-સર્જતો થયો છે જ ક્યાં ?...તે 'નિરર્થકતા'નાં રોદણાં રડવાનાં હોય ?! પરિસ્થિતિ એવી આવીને ઊભી છે કે જેમને રોટલાની જરૂર હોય તેમને કેક પિરસવામાં આવે છે ને એ કેક પણ કદાચ લાકડાના વ્હેરની ! ખેર, આવે વખતે આ બુદ્ધિજીવી શબ્દસ્વામીઓ એવુંયે કહી બેસે કે ક્યાં છે જનતામાં ક્રાન્તિની ભૂખ ? કવિતાની ભૂખ ? - કૂવામાં હોય તો હવાડામાં આવે ને ?!... અલબત્ત, એ સાચું કે સમાજમાં પરિવર્તનગામી પરિબળો હોય, આંદોલનો હોય તો જ આંદોલનની કવિતા જનમે !... પણ સાથે સાથે એ પણ ભૂલવા જેવું નથી કે કવિતાએ આંદોલનોની આગાહી પણ કરી જ છે. વોલ્તેયર અને રૂસો ફ્રેન્ચ ક્રાન્તિના પુરોગામિઓ હતા, ટૉલ્સટોયના સાહિત્યમાં રૂસી વિપ્લવનાં બીજ સમાયેલાં હતાં. કવિતાએ ક્રાન્તિને દિશા પણ ચિંધી જ છે.

★ પણ આપણે ત્યાં ? કવિતામાં નિર્ભ્રાન્તિ અને વિ-તથતાની વાતોને અમે એટલે સુધી ખેંચી ગયાં કે નરી દુર્બોધતા અને અન-અર્થના 'ડેડ એન્ડ' સુધી પહોંચાડીને જ જંપ્યાં ! વિચારધારાભીરૂ, દિશાહીન, માત્ર શબ્દ ખાતર શબ્દને યોજવાનો વ્યાયામ કરનારા ભાષાવીરો અમે 'પોઈન્ટ ઓફ નો રિટર્ન' સુધી



પહોંચી જ ગયાં હતાં ! અમારે ને અમારી કવિતાને 'પીછે મુડ' કર્યા સિવાય છૂટકો જ નહોતો. આધુનિકતાનો, પ્રબુદ્ધતાનો એજન્ડા પૂરો કર્યા સિવાય જ અમે 'આધુનિકોત્તર' અને 'અનુઆધુનિક'ના આરે આવી ઊભાં !

★ આધુનિકતાની વિભિષિકા સામે લડવા-ટકવા અમારી પાસે જો વૈચારિક સજ્જતા ના હોય તો અમારે મોંઢાં સંતાડવા ને જાત બચાવવા અમારા કોશેટામાં પાછાં પૂરાઈ જવું જ બહેતર! અતીતાનુરાગ, તળપદી સંસ્કૃતિનું વળગણ, પ્રાચીન સંસ્કૃતિની ભવ્યતા, વારસાગત સમાજવ્યવસ્થાનો પુનઃમહિમા, ઈતિહાસ અને શાસ્ત્રોનું શરણું... આ નવેસરનો પલાયનવાદ છે જે ધસમસતા મૂલ્યહ્રાસ સામે ઝૂઝતાં નહિ પણ ઝૂકતાં શિખવાડે છે !

★ અહીં જરાક પૉરો ખાઈને ગુજરાતી માપની અનુઆધુનિકતાને ઓળખી લેવા જેવું છે : આપણે તળપદા સમુદાયોની જીવનશૈલીનાં સંશોધનો શરૂ કર્યાં, એમની બોલીઓમાં ગવાતા-સરજાતા વાઙમયનો સંગ્રહ ને પ્રસાર શરૂ કર્યો, બદલાતા સમાજપ્રવાહમાં, લગભગ નષ્ટપ્રાય થવા જતા નાના મોટા સમુદાયોના જીવનનું રંગદર્શી નિરૂપણ કરવાનું પસંદ કર્યું અને વિખંડિત સમાજરચનાને વધુ વિખંડિત કરે રાખે એવી પેરવીઓ શરૂ કરી. આ જ સમુદાયોની આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક વાસ્તવિકતાઓને પડકારવાનું કેમ પસંદ ના કર્યું ? માત્ર તળપદી બોલીઓમાં લખાતું થાય એટલે ધન્ય થઈ જવાનું ?- એ પૂર્વગ્રહથી તો આપણે સાતેક દાયકા પહેલાં જ મુક્ત થવા લાગ્યાં હતાં. ને ખૂબીની વાત તો એ છે કે મેઘાણી કે પન્નાલાલે પોતપોતાના તળપદ સમાજને લાંબે પટે આલેખ્યો ત્યારે એની વાસ્તવિક વિટંબણાઓ મૂકતાં ને એની સામે મુક્કી વિંઝતાં ક્યારેય ખચકાટ નહોતો અનુભવ્યો ! - તો પછી... આજનો આપણો આધુનિકોત્તર સર્જક પોતાના તળપદ સાથે કઈ 'નવી' રીતથી કામ પાડી રહ્યો છે ?! ઉલ્ટું, પ્રતિગામી મૂલ્યોને વધુ ને વધુ ઘૂંટતો થયો છે. આ પારોઠનાં પગલાં ભરતી કવિતા આપણને કયું કૌવત બક્ષવાની છે ?!

★ આ માહૌલમાં અનુઆધુનિકતાનાં પ્રતિનિધિ સમા બે સમુદાયોનું સર્જન પણ ઠીકઠીક પ્રમાણમાં સરજાયું છે - દલિત સાહિત્ય અને નારીવાદી સાહિત્ય. પોતાની સાથે જ પોતાના આગવા 'સૌન્દર્યશાસ્ત્ર'ના માપદંડો લઈને આવેલા આ પ્રકારના સાહિત્યની નેમ જો કે જુદી છેઃ 'સ્વીકૃતિ' ને 'સ્થાપના'. એમની વાતોમાં ને વાણીમાં વિદ્રોહ અચૂક છે પણ વર્ગીયચેતના ને આમૂલ પરિવર્તનની વાત એમને નથી કરવી ! એમનું નિશાન અલગ હોવાથી ને એમના બરના પરિવર્તનનો દાયરો નાનો હોવાથી એ પણ ક્રાન્તિની આછેરી ઝાંય બતાડીને ભયોભયો માની લે છે.

★ અનુઆધુનિકતાની સાથે જ 'દેશીવાદ'નો પુરસ્કાર શરૂ થયો છે. કવિતામાં તો એ રંગદર્શિતા વર્ષોથી વણાતી આવી છેઃ ગ્રામ્યપરિવેશના સૌન્દર્યાનુરાગના અતિરેકમાં. પણ સામ્પ્રત સમયને તાકતી ને કંઈક બળકટ બોલવા જતી એક યુગપ્રસિદ્ધ રચનાની વાત અહીં કરી લઉં તો મારું દૃષ્ટિબિંદુ કદાચ વધુ સ્પષ્ટ થાયઃ વાત છે 'સિંહવાહિની સ્તોત્ર'ની ! મિથ પ્રત્યેના પોતાના અત્યાનુરાગ માટે જાણીતા આપણા મોટા ગજાના કવિ, આજના બુદ્ધિજીવીને વિદ્રોહ માટે પ્રેરવા 'સ્તોત્ર'ની પરિભાષા પસંદ કરે છે ! 'સરસ્વતીવંદના' કરે છે ! આને એમની 'સમયસૂચકતા' કહીશું કે 'દિશાદર્શન' ?

★ સ્તોત્રની વાત સુધી પહોંચ્યાં જ છીએ તો જરા 'ફૉર્મ'ના અતિમહત્ત્વની વાત કરી જ લઈએ. અનુગાંધીયુગમાં, ગાંધીયુગના જ અગ્રણી કવિ છંદ તોડવાનું સાહસ કરે છે. દોઢ-બે દાયકા સુધી આધુનિક સંવેદનોના યોગ્ય વાહન તરીકે અછાંદસની વરણી ખાસી એવી થાય છે. વિવેચન, આકાર અને અંતસ્તત્ત્વના વિવાદમાં નવેસરથી ખાબકે છે. કવિતા આકારવાદી બનતી જાય છે અને નવું વિવેચન (તે સમયનું) એનો ખંગ વાળે છે ! કવિનું કર્મ માત્ર 'કરામત'માં જ ઇતિશ્રી અનુભવે છે. ભાષાની નવી નવી શક્યતાઓ તપાસવાનું કુતૂહલ અને વિવિધ સ્તરોના ભાષાવળોટ માત્ર 'પ્રયોગ ખાતર અજમાવાય' છે. 'શું કહેવાનું છે' - કરતાં 'કેવી રીતે કહેવાનું છે' - ની ચિંતાનો અતિરેક ઢગલાબંધ અકવિતા અને કુકવિતાને જન્મ આપે છે. ત્યારે વિવેચન ભાષાબાજી માટે બાપોકાર કરે છે પણ કદી નામ પાડીને કહેતું નથી કે કાંકરી ક્યાં ખૂંચે છે... કેમ કે આકારની તપાસમાં એય એટલું અંધ બની ગયું છે કે અંતસ્તત્ત્વ વિશે કશું બોલવું એને 'સૂઝે' તેમ જ નથી રહ્યું ! નવી પેઢીના કવિઓ માટે એક જ એજન્ડા બચે છે... આકૃતિ સૌષ્ઠવ !

★ સામે પક્ષે, પ્રયોગોમાં ન ફાવનારાં કે પછી બધાં જ 'હથિયાર' વાપરવાની 'હુંશિયારી' ધરાવતાં કવિઓ છાંદસ, ગીત કે ગઝલોનો અતિરેક માંડી બેઠાં છે. પ્રાચીન-મધ્યકાલીન શૈલીવેડામાં રાચતા બેઠાં છે. આકારની ને ભાષાની સફાઈની આખી વિભાવનાએ કવિતાને 'કોરી કડાક' કરી મૂકી છે.... ત્યારે 'સિંહવાહિની' જેવું સ્તોત્ર જરૂર માઈલસ્ટોનનું મહત્ત્વ લઈને આવે છે... પણ... એની રાજનીતિ પ્રતિગામી છે, ક્રાન્તિવિરોધી છે એમ અચૂક કહેવું ઘટે છે. આ અનુઆધુનિકતા, આ દેશીવાદનો સાહિત્યમાં પુરસ્કાર આપણને ક્યાં લઈ જશે ? ખરેખર, આપણને શંકા થવી જોઈએ કે આપણી આસપાસના અંધકારને 'જૈસે થે' રાખીને ચલવી લેનારી જ નહિ; આ ગતિ તો એ અંધકારને દ્વિગુણિત બનાવનારી દેખાય છે.



★ આવા માહોલમાં અજવાળું શોધવા આઘે આઘે નીકળવું પડે એમાં ખોટું શું છે ? હા, સમયે સમયે આપણે અજવાળું શોધવા નીકળવું જ પડ્યું છે. અલબત્ત, એમાં પણ ગુજરાતી અનુવાદકની પસંદગીનાં ધોરણો પેલી જ પરંપરાને અનુસરે છે. એ જ સૌન્દર્યાનુરાગ, તટસ્થતા અને કહેવાતી ચિરંતન કવિતાના વ્યામોહમાં આપણે બહુબહુ તો રવીન્દ્રનાથ પાસે પહોંચ્યાં છીએ; પણ એ જ બંગાળી ભાષાના ક્રાન્તિકારી કવિ નઝરૂલ ઈસ્લામને આઘા રાખ્યા છે ! 'રવીન્દ્ર - સંગીત' આપણે ત્યાં 'ફેશન' બની રહે છે પણ 'નઝરૂલગીતિ'નું નામ કોઈ નથી જાણવા પામ્યું ! પેલા 'યુદ્ધોત્તર-યુદ્ધોત્તર'ના રટણ દરમ્યાન 'વિદેશિની' ને 'પરકીયા' કવિતાના રૂપે નેરૂદા, લોર્કા, બ્રેખ્ત, યેવતુશેન્કો... બધાનાં નામ ફંગોળાતાં ગયાં હતાં પણ એમની વિચારધારા અને એમની ક્રાન્તિકારી સક્રિયતાની વાસ્તવિકતાનાં કવચકુંડળ ઉતરડીને ! ખાસ ચોક્કસ રીતે થયેલાં આવાં અનુવાદો અને રૂપાંતરો-કવિતાનાં ને નાટકોનાંય તે - આપણી પરિવર્તનભીરૂતા અને રુચિદાસ્યની જ ધજાઓ ફરકાવે છે ! પંજાબને આપણે 'અમૃતા પ્રીતમ'ના નામે ઓળખીએ છીએ; જ્યાં માત્ર વ્યક્તિગત બંડખોરીની ટૂંકી નજરને ટાઢક મળે છે ! બહુબહુ તો ખુશવંતસિંહનું નામ આપણે સાંભળ્યું છે; પણ નવી પેઢીમાં ભાગ્યે જ કોઈને ખબર હશે કે અખબારો અને ટી.વી.માં ખટમીઠી વાતો કરનારા આ 'સરદારજી'એ 'ટ્રેન ટૂ પાકિસ્તાન' જેવી શકવર્તી નવલકથા પણ લખી છે ! જરાક જુદી રીતે વાત કરીએ તો, આપણા વર્તમાન શાસકોની મહેરબાનીથી કદીક 'દાઢી-પાઘડીવાળા' ભગતસિંહ પણ પંજાબના હતા એવું જાણવા મળતું રહે છે ! એ ભગતસિંહ-જેમણે પોતાના રાજનૈતિક જીવનના આરંભમાં જ એ સાંપ્રદાયિક ચિહ્નો છોડી દીધેલાં અને યુવાવયે જ 'વ્હાય આઈ બિકેમ એન એથેઈસ્ટ' જેવો નિરીશ્વરવાદનો મેનિફેસ્ટો પણ લખેલો !.. પણ આ બધું આપણા સુધી આણે કોણ ?! ને કોઈ આણવા ચાહે તો આણવા દે કોણ ?!

★ આવી હાલતમાં જગમોહન જોષી, પદ્દા કે પાશના પંજાબને પિછાણવાની તો પડી જ કોને હોય ?! આ ક્રાન્તિધર્મી કવિઓ માત્ર કવિતાનાં શસ્ત્રથી જ નહોતા લડતા; શાસન સામે અને કટ્ટરપંથી આતંકવાદીઓ સામે એક સરખી લડત આપતા હતા. શબ્દે અને જીવાતા જીવન વચ્ચે એમણે કાચનીયે દીવાલ નહોતી રાખી ! શાસન અને કટ્ટરપંથીઓને ધ્રૂજાવવાની, હચમચાવવાની નેમ અને હિંમત હતી એમની કવિતામાં. જે સમયગાળામાં શબ્દની શક્તિનો આવો ઈતિહાસ રચાઈ રહ્યો હતો ત્યારે અમે-આપણાં ગુજરાતી કવિઓ કાં તો કોરા કાગળમાં બૂમબરાડા કરી રહ્યાં હતાં, કાં તો ભાષાબાઈ નામની છપ્પછુરિની

છમછમના તાલે નાચી રહ્યાં હતાં કે પછી ગીત-ગઝલના લયના કેફમાં લુડકી રહ્યાં હતાં !

★ ગમે તે હોય, આંધી આવવાની હોય તો આવતી જ હોય છે અને એની સામે ઝૂઝનારાં કદી મ્હાત થવાનું પસંદ નથી કરતા. અહીં એવા જ કવિની પસંદગી કરવામાં આવી છે જેણે હૂંફાળો માળો બાંધવાનું છોડીને સૂરજ સુધી પહોંચવાનું પસંદ કર્યું છે, પેલા 'બાજપક્ષી'ની જેમ ! અહીં પાશની પસંદગી બહુ જાગ્રતપણે ગુજરાત અને ગુજરાતીના આ માહૌલને હલબલાવવા માટે થઈ છે. પાશ અને તેની કવિતા આજે આપણે માટે જેટલાં પ્રસ્તુત છે તેટલાં કદાચ ક્યારેય નહોતાં. કહેવાતા વૈશ્વીકરણનો બનાવટી ઝળહળાટ, ભૌતિકવાદ ભણી આંધળી દોટ, એક તરફ વકરેલો મૂડીવાદ અને બીજી તરફ વધતી જતી બેકારી-ગરીબી, સડેલાં સામંતી મૂલ્યોની બદબો, ધર્મ અને રાજકારણની સાઠગાંઠ, લોકતાંત્રિક તાનાશાહી, ભ્રષ્ટ સત્તાખોરી, પોલિસ-દમન, પોકળ ન્યાયતંત્ર અને અર્થહીન સંવિધાન, વર્ણભેદનો વિકૃત રોગચાળો, સ્ત્રી-પુરુષ અસમાનતા, અસમતોલ ને અન્યાયી વિકાસ, તૂટતાં ને તૂટેલાં ગામડાં, હાંફતાં-હચમચતાં શહેરો, પેલી તરફ બેહાલ-નિરક્ષર-અંધવિશ્વાસુ માનવસમાજ... આ અંધારાંની વચ્ચે આપણને અજવાળાંનો ખપ છે, આપણને કવિતાનો ખપ છે કેમ કે, આપણને ક્રાન્તિનો ખપ છે. આ અજવાળું અમને દેખાયું છે પાશની કવિતામાં; કેમ કે અંધકાર વચ્ચે જીવતા કવિનું દાયિત્વ એ સમજે છે :

मेरे शब्द उस दिये में
तेल की तरह जलना चाहते हैं
मुझे कविता का इससे अच्छा उपयोग नहीं पता

પોતાના સમય અને સમાજ સામે ટક્કર ઝીલતી, મૂલ્યો અને માપદંડો બદલવા ઝૂઝતી, રાજનૈતિક સંપ્રજ્ઞતા, વૈચારિક પ્રતિબદ્ધતા અને સીધી સંડોવણીનું જિગર લઈને આવતી આ કવિતા મારી / અમારી, તમારી ને આવતી કાલનાં સર્જકોની પેઢીને અજવાળાં આપવાની જ નહીં; અજવાળાં ઉતારવાની ઊર્જા ભણી અણસારો આપનારી બને એવી છે.

★ આ બળકટ કવિતાને ગુજરાતીમાં લાવનાર હિરેન ગાંધી પણ આવો જ એક પારકી છઠ્ઠીનો જાગતલ જીવ છે. પોતાના-અમારા-આપણા લોહીલુહાણ વર્તમાન સામે સીનો તાણીને ઊભાં રહેવાનું, સતત ખપતાં રહેવાનું ને ખમતાં રહેવાનું એણે પસંદ કર્યું છે. મૂળે રંગકર્મી એવા આ ક્રાન્તિધર્મીને મન અભિનય, નાટ્યપ્રવૃત્તિ કે કવિતા... તમામ માધ્યમો ક્રાન્તિનાં, સંઘર્ષનાં શસ્ત્રો છે. 'સંવેદન



સાંસ્કૃતિક મંચ'ની નાટ્યનિર્માણ, કવિતા પ્રકાશન, કાવ્યવાચન... જેવી તમામ પ્રવૃત્તિઓને હિરેને શિક્ષિત મધ્યમવર્ગથી માંડીને ઠેઠ તળિયાના સમાજ સાથેના પરિવર્તનલક્ષી સંવાદના રૂપે જ પ્રયોજી છે-પ્રમાણી છે. રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક આંદોલનોમાં પોતાની વિચારધારા લઈને એ સતત સંડોવાતો રહ્યો છે, અઢી અઢી દાયકાની અમારી બિરાદરીનું ઘરાણું સંઘર્ષ અને ક્રાન્તિનું છે, યુયુત્સાનું ને જિજિવિષાનું છે.... જે કવિ પાશનું છે. પાશની રચનાઓનો અનુવાદ હિરેન માટે દાયિત્વ પ્રેરિત અધિકાર બને છે.

★ આપણે ત્યાં અમથું અમથુંયે કહેવાયા કરતું હોય છે કે જે કવિતામાં લોહીનો લય સંભળાય તે જ સાચી કવિતા. પાશની રચનાઓનો આ અનુવાદ વાંચીને સાચા અર્થમાં લોહીનો લય અનુભવાયો છે. હિરેન માત્ર નિસબત સાથે જ નહિ; જહેમત સાથે પણ આ કવિતા પાસે જાય છે. અનેક લેખન, પુનર્લેખન અને વિચારણાઓ પછી આખરી રૂપ પામેલી આ રચનાઓ ભલે ત્રણ ચાર વર્ષે સૂરજનું અજવાળું જોવા પામી હોય; પણ મને વિશ્વાસ છે કે, આજની તારીખની એની પ્રસ્તુતતા આ વિલંબનો વસવસો નહિ રહેવા દે. પરંપરા સામે, પૂર્વજપેઢી સામે, સંકીર્ણ સાહિત્ય વિભાવના સામે સતત ઊહાપોહ ઉઠાવનારા અને નવા માપદંડોની ખોજ અને નિર્માણ માટે સતત સક્રિય રહેનારા હિરેન માટે પાશની કવિતા નૉળવેલ સમી છે. એ ઇચ્છે છે કે આ રચનાઓ આપણને પહેલાં તો સંઘર્ષ માટે ઉદ્યત કરે, સતેજ કરે ને છેવટે આપણાં સૌને માટે પણ નૉળવેલ બની રહે.

ડૉ. સરૂપ ધ્રુવ

# જો એમ ન કરીએ તો અમે અને આપણે ગુનેગાર છીએ

*[અનુવાદક-સંપાદકનું નિવેદન]*

હું કલાકાર નથી, કારીગર છું. જનવાદી ક્રાંતિ પ્રત્યે પ્રતિબધ્ધતા કેળવવા મથતો કારીગર. અલબત્ત, સરૂપ ધ્રુવના સતતના સથવારાએ કલાનો કક્કો શીખવ્યો છે, પરંતુ મારામાંના કારીગરે હંમેશા એને મારી અંગત અથવા જનવાદી રાજનીતિની જરૂરિયાતોના સંદર્ભે સાધન કે શસ્ત્ર બનાવીને ઉપયોગમાં લીધો છે.

સ્પષ્ટ છે, અનુવાદો પણ મારી જરૂરિયાતોએ મારી પાસે કરાવ્યા છે. પાશનાં કાવ્યોનો અનુવાદ કરવા મારી રાજનૈતિક નિસ્બતે મને, મારી આવડત-અણઆવડતનો વિચાર કરવા દીધા વિના જ ઉશ્કેરેલો. નોંધવું જોઈએ કે - કવિતાના અનુવાદનું મારું આ પ્રથમ સાહસ છે.

કવિતા-ક્વચિત્ મારી અભિવ્યક્તિનું માધ્યમ રહ્યું છે. ૧૯૭૫માં મારી અભિનયક્ષમતા મને 'હોટેલ પોએટ્સ'માં લઈ ગયેલી. ત્યાં કવિતાનો ચાળો અને થોડી ભાષાબાજી શીખેલો. પરંતુ અભિવ્યક્તિના માધ્યમ તરીકેની એની સાર્થકતાનો નક્કર અનુભવ તો સાંસ્કૃતિક-રાજનૈતિક કાર્યકર્તા તરીકેના વળાંકો અને ગૂંગળામણોએ કરાવ્યો.

પંજાબની સમૃધ્ધ ધરતી અને સંસ્કૃતિના ગર્ભમાંથી જન્મેલા અને નક્સલબારી આંદોલનના રસ-કસથી કસાયેલા કવિ પાશની કવિતાનો અનુવાદ કરવાનો પડકાર ખરેખર જટિલ હતો. વળી એમાંયે મૂળ પંજાબી કાવ્યોના હિન્દી અનુવાદનો ગુજરાતી અનુવાદ. જાણું છું, ધૃષ્ટતા કહેવાય. કલાના સ્થાપિત બંધારણ પ્રમાણે ગંભીર ગુનો ગણાય. અને છતાં એ ગુનો આચર્યો -જાણીજોઈને, સમજી વિચારીને.

અન્ય ભાષાની કવિતાના અનુવાદ ક્ષેત્રે ગુજરાતી સાહિત્ય સાવ વાંઝિયું નથી. પણ જનવાદી ક્રાંતિકારી સાહિત્ય પ્રત્યેની એની દાઝ, સૂગ અને મીંઢું મૌન એના સ્થાપિત હિતોના સાંસ્કૃતિક કાવતરાની કાયમી ચાલ બની ચૂક્યાં છે. જનવાદી સાહિત્ય અને સંસ્કૃતિના આંદોલનનાં સિપાઈ તરીકે અમે સાથીઓ



દઢપણે માનીએ છીએ કે : **દેશ અને દુનિયાના જનવાદી ક્રાંતિકારી સાહિત્યને ગુજરાતીમાં અનુવાદિત-રૂપાંતરિત કરવું જ જોઈએ; જો એમ ન કરીએ તો અમે અને આપણે ગુનેગાર છીએ - સર્વહારા વર્ગનાં અને સાહિત્ય-સંસ્કૃતિના ક્ષેત્રે આવનારી પેઢીઓનાં.**

પાશ માટે ક્રાંતિ અને કવિતા, જીવન અને મૃત્યુની સાર્થકતાનાં કારણો હતાં; અને એટલે જ એમનાં તમામ કાવ્યો-પ્રકાશિત, અપ્રકાશિત, અધૂરાં, આંશિક - માંથી પસાર થઈએ ત્યારે લાગે કે - પોતાની અંદર પળવાર માટે ઊગીને આથમી જતાં સંવેદનોને પણ 'કેવું લાગશે?', 'આવું લખાય ?' એવી કોઈ જ પરવા કર્યા વિના કવિતાના સ્વરૂપમાં ઢાળ્યાં છે.

સંપાદન-કાર્યમાં સૌથી મહત્ત્વનો છે - દૃષ્ટિકોણ; મૂળ સર્જકનો અને સંપાદકનો - બંનેનો. આ સંગ્રહના સંપાદનકાર્ય સંદર્ભે મેં અને મારાં સાથીઓએ અપનાવેલ દૃષ્ટિકોણ આ પ્રમાણે હતો :

**૧. પાશના કાવ્ય-વિશ્વનું એક સુરેખ ચિત્ર ઉપસાવવું.**

**૨. ગુજરાતના સાંસ્કૃતિક-રાજનૈતિક પૂર્વગ્રહોને કેન્દ્રમાં રાખી કાવ્યોની પસંદગી કરવી; જેથી જનવાદી ક્રાંતિ વિશેના કેટલાક ભ્રામક ખ્યાલોનું નિરસન કરી શકાય અને કેટલીક ગેરસમજોને ટાળી શકાય.**

પાશની તમામ કવિતા હિન્દીમાં અનુવાદિત અને પ્રકાશિત થયેલ છે. જેના વિશે આ સંગ્રહમાં વિગતો આપેલ છે. પાશની કવિ તરીકેની સંપૂર્ણ છબિને તપાસવા માટે એ પ્રકાશનો આપને ઉપયોગી થઈ પડશે.

આ સંગ્રહને સાત વિભાગમાં વહેંચ્યો છે.

**વિભાગ : ૧ : 'આપણે લડીશું સાથી'**

જનવાદી ક્રાંતિની અનિવાર્યતા પૂરવાર કરતાં, એને હાકલ કરતાં અને શોષણ, અન્યાય અને અસમાનતાને પોષતી સ્થાપિત વ્યવસ્થા સામે વિદ્રોહનું આહ્વાન કરતાં કાવ્યો આ વિભાગમાં છે. આ ઉપરાંત, જનવાદી ક્રાંતિની વિચારધારા અન્વયે પંજાબના આંતકવાદીઓનો વિરોધ કરતાં કાવ્યો પણ આ જ વિભાગમાં સમાવ્યાં છે.

**વિભાગ : ૨ : 'સમય ઓ ભાઈ સમય'**

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીના બીજા, ત્રીજા અને ચોથા દાયકા દરમિયાન આપણા દેશ અને સમાજવ્યવસ્થાની વાસ્તવિકતાઓને તાદૃષ્ય કરતાં કાવ્યો આ વિભાગમાં

છે. જેમાં આમ જનતાની પીડા, મથામણો, લાચારી અને જીવવાના સંઘર્ષને વાચા આપવાનો સૂર મુખ્ય છે.

**વિભાગ : ૩ : 'બે ને બે ત્રણ'**

મૂડીવાદી (બુર્ઝ્વા) લોકશાહી વ્યવસ્થાની પોકળતા, એની ભ્રમજાળમાં અટવાયેલો માનવી અને માનવ-સભ્યતા તથા સંસ્કૃતિના સંદર્ભે લખાયેલ કાવ્યોને સમાવતા આ વિભાગમાં તિર્યક્તા, કટાક્ષ અને પડકારનો સૂર મુખ્ય છે.

**વિભાગ : ૪ : 'જંગલથી ગામને નામ સંદેશ'**

ક્રાંતિના કવિ અને કર્મશીલ - બંને ઉપર શાસનવ્યવસ્થાની તલવાર હંમેશા તોળાયેલી જ રહેતી હોય છે. પાશ તો વળી કવિ અને કર્મશીલ બંને. આથી સ્વાભાવિક છે કે - એણે જેલવાસ ભોગવવો પડ્યો હોય. પાશના ક્રાંતિકારી મિજાજ અને દર્શનનો અંદાજ મળે એ હેતુથી જેલવાસ દરમિયાન એણે લખેલ કાવ્યોને આ અલગ વિભાગમાં મૂક્યાં છે. અલબત્ત, વિષયવસ્તુની દૃષ્ટિએ આ કાવ્યો અન્ય વિભાગોમાં પણ વર્ગીકૃત કરી શકાયાં હોત; પરંતુ ગુજરાતના સંદર્ભમાં અમને આ કાવ્યોનો અલગ વિભાગ કરવો યોગ્ય લાગ્યો.

**વિભાગ : ૫ : 'જિંદગી અને મોત'**

એક જનપક્ષી ક્રાંતિકારી અને સમાજના તળિયે જીવતો આમ આદમી - આ બંનેની જિંદગી અને મોતને પાશે જે દૃષ્ટિકોણથી વ્યક્ત કર્યાં છે - એનો ખ્યાલ આપતાં કાવ્યોને આ વિભાગમાં મૂક્યાં છે.

**વિભાગ : ૬ : 'શબ્દ, કલા અને કવિતા'**

કલા, કલાકારો અને સ્થાપિત/સ્વીકૃત સૌંદર્યશાસ્ત્ર વિશે સર્જાયેલાં કાવ્યોનો આ વિભાગ છે. મુખ્યત્વે આ કાવ્યો, સ્થાપિત કલા અને કલાકારોને સીધાં ઉદ્દેશીને લખાયેલ છે.

**વિભાગ : ૭ : ' ચકલીનો માળો'**

ગામ અને સમાજની સ્ત્રીઓ - જે માતા, પ્રિયતમા, પત્ની, બહેન કે પ્રેરણા, હૂંફ, સથવારો બનીને પાશની નજર સામે આવે છે. એમની સ્થિતિ અને એમના પ્રત્યેનાં સંવેદનોને વ્યક્ત કરતાં કાવ્યો આ વિભાગમાં છે.

***અગત્યની નોંધ* : દરેક કાવ્યની નીચે મૂકાયેલ હિન્દી કાવ્યસંગ્રહનું નામ એ સૂચવે છે કે, એ કાવ્ય એ સંગ્રહ/સંગ્રહોમાંના અનુવાદને આધારે ગુજરાતીમાં અનુવાદિત કરાયેલ છે.**



# કવિ તરીકે પાશનો જન્મ એક આંદોલનના ગર્ભમાંથી થયો હતો

*[પાશ વિશે કેટલાંક અવતરણો]*

★ "પાશનું નામ સંપૂર્ણ સમકાલીન ભારતીય કાવ્ય-સાહિત્યના વાતાવરણનો એક અભિન્ન હિસ્સો બની ચૂક્યું છે. એમની કવિતાના રંગ અને મિજાજ આજે પણ એટલા જ તરોતાજા છે, જેટલા એ એના જન્મ સમયે હતા. એમની કવિતાનો જન્મ એક જબરદસ્ત ઉથલપાથલના ગર્ભમાંથી થયો હતો. કવિ તરીકે પાશનો જન્મ એક આંદોલનના ગર્ભમાંથી થયો હતો. તેઓ વિચારશીલ રાજનૈતિક કવિ માત્ર જ નહોતા, સક્રિય રાજનૈતિક કાર્યકર્તા પણ હતા. આ પ્રકારના કવિના માથે કેટલાંક જોખમો હંમેશા તોળાતાં હોય છે. એનાથી બચવા કવિ પાસે સાર્થક (રાજનૈતિક) ચેતનાની સાથે સાથે ઊંડી કલાત્મક ચેતના પણ હોવી જરૂરી છે; એટલું જ નહીં, આવા કવિની અંદર કલા વિશેનો પોતાનો આત્મસંઘર્ષ પણ હોવો જરૂરી છે. પાશની કવિતા એ વાસ્તવિકતાનો પુરાવો છે કે - એમની અંદર એક મહાન કલાકાર માટે અનિવાર્ય બની રહેતો મૂળગત આત્મસંઘર્ષ સતત જીવંત રહ્યો હતો, જે એમનાં સંવેદનોની સંરચનાને, વૈચારિક પ્રતિબધ્ધતાને અને એ બંને વચ્ચેના આંતર્‌સંબંધોને નિરંતર તપાસતો, તોળતો રહેતો હતો."

**કેદારનાથ સિંહ**

*[પાશની કવિતા : 'લોઢા અને રેશમના તારથી ગૂંથાયેલ એક દુનિયા' લેખમાંથી]*
*['સમય ઓ ભાઈ સમય' સંગ્રહમાંનો પ્રસ્તાવના સ્વરૂપ લેખ]*

★ "સ્પેનના લોકકવિ લોર્કાની હત્યા સંબંધે કહેવાય છે કે - જ્યારે એની અમર કવિતા 'એક બુલફાઈટરના મોત પર શોકગીત'ની ટેપ જનરલ ફ્રેંકોને સંભળાવવામાં આવી ત્યારે તરત જ જનરલે હુકમ કર્યો: 'આ

અવાજને હંમેશ માટે ખતમ કરી નાખો.' આ ઘટના આશરે પચાસેક વર્ષ પહેલાંની છે. કવિતા ઉપર, પછી એ શોકગીત પણ કેમ ન હોય- ફાસીવાદી પ્રતિક્રિયા ! પાશના રૂપમાં પંજાબને પણ એક લોર્કા મળ્યો હતો; જેના અવાજને ખાલિસ્તાની ઝનૂને ગૂંગળાવી નાખ્યો; અને ત્યારે - પાશ પણ યોગાનુયોગે સાડત્રીસ વર્ષનો યુવાન હતો, લોર્કાની જેમ જ, લોર્કા જેવડો જ ! પાશના હત્યારાઓએ પણ શું લોર્કાની કવિતા વાંચી હશે ?''

......................

''પાશ એક ખતરનાક કવિ તો હતો જ (એની) વારંવારની જેલયાત્રાઓ અને પોલિસ યંત્રણાઓ એ હકીકતની સાબિતી છે; પરંતુ એ એટલો ખતરનાક નહોતો કે, એનો અવાજ હંમેશ માટે બંધ કરી દેવામાં આવે. સરકાર સાથેની 'સંતાકૂકડી'ની રમતમાંથી 'ગીત જેવી જિંદગીના એ તરવરિયા આશિકે' ગમે તેમ કરીને અઢાર વર્ષનો સમય છીનવી લીધો હતો. અલબત્ત, એ અઢાર વર્ષના ગાળામાં - આરામથી કવિતા 'રચવા'ની થોડીક પળો એને ભાગ્યે જ મળી હશે. છતાં પણ એણે સવાસો જેટલી કવિતાઓ લખી, જેમાં એવી ઘણી કવિતાઓ છે જે માત્ર પંજાબી કવિતાના જ નહીં, સમગ્ર ભારતીય કવિતાના ઈતિહાસમાં નિર્વિવાદપણે સુવર્ણાક્ષરે ઝળહળતી રહેશે.''

**નામવર સિંહ**

*['પંજાબી લોર્કા' લેખમાંથી]*
*['બીચ કા રાસ્તા નહીં હોતા' સંગ્રહમાંનો પ્રસ્તાવના સ્વરૂપ લેખ]*

★ ''પંજાબી કવિતા પોતાના પ્રારંભબિંદુથી જ જનપક્ષી, અગ્રગામી, અત્યાચાર વિરોધી અને શોષિતો-પીડિતોની પક્ષધર બનીને મુક્કાની માફક હવામાં વિંઝાતી રહી છે. એણે કદી રાજદરબાર સામે હાથ નથી જોડ્યા. પોતાની જનપક્ષી પ્રકૃતિના કારણે એ હંમેશા પ્રગતિશીલ રહી છે. એની પ્રગતિશીલતાએ આધુનિક યુગમાં માર્ક્સવાદી જીવનદર્શન સાથે પ્રતિબધ્ધતા કેળવીને પ્રગતિવાદી કવિતાનું રૂપ ધારણ કર્યું છે. નિર્વિવાદપણે આ જ સમકાલીન કવિતાનો મુખ્ય સૂર છે.

જો કે, આ પ્રગતિવાદી કાવ્યપ્રવાહમાં પણ બંધિયારપણું આવવા માંડેલું અને એ રાજનૈતિક ક્ષેત્રે આવેલી શિથિલતાને કારણે આવવા માંડેલું; પરંતુ જેવો રાજકીય તખ્તા ઉપર નક્સલબારીની લહરનો 'વાસંતી વીજ ઝબકાર' થયો



અને એની સાથે જ એ 'ઝબકાર'ને અનુરૂપ કવિતાનો જન્મ થયો. અને તેથી જ, નક્સલવાદી પ્રવાહની કવિતા પ્રગતિવાદી કવિતામાંથી જ જન્મી, છતાં એની પ્રકૃતિ થોડી અલગ હતી. એ પ્રવાહની કવિતાઓ મુખ્ય બે ધરીની આસપાસ ઘૂમતી રહી. એક - આપણો પરિવેશ જીવવા લાયક નથી; અને બે-એ પરિવેશને બદલવા માટે સંઘર્ષ અનિવાર્ય છે. આ કવિતાઓ પ્રવર્તમાન સ્થિતિ-સંજોગ સામેના સંઘર્ષના અનુભવની અભિવ્યક્તિ છે. એ કાવ્યપ્રવાહે બુર્ઝ્વા (મૂડીવાદી) સૌંદર્ય-માપદંડોને ઊલ્ટાવીને પ્રોલેટેરિયેટ (સર્વહારા વર્ગના) સૌંદર્ય-માપદંડોને સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો. કવિતાને કૉફી હાઉસીઝ/ક્લબોની ચુંગાલમાંથી મુક્ત કરીને ફરીથી ખેતરો/મિલોમાં રોપી. બહેતર જિંદગી માટેના સંઘર્ષના જોમવંતા આક્રોશને સાંસ્કૃતિક ચોખંડામાં ગોઠવીને કાવ્યની પરિભાષાને પુનઃવ્યાખ્યાયિત કરવાનો પ્રયત્ન કર્યો.

પાશ આ નક્સલવાદી કાવ્યપ્રવાહનો પ્રતિનિધિ કવિ હતો. એણે સશસ્ત્ર ક્રાંતિની સાર્થકતાનું દર્શન કરાવ્યું. એણે જિંદગી જીવવાની રુચિ અને ઉમંગોને પોતાની કવિતાનો વિષય બનાવ્યો. યુગકવિ પાશ ખરા અર્થમાં 'ખેતરનું સંતાન' હતો, જે પોતાના અંત સુધી જૂઠી પ્રતિષ્ઠા અને દંભી મૂલ્યો સામે ઝૂઝતો રહ્યો.''

**સુભાષ પરિહાર**

*['હમ લડેંગે સાથી' સંગ્રહના પ્રસ્તાવના સ્વરૂપ લેખમાંથી]*

★ ''પાશ - નામ કાને પડતાં જ એક વિશિષ્ટ કવિની છબિ આંખ સામે તરવરવા માંડે છે; એક એવો કવિ-જેની કવિતામાં પંજાબની ધરતીની સુગંધ તો સાફ સૂંઘી શકાય છે, પરંતુ એ સુગંધની સાથે જ એનું વિશ્વની પ્રગતિશીલ ક્રાન્તિકારી કવિતા સાથેનું તાદાત્મ્ય પણ અચૂક અનુભવી શકાય છે. એ એક એવો કવિ હતો જેણે વિશ્વના ક્રાંતિકારી સાહિત્યની પરંપરામાંના કલમ અને કર્મશીલતાના સંગમસ્વરૂપ પ્રવાહમાં પોતાની જાતને વહેવડાવી દીધી અને આ રીતે તેણે નાઝિમ હિકમત, કૉડવેલ, રાલ્ફ ફૉક્સ, ફૈઝ અહમદ ફૈઝ, પાબ્લો નેરૂદા જેવા તમામ સાહિત્યકારોની હરોળમાં પોતાનું નામ સામેલ કરી દીધું - જેમણે પોતાની કલમમાંથી ફૂટતા શબ્દો ઉપર કદી કોઈ પ્રકારની કાતર નથી ચલાવી લીધી. પોતાના શબ્દો માટે જે કિંમત ચૂકવવી પડી તે દર વખતે ચૂકવી. એ કિંમત શારીરિક કે

માનસિક યંત્રણાથી આગળ વધીને જો આત્મબલિદાનની હતી, તો પાશે એનો પણ સ્વીકાર કર્યો."

**['સમય ઓ ભાઈ સમય' સંગ્રહમાંના પાશ વિશેના પરિચયાત્મક લખાણમાંથી]**

★ "પાશની કવિતા આપણી ક્રાંતિકારી કાવ્ય પરંપરાની અત્યંત પ્રભાવક અને સાર્થક અભિવ્યક્તિ છે. મનુષ્ય દ્વારા મનુષ્યના શોષણ પર આધારિત વ્યવસ્થાનો નાશ અને વર્ગવિહીન સમાજની સ્થાપના માટે ચાલતા જનસંઘર્ષોમાં એમની પક્ષધરતા એકદમ સ્પષ્ટ છે. વળી એ ન તો એકાયામી છે ન એકપક્ષી. એમની નિસ્બતમાં એ બધું જ સામેલ છે જે પ્રગતિશીલ કાવ્ય-મૂલ્યો માટે આપણે ત્યાં મોટે ભાગે વિજાતીય (અસ્પૃશ્ય) મનાતું રહ્યું છે."

★ "લોકજીવનમાંથી ઊર્જા ગ્રહણ કરવા છતાં આ કવિતા (પાશની કવિતા) પ્રત્યાઘાતી આસ્થાઓ અને વિશ્વાસોને લક્ષિત કરવાનું ચૂકતી નથી અને તેને પુનઃસંસ્કારિત કરવાની પ્રેરણા પણ આપે છે. એ એવા તમામ વળાંકો ઉપર આપણને સાવધ કરે છે જ્યાં પ્રત્યાઘાતી જોખમો મોજૂદ હોય છે; પછી એ જોખમો પ્રવર્તમાન રાજકારણમાંથી પેદા થયેલા હોય કે ધાર્મિક સંકુચિતતામાંથી; વળી આમ કરતી વખતે આ કવિતા એવી પ્રત્યેક વ્યક્તિ સાથે સંવાદ સાધતી રહે છે જે આવતીકાલે જનતાના પક્ષે ઊભા રહેવાની સંભાવના ધરાવે છે."

**["બીચ કા રાસ્તા નહીં હોતા' સંગ્રહમાંના પાશ વિશેના પરિચયાત્મક લખાણમાંથી]**

★ "૨૩ માર્ચ, ૧૯૮૮ ના રોજ પાશ પણ પોતાના પ્રિય શહીદ ભગતસિંહના રસ્તે ચાલી નીકળ્યા અને એ ઐતિહાસિક તારીખને એમણે રાજનીતિ અને સંસ્કૃતિના સંગમની મ્હોર લગાવી દીધી. ભગતસિંહ ૨૩ માર્ચ, ૧૯૩૧ના દિવસે દેશના સ્વાતંત્ર્ય આંદોલનની વેદી પર શહીદ થયા હતા. તેઓ મુખ્યત્વે એક રાજનૈતિક કાર્યકર્તા હતા, પરંતુ એમની સાહિત્યિક સૂઝ-સમજ બિલકુલ સ્પષ્ટ હતી. પાશ પ્રકૃતિથી સાંસ્કૃતિક કાર્યકર્તા હતા, પરંતુ સાથે સાથે એમની રાજનૈતિક સમજ ખાસ્સી સ્પષ્ટ હતી. બંનેની શહીદીની એક જ તારીખે એમની શહીદીઓને પંજાબની પરંપરામાં એક સાથે લાવી મૂકી દીધા. અલબત્ત, બંનેની શહીદી વચ્ચે ૫૭ વર્ષનો ગાળો છે, પરંતુ શહીદી પાછળનું મૂળગત કારણ એકસમાન



છે - બંનેની માનવતાવાદી અને ક્રાંતિકારી વિચારધારા. પાશની શહીદીએ એક હકીકત નિર્વિવાદપણે પુરવાર કરી દીધી-માનવમૂલ્યો માટેના વ્યાપક સંઘર્ષમાં સાંસ્કૃતિક કાર્યકર્તા પણ એવો જ યોદ્ધો છે, જેવો રાજનૈતિક કાર્યકર્તા. રાજનીતિ અને સંસ્કૃતિને માનવમૂલ્યોના સંઘર્ષમાં અલગ ન પાડી શકાય. ૨૩ માર્ચ ભગતસિંહ અને પાશને એકસાથે યાદ કરતી વખતે આ જ સંદેશ આપણી સાથે સતત તરવરતો રહેશે."

**ડૉ. ચમન લાલ**

*['પાશની કાવ્યયાત્રા' લેખમાંથી]*
*['બીચ કા રાસ્તા નહીં હોતા' સંગ્રહમાંથી]*

## સંવેદન સાંસ્કૃતિક મંચ ઋણી છે :

પાશ મેમોરિયલ આંતરરાષ્ટ્રીય ટ્રસ્ટ, પંજાબ લોક સભ્યાચારક મંચ, લોક કલા મંચ (મુલ્લાપુર, જિ. લુધિયાણા) અને ડૉ. ચમન લાલ.

★ **આ સંપાદન - અનુવાદની પ્રક્રિયાનાં સહયોગીઓ છે :**

ડૉ. સરૂપ ધ્રુવ, ડૉ. રવિ સિંહા, મયંક ઓઝા, ડૉ. વેલુ, ઇશ્વરભાઇ પ્રજાપતિ કંવલજીત ખન્ના, ડૉ. ધર્મવીર ગાંધી, સુભાષ ગાતાડે, જોગીન્દર, હરકેશ, સુરિન્દર અને અમારા સૌનાં કુટુંબીજનો.

★ **આ પ્રકાશનના અમારા સહયોગીઓ છે :**

ગોરધન પ્રજાપતિ, સિમેટ્રી કૉમ્પ્યૂટેક, દર્શન.

## 'પાશ'નાં કાવ્યોના હિન્દી અનુવાદોના પ્રકાશિત કાવ્યસંગ્રહો

૧. **હમ લડેંગે સાથી** (1988)
સંપાદન અને અનુવાદ : સુભાષ પરિહાર
પ્રકાશન : બલરાજ સહાની યાદગાર પ્રકાશન, (અમૃતસર)

૨. **'બીચ કા રાસ્તા નહીં હોતા'** (1989)
સંપાદન અને અનુવાદ :ડૉ. ચમન લાલ
પ્રકાશન : રાજકમલ પ્રકાશન (નવી દિલ્હી, પટણા)

૩. **'સમય ઓ ભાઈ સમય'** (1995)
સંપાદન અને અનુવાદઃ ડૉ. ચમન લાલ
પ્રકાશન : રાજકમલ પ્રકાશન (નવી દિલ્હી, પટણા).

## 'પાશ'નાં અન્ય લખાણોનાં પ્રકાશનો

૧. 'પાશ દી યાદ વિચ' (પંજાબી)
૨. 'પાશ દી ચિઠ્ઠીયાં' (પંજાબી)
૩. 'પાશ દી ડાયરી' (પંજાબી)



## 'પાશ'નો પરિચય

| | |
|---|---|
| નામ | : અવતારસિંહ સંધૂ |
| જન્મ તારીખ | : 9 સપ્ટેમ્બર, 1950 |
| વતન | : તલવંડી સાલેમ, તાલુકો - નકોદર, જિલ્લો-જલંધર, (પંજાબ) |
| અભ્યાસ | : મેટ્રિક (હાયર સેકન્ડરી);<br>જે.બી.ટી. (પ્રાયવેટ સ્વરૂપનું બી.એ.) |
| પ્રકાશિત પંજાબી કાવ્ય સંગ્રહો | : ૧. *'લોહકથા'* (1970-71)<br>૨. *'ઉડ્ડદે બાજાં મગર'* (1974)<br>૩. *સાડે સમિયાં બીચ'* (1978)<br>૪. *'લડાંગે સાથી'* (1988) (મરણોત્તર)<br>૫. *'ખિલ્લરે હોએ વર્કે'* (1989) (મરણોત્તર) |
| સંપાદન કાર્ય (પત્રિકાઓ) | : ૧. *'સિયાડ'* (1970 થી 1974)<br>૨. *'લાલી'* (1971-72)(જેલમાંથી)<br>૩. *'હેમજ્યોતિ'* (1974-75)<br>૪. *'હાક'* (1980 થી 1984) (હસ્તલિખિત પત્રિકા)<br>૫. *'એન્ટી-47'* (1986 થી 1988) (કેલિફોર્નિયાથી) |
| રાજકીય કારકિર્દી | : સીપીઆઈ. (સભ્યપદ-1967)<br>સી.પી.આઈ.એમ.એલ. (નક્સલબારી આંદોલનના કાર્યકર્તા તરીકે-1969 થી શહીદી સુધી). |
| શહીદી (મૃત્યુ) | : 23 માર્ચ, 1988.<br>*(ખાલીસ્તાની આતંકવાદીઓની ગોળીઓથી વીંધાયા).* |

# સંવેદન સાંસ્કૃતિક મંચ

## 'આપણું સાહિત્ય' પ્રકાશન શ્રેણીનાં અન્ય પ્રકાશનો

★ *'સાબરમતી પૂછે છે...'*
('આપણું સાહિત્ય' પત્રિકાઓનો સંગ્રહ)

*સંપાદન* : હિરેન ગાંધી - ડૉ. સરૂપ ધ્રુવ

*કિંમત* : રૂા. ૨૫/-

★ *'દસ્તાવેજ'*
(કાવ્યસંગ્રહ)

**મૌન બલોલી**

*કિંમત* : રૂા. ૨૫/-

★ *'સર્જક ચેતના' - પ્રશ્નો અને પડકારો*
(સાંપ્રત ગુજરાતી સાહિત્યના પ્રશ્નો અને પડકારો)

*સંપાદન* : ડૉ. સરૂપ ધ્રુવ - હિરેન ગાંધી - મયંક ઓઝા

*કિંમત* : સ્વૈચ્છિક

★ *'સળગતી હવાઓ'*
(કાવ્યસંગ્રહ)

**ડૉ. સરૂપ ધ્રુવ**

*કિંમત* : રૂા. ૭૫/-

[ટપાલ ખર્ચ અલગ]

**<u>પ્રાપ્તિસ્થાન</u>**

*સંવેદન સાંસ્કૃતિક મંચ*

9, રૂપેશ સોસાયટી,
વસ્ત્રાપુર સ્ટેશન રોડ, જીવરાજ પાર્ક,
અમદાવાદ - 380 051

ફોન : 6815078



# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રકાશકનું નિવેદન | હિરેન ગાંધી | I |
| ઊંડા અંધારેથી... | ડૉ. સરૂપ ધ્રુવ | III |
| અનુવાદક-સંપાદકનું નિવેદન | હિરેન ગાંધી | XIX |
| પાશ વિશે કેટલાંક અવતરણો | | XXII |

**વિભાગ : ૧ : આપણે લડીશું, સાથી**

| | |
|---|---|
| આપણે લડીશું, સાથી | 2 |
| રાજીનામું | 4 |
| અહમદ સલીમને | 6 |
| ત્રીજું વિશ્વયુદ્ધ | 9 |
| આપણા જમાનામાં | 11 |
| આજનો દિવસ | 13 |
| પ્રતિબદ્ધતા | 14 |
| ખુલ્લો પત્ર | 16 |
| આંધી કદી મ્હાત નથી થતી | 17 |
| તેં પૃથિને જન્મ આપ્યો એ દિવસ કયો હતો, મા ? | 18 |
| ઝેર | 19 |
| ભલે, એમ તો એમ | 21 |
| ઊડતા બાજની પાછળ | 22 |
| સફેદ ઝંડા નીચે | 25 |
| સંદેશ | 27 |
| ધર્મદીક્ષા માટે અરજ | 29 |
| કૂવા | 32 |
| યુદ્ધ : એક પ્રતિભાવ | 35 |

યુદ્ધ અને શાંતિ 37
યુદ્ધ - આપણાં લોહી અને હાડકાંમાંથી પસાર થશે- 41

**વિભાગ : ૨ : સમય ઓ ભાઈ સમય**

સમય ઓ ભાઇ સમય 44
બસ.... 45
શૂળની પીડા 46
આજનો દિવસ 48
લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ 50
ગઈકાલ 52
રોજેરોજ આવું જ બન્યા કરે છે 54
સૂક્કા, રેતાળ પ્રદેશમાં 56
હું ખુશી-મઝામાં છું, તારી ખબર આપજે 57
આજે એમણે- 58
એ પહેલાં કે- 59
હું પૂછું છું 60
દોસ્તો સાથે વાત 62
રાતને 67
સમય આવી પહોંચ્યો છે 69
તમારા અટકી પડેલાં ચરણોના સોગંદ, બાપુ ! 70

**વિભાગ : ૩ : બે ને બે ત્રણ**

હું પુરવાર કરી શકું છું 74
બંધારણ 75
સંસદ 76
હવે મારો હક્ક છે 76
કોઇ એકાંત ખૂણે 77
ખબર છે મને, તેઓ... 78
જનાવરની જેમ એણે... 79
વૃક્ષો જ્યારે 80
બૉર્ડર 81
આપણી અસલામતીમાંથી 82



મારા દેશ... 84
કલામ મિર્ઝા 87
સત્ય 89
લોઢું 90
સૌથી ખતરનાક 92
સ્વપ્નાં 94

**વિભાગ : ૪ : જંગલથી ગામને નામ સંદેશ**

જંગલથી ગામને નામ સંદેશ 96
પોલિસના યુનિફૉર્મધારીને 98
દાન 103
અસ્વીકાર 105
મારી પાસે 106
સેન્સર થનાર પત્રનો દુઃખાંત 107
હાથ 108
જન્મદિવસ 112
લંકાના ક્રાંતિકારીઓને 114
આકાશનો ટુકડો 116
કેદમાંથી મુક્તિ : એક પ્રતિભાવ 117

**વિભાગ : ૫ : જિંદગી અને મોત**

જિંદગી 120
મોત 120
એષણા 121
જ્યાં કવિતા પૂરી નથી થતી 122
જ્યાં કવિતા પૂરી થાય છે 127
અમારા લોહીને પડી ગઇ છે ટેવ 130
વિસ્થાપન 131
ફરીથી કહેવાયો છે 132
જુદી જુદી હોય છે - ભાષણોની ભાષા 132
આપણામાંથી કેટલાંનો સંબંધ જિંદગી સાથે છે ?.... 133
હું મારામાંના વિષને ખાતર-પાણી કરનાર પણ શોધી લઇશ 134
દુનિયામાં વેરાયેલાં બે-ચારને સંભાળતો- સાચવતો ઘરેલુ જણ 135

| | |
|---|---|
| ઓ જીવતા માણસ ! | 135 |
| લોકો કહે છે : | 136 |
| સ્મશાન | 137 |
| શોકસભામાં | 139 |

**વિભાગ : ૬ : શબ્દ, કલા અને કવિતા**

| | |
|---|---|
| શબ્દ, કલા અને કવિતા | 142 |
| ઈન્કાર | 144 |
| હા, ત્યારે- | 147 |
| એ લોકો જ સમજે છે | 149 |
| સદીઓની ઝીંક ઝીલવાનું મારું ગૌરવ જોયું તમે ? | 149 |
| મારા બુલબુલ | 150 |
| મારે જોઈએ થોડા બોલ.... | 151 |
| સત્ય | 153 |
| અર્થોનું અપમાન | 154 |
| રાજ્યસત્તા ! | 155 |


**વિભાગ : ૭ : ચકલીનો માળો**

| | |
|---|---|
| ચકલીનો માળો | 158 |
| છે તો નર્યું અજાયબ | 160 |
| આંખો - મારી માની... | 162 |
| સખી.... | 164 |
| બસ, થોડીક જ વાર.... | 166 |
| હું હવે વિદાય લઉં છું | 167 |




# વિભાગ : ૧

## આપણે લડીશું, સાથી



# આપણે લડીશું, સાથી

આપણે લડીશું, ઉદાસ મોસમો ખાતર;
આપણે લડીશું સાથી, ગુલામ ઈચ્છાઓ ખાતર;
આપણે વીણીશું સાથી, જિંદગીના વેરણછેરણ ટુકડા !

હથોડો હજીએ વીંઝાયેલો રહે છે, ઉદાસ એરણો પર;
હળનું ફળું હજીએ ખૂંપતું રહે છે, ચીખતી ધરતી પર;
આ કામ આપણું નથી, નાચે છે સવાલ
સવાર થઈને સવાલના ખભા પર;
આપણે લડીશું, સાથી.

રહેંસી નંખાયેલ ભાવનાઓની કસમ ખાઈને,
બુઝાતી નજરોની કસમ ખાઈને,
હાથ પરનાં આંટણોની કસમ ખાઈને;
આપણે લડીશું, સાથી.

આપણે લડીશું, ત્યાં સુધી-
જ્યાં સુધી
વીરૂ બકરીવાળો પીએ છે પેશાબ બકરીનો,
ખીલેલાં સરસવનાં ફૂલોને જાતે ન સૂંઘે વાવનારાં પોતે,
પાછો ન ફરે સરહદ પરથી
સૂઝેલાં પોપચાંવાળી ગામની શિક્ષિકાનો પતિ,
પોતાના જ ભાઈઓનાં ગળાં ઘોંટવા મજબૂર બને
પોલિસવાળો,
લોહીથી પાડે છે અક્ષર, કચેરીઓમાં બાબુઓ;
આપણે લડીશું, જ્યાં સુધી-
દુનિયામાં લડવાની જરૂર છે.





બંદૂક નહીં હોય તો તલવાર હશે,
તલવાર નહીં હોય તો લડવાની લગન હશે,
લડતાં આવડતું નહીં હોય પણ લડવાની જરૂર હશે;
આપણે લડીશું, સાથી.

આપણે લડીશું
કેમકે લડ્યા વિના કંઈ મળતું નથી !
આપણે લડીશું
એ માટે કે અત્યાર લગી લડ્યા કેમ નથી !
આપણે લડીશું
આપણી સજા સ્વીકારવા માટે,
લડતાં લડતાં શહીદ થઈ ગયેલાંઓની યાદ જીવતી રાખવા માટે;
આપણે લડીશું, સાથી !
આપણે લડીશું, સાથી !
આપણે લડીશું, સાથી !

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

## રાજીનામું

**[ઈન્દિરા ગાંધીની હત્યા તથા એના અનુસંધાનમાં થયેલ શીખોની કત્લેઆમ પર એક પ્રતિક્રિયા]**

મેં જિંદગીભર એની વિરૂધ્ધ
વિચાર્યું છે, લખ્યું છે;
જો એની ગમગીનીમાં આખો દેશ સામેલ હોય,
તો આ દેશમાંથી
મારું નામ કમી કરી નાંખો !

હું ખૂબ સારી રીતે ઓળખું છું
આસમાની સાગરો સુધી પથરાયેલા આ
ખેતરો, ખાણો, ભઠ્ઠાઓના ભારતને
બરાબ્બર એ એનો જ એક સાવ સાધારણ ખૂણો હતો,
જ્યાં પહેલવેહ્લીવાર
દાડિયા મજૂર પર ઉઠેલી થપ્પડને
મરડી નખાઈ હતી-
કોઈના ખરબચડા બેનામ હાથ વડે!
બરાબ્બર એ
એ જ ઘડી હતી
જ્યારે ઘડાયું હતું-આ કતલનું કાવતરું !
કોઈ પોલિસ નહીં શોધી શકે આ કાવતરાનું પગેરું;
કેમ કે-
ટ્યૂબલાઈટો ફક્ત રાજધાનીમાં જ ઝગમગે છે,
અને ખેતરો, ખાણો અને ભઠ્ઠાઓના ભારતમાં તો નકરું અંધારું છે!

અને બરાબ્બર એ જ
ટાઢાબોળ અંધારામાં જન્મ પામીને,





જ્યારે પહેલવે'હ્લીવાર મેં જિંદગી વિશે વિચારવાનું શરૂ કર્યું
ત્યારે-
મેં મને પોતાને જ આ કાવતરામાં સંડોવાયેલો જોયો !
જ્યારે પણ હું-
આ કાન ફાડી નાખનારા ઘોંઘાટનું પગેરું કાઢતો કાઢતો
સતત ગૂંજતાં તમરાંને પકડવા ગયો, ત્યારે-
મને મારી આખી દુનિયા
એમાં સંડોવાયેલી જણાઈ !

હું હંમેશા એની કતલ કરતો રહ્યો છું-
દરેક પરિચિતની છાતીમાંથી શોધી શોધીને !
જો એનાં કાતિલોને આ રીતે
સરેઆમ સડકો ઉપર જોઈ લેવામાં આવતા હોય તો
મને પણ મારા ભાગની સજા મળવી જોઈએ !

હું નથી ઇચ્છતો કે
હું ફક્ત એ કારણે જ બચી જાઉં કે-
ભજનલાલ બિશ્નોઈ* ને મારું સરનામું ખબર નથી !

એનું જે કોઈ નામ હોય-
આ ગુંડાઓની સલ્તનતનું
હું એનો નાગરિક હોવા બદલ થૂંકું છું !
હું - એ પાયલોટની ચાલાક આંખોમાં ખૂંચતું ભારત છું !
હા, હું ભારત છું,
એની આંખોમાં ખૂંચતું !
જો એનું કોઈ ખાનદાની ભારત હોય, તો-
મારું નામ એમાંથી કમી કરી નાંખો!

* ૧૯૮૪ નવેમ્બરના હરિયાણાના મુખ્યમંત્રી.

❑ 'સમતા' (પંજાબી); જાન્યુઆરી. ૧૯૮૫ અંકમાં પ્રથમ પ્રકાશિત થયેલ કાવ્ય

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

# અહમદ સલીમને*

*[યુદ્ધકેદીઓને સમર્પિત કાવ્ય]*

ઓ કલમના કારીગર ! ઓ મારા અહમદ સલીમ !
ચૂમીને સળિયા, હજી હમણાં જ બનેલા મારા બંધુ !
હું પણ છું જેલોનો શાયર, મારો પ્યાર પણ છે લોક,
તને પીડે છે પીંડીવાળા* ને મને દિલ્હીનાં તીર.

એથી જ તો તારી ધરપકડથી હું ચીખી ન્હોતો ઉઠ્યો.
ખુશ થયો'તો, કે થઇ ગઇ તારી કવિતા જવાન;
સાથે મારા ઘરમાં પણ હતાં, સળગતાં ઢાકા અનેક,
અહીં પણ ત્રાડો નાખી રહ્યો'તો, વેશ બદલીને યાહ્યાખાન !

મને નવાઇ લાગી'તી, આક્રંદ કરતા દંભીઓને જોઇને,
જે રોતા'તા, ચીસો પાડતા'તા, તારી ધરપકડ પર,
સળગતા ઘર ભણી પીઠ કરીને, રેતી નાખતા'તા પાડોશમાં,
હું દુઃખી હતો, એ લોકો થૂંકતા'તા મારા દોસ્તના મોં પર.

હું નથી કહેતો - કાતિલ ક્યાંય પણ થાય માફ,
હું નથી કહેતો - શોષણ ક્યાંય પણ છે ન્યાયી;
હું તો કહું છું - શોષક બદલવો મુક્તિ નથી,
ભારત-પાક છે વાણિયાની એકસમાન વહી !

હું તો કહું છું, કે - આ આઝાદી મુઠ્ઠીભર દાણા નથી,
જેનું થઇ શકે દાન કે જે ખરીદી શકાય નાણાંથી;
એ તો એવો મોલ છે, જેને લોહીથી સીંચે છે લોક,
એ નથી કોઇ પ્રેમ-પત્ર, જેને કબૂતર લાવી દે !

દીકરા ભરખતી ડાકણ, ઘરમાં કશુંયે છોડે નહીં,
કૂણાં માંસનો જેને લાગ્યો હોય ચટકો, એ-





જિંદગીની કલમ બીજાના ઘરમાં રોપી ના શકે,
ઉગાડી ના શકે એ -પોતાને આંગણે બાગ !

આવ, દેખાડું તને - બંગાળના ઝમતા જખમો,
આવ, બતાડું તને - આંધ્રના દિલમાં દૂઝતા છેદ,
તારે જો કરવા જ હોય, આઝાદી વ્હેંચતી દેવીનાં દર્શન,
આવ, ને જો, મારા પંજાબમાં બળતા મોગા[1]ને.

તારા પકડાઇ જવાથી જે ગાતાં'તાં હમદર્દીના મરસિયા,
બહુ મચાવતા'તાં જે યાહ્યાખાનના જુલ્મોનો શોર,
પૂતળાં હતાં એ લોકતંત્રનાં, એમની જેલોની અંદર !
આવ, તને સુંઘાડું બળતાં યૌવનની અસ્સલ ગંધ.

ના અમે જીત્યા યુદ્ધ, ના હાર્યા પાકિસ્તાની ક્યાંયે,
એ તો પાપી પેટ હતાં, જે નાચ્યાં કઠપૂતળી થઇને.
હજુ પણ બસ, પેટ જ પેટ છે, માણસ આખા નથી,
હજુ તો ના દુશ્મન છીએ અમે, ના કોઇનાં સગાં !

હજુ તો જંગબાજોની ટોળી, કરી રહી છે - ઠઠ્ઠો,
ભસ્મ કરીને ઢાકા, ઝૂલતા આંબાના મ્હોર સાથે,
એને જગાડે છે કવિતા, છંબ[2]ના કિનારે ખંડેરોમાં,
પ્રેમ થાય છે, આકળવિકળ ધરતીના હોઠ સાથે !

ના તો એ જેહાદના જોધ્ધા છે, ના યુદ્ધ-કેદી,
નથી એમણે ઇજ્જતો લૂંટી, નથી ઉઠાવ્યાં હથિયાર,
નથી એમને પગ, નથી માથાં એમની ગરદન પર,
એમણે શું હારવાનો, ને શું જીતવાનો જંગ ?

તું એમને ખાતર કેમ નથી બોલતો અહમદ સલીમ !
એ શરીરો - જે અત્યાચારીઓના હુકમોથી બંધાયેલાં છે,
તડપતાં-તડપતાં જે ચાલ્યાં ગયાં છે, પોતાના પરિવારોથી દૂર,
તડપે છે આજે પણ એ શરીરો - ભારતમાં કેદી બનીને !

દર બીજા-ત્રીજા દા'ડે, જ્યારે ફૂફાડે છે રેડિયો,
નાસતાં-ભાગતાં થોડાં પેટ, ટકરાયાં બંદૂકો સાથે,

કેમ રડી નથી પડતી તારી દયાળુ કલમ ?!
કેમ સર્જાતો નથી ભૂકંપ - તારા કોમળ ખયાલોમાં ?

ક્યાં ગયો તારો એ સહાનુભૂતિ ભરેલો આત્મા ?
કે પછી તને ડર છે - ભારતમાં ઘટી જશે તારું માન ?!
તને જે એલાનતા'તા - પયગંબર સત્યનો,
હવે ક્યાંક ફરમાને નહીં તને, એહસાનફરેબ મુસલમાન ?!

હું નથી કહેતો - મહોબ્બતમાં પીગળી ના જા,
હું નથી કહેતો - જુલ્મ સામે ટક્કર ના લે;
હું તો કહું છું - જુલ્મનાં મૂળિયાંને ઓળખ,
ગરજતાં પાંદડાં પર થૂંકીને પાછો ના ફરી જા.

આવ, આપણે પેટને કહીએ, કે માથાં માટે લડે,
બનીને આખું શરીર, પોતાના અસ્તિત્વ માટે લડે;
પછી 'એમને' બનાવીને યુદ્ધકેદીઓ-બરાબ્બર દઈશું સજા !
અત્યારે તો દોસ્તો ! બસ, આપણાં શરીર માટે લડીએ !

---

* પાકિસ્તાનના પંજાબી કવિ અહમદ સલીમ ૧૯૭૨માં ભારતના પંજાબમાં આવ્યા ત્યારે લખાયેલી કવિતા.
૧ : પંજાબનું એક ગામ.
૨ : ભારત-પાકિસ્તાન સીમા પરનું પંજાબનું એક ગામ.

---

*'હમ લડેંગે સાથી'*
*'સમય ઓ ભાઈ સમય'*





## ત્રીજું વિશ્વયુદ્ધ

કચેરીની બહાર ઊભેલા
વૃદ્ધ ખેડૂતની આંખોમાં મોતિયો આવી જશે;
સાંજ સુધીમાં સફેદ થઈ જશે
રોજગાર કચેરીના પ્રાંગણમાં થાકીહારી ગયેલી જરાતરા ફૂટેલી દાઢી;
બહુ જલ્દી ભૂલી જશે
ઢાબા પરનો નવોસવો નોકર - એ મેલાઘેલા લૂગડાની મીઠી મ્હેંક,
જેમાં એની મા રોજ ભાથું બાંધીને લાવતી'તી;
એ તો હવે શોધતો રહેશે-
સડકના કિનારે નિરાશ જ્યોતિષીને,
પોતાની હથેળીમાંથી ભૂંસાઈ ગયેલી ભાગ્યરેખાને;
કારની અડફેટે આવી ગયેલ અને
પેન્શન માટે હડિયાપટ્ટી કરતા નિવૃત્ત સૈનિકની તૂટેલીફૂટેલી સાયકલ
હવે વિચારશે-
ત્રીજું વિશ્વયુદ્ધ છેડાવાનું.

ત્રીજું વિશ્વયુદ્ધ હવે નહીં ખેલાય
જર્મની અને ભાડૂતી ટટ્ટુઓ વચ્ચે,
એ તો સીનામાં ધડબડી રહેલી
જીવવાની બાદશાહત ખેલશે;
ત્રીજું વિશ્વયુદ્ધ ખેલશે-
છાણ-માટીથી લીંપાયેલી છતોની સાદગી,
ખમીસ પરથી કદી નહીં ધોવાનાર કંકુના છાંટા,
પેશાબથી પલાળેલી ચીંદરડીમાં લપટાયેલી કપાઈ ગયેલી આંગળી;

અને ત્રીજું વિશ્વયુદ્ધ છેડાશે-
જુલ્મના ચ્હેરા પર ચમકતી,
સાજ-શણગારથી ઓપતી કોમળતા સામે;
ધરતીને કેદ કરવા માગતા ચાવીના ઝૂડા સામે;
કદી નહીં ખૂલનારી મુઠ્ઠીઓની સામે;
નમણી સંધ્યાના વદન પર દોડતી શાહુડીની શૂળો સામે;
ત્રીજું વિશ્વયુદ્ધ એ આશંકાની સામે પણ છેડાશે-
જેનો ઓળો
દૂધિયા દાંત ફૂટેલી મારી દીકરીની આંખોમાં છે.
ત્રીજું વિશ્વયુદ્ધ
ફાટ્યાતૂટ્યા ખિસ્સામાં મસળી નંખાયેલ
એક નાનકડા સંસાર માટે ખેલાશે.

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*





# આપણા જમાનામાં

આ બધું જ આપણા જમાનામાં બનવાનું હતું:
સમયે અટકી જવાનું હતું થાકેલા યુદ્ધની માફક
અને કાચી દીવાલો પર ટીંગાતાં કેલેન્ડરોએ
વડાપ્રધાનનો ફોટો બનીને રહી જવાનું હતું.

તાપથી તરડાયેલી ભીંતોની પોપડીઓએ
અને ધૂમાડાને તરસતા ચૂલાઓએ
આપણા જ જમાનાનું ગીત બનવાનું હતું.

ગરીબની દીકરીની જેમ વધી રહેલા
આ દેશના આત્મસન્માનના છોડે
રોજેરોજ સાંકડા થતા જતા આપણા ખભા પર જ ઊગવાનું હતું.
શાનદાર અણુ અખતરાઓની ધૂળ
આપણા આત્મામાં ફેલાયેલા રેગિસ્તાનમાંથી જ ઉડવાની હતી.

મારા-તમારા દિલમાંની સડકના મસ્તક પર
થીજી જવાનું હતું
રોટી માગવા નીકળેલા અધ્યાપકોની ધોરી નસોનું લોહી.
દશેરાના મેદાનમાં
અપહરણ કરાયેલી સીતા નહીં, ઘાસલેટનું ડબલું ઉઘરાવતો રાવણ
આપણા જ બુઝુર્ગોએ બનવાનું હતું.
સમયનું અપમાન આપણા જમાનામાં થવાનું હતું.

હિટલરની દીકરીએ
જિંદગીનાં ખેતરોની મા બનીને
ખુદ હિટલરની કાયરતા
આપણા જ માથામાં રોપવાની હતી.
એ શરમજનક હોનારતો આપણી સાથે જ ઘટવાની હતી કે

દુનિયાના સૌથી પવિત્ર શબ્દોએ બની જવાનું હતું
સિંહાસનના પાયા;
માર્ક્સના સિંહ જેવા મસ્તકને
દિલ્હીની ભૂલભૂલામણીમાં બેં...બે... કરતું અટવાતું
આપણે જ જોવાનું હતું.
દોસ્તો !
આ કાયરતા આપણા જ જમાનાની બલિહારી બનવાની હતી.

ઘણીઘણીવાર પાકા પુલો ઉપર લડાઈઓ થઈ,
પણ જુલ્મની તલવારની દિશા ના પલટાઈ.
દોસ્તો ! એકલપંડે જીવવાની ઇચ્છા પિત્તળની તાસક છે
જે પળેપળ ઘસાતી રહે છે,
એણે નથી તો યારોની યાદગીરી બનવાનું
કે નથી કપરાકાળમાં રોકડ રકમ બનવાનું.

દોસ્તો ! આપણા જમાનાનો ઈતિહાસ
બસ, એટલો જ ન રહી જાય કે
હપ્તે હપ્તે મરવાને જ
આપણે જીવવું સમજી બેઠા'તા. કે-
સમય આપણી ઘડિયાળોથી નહીં,
હાડકાંના ગળતરથી મપાતો હતો !

એ ગૌરવ આપણા જ જમાનાને મળવાનું છે કે
એમણે નફરત નીતારી લીધી
પસાર થઈ રહેલા ગંધાતા સમંદરમાંથી; કે-
એમણે વીંધી નાંખ્યો લચપચતી લાગણીઓના દીપડાને
અને તેઓ તરતાં તરતાં જઈ પ્હોંચ્યાં
ખૂબસૂરતીના ઉંબર સુધી !

આ ગૌરવ આપણા જ જમાનાને મળશે
આ ગૌરવ આપણા જ જમાનાને મળશે.

---

● *'હમ લડેંગે સાથી'*
● *'બીચ કા રાસ્તા નહીં હોતા'*





## આજનો દિવસ

આજના દિવસે
અમે બધ્ધેબધ્ધો હિસાબ ચોખ્ખો કરી લેવા માગીએ છીએ.
અમે એમને ઘણું ઘણું યાદ દેવડાવવા માગીએ છીએ.
એકદમ સ્વાદિષ્ટ લાગતા નાનાં ભૂલકાંઓના માંસની યાદ;
હિજડાઓના માંડ માંડ ફૂટેલા સ્તનોની યાદ;
એમની ફૂંકોથી ઓલવાઇ ગયેલી એકેએક ચીજોની યાદ
ધર્મયુદ્ધના ફૌજીની ઘરવાળીની હથેળીમાં ટમટમી રહેલા ઇન્તજારના
દીવાની યાદ,
મહિન્દર ભરવાડને મોઢે થઇ ગયેલા દોહરાની યાદ,
ખેતરને પાણી પાતાં
સાપના દંશથી ગુજરી ગયેલી તારાની જુવાન ઘરવાળીની નેઇલ
પોલિશની યાદ....

આજના દિવસે અમે
વરસો પહેલાં મેળામાં રૂઠેલા દેબા*ને મનામણાં કરીશું;
ભઠ્ઠીની આગથી અકળાયેલા મોહના લુહારને અમારું દિલ ચીરીને
બતાવીશું.

આજના દિવસે અમે જોઇશું -
કાચી શરાબના ઘડા જેવી તૂટેલી બિંદરની દોસ્તી
સહિયારા જખમોથી મ્હોં કઇ રીતે છૂપાવે છે ?

આજના દિવસે
અમે સૌ સાથે મળીને શોધીશું
ઢોરોની ગભાણમાં દાટેલી ધારદાર બરછીઓ.

---

* બાળપણનો કોઇ મિત્ર
* 'આજનો દિવસ' કવિતાનો નહીં પ્રકાશિત થયેલ અંશ

---

● *'સમય ઓ ભાઇ સમય'*

## પ્રતિબદ્ધતા

અમને જૂઠમૂઠનું કશું ના ખપે !
જેવી અમારા બાવડાંમાં માછલીઓ છે,
જેવા બળદની પીઠ પર ઉઠેલા લાઠીના સોળ છે,
જેવું કરજના ચોપડામાં અમારું ડૂચો વળેલું ભવિષ્ય છે;
અમને બરાબ્બર એવું જ - સાચ્ચેસાચ્ચું જોઈએ
જિંદગી, સમાજવાદ કે બીજું કશું પણ....

જેમ સૂર્ય, વાયુ અને વાદળ
ઘર અને ખેતરમાં અમારી સાથોસાથ રહે છે,
એમ જ અમે
શાસન, વિશ્વાસ અને ખુશીઓને અમારી સાથોસાથ જોવા માગીએ છીએ.
હે અત્યાચારીઓ ! અમે બધ્ધું જ
સાચ્ચેસાચ્ચું જ જોવા માગીએ છીએ!

અમારે એવું કશું નથી જોઈતું-
જેવી દારૂના મુકદ્દમામાં તબેલાવાળાની જુબાની હોય !
જેવી તલાટીની નીતિ હોય !
અથવા તો જેવી વચેટિયાની કસમ હોય.

અમારે જોઈએ છે, અમારી હથેળી પર એક એવું સત્ય-
જેવો ગોળની ચાસણીમાં દાણો હોય !
જેવું હુક્કામાં નિકોટીન હોય !
જેવી મિલન સમયે મહેબૂબના હોઠ પર મલાઈ હોય !

અમે નથી ઈચ્છતા
પોલિસના ડંડા પર ટીંગાડેલી ચોપડીઓ !
અમે નથી ચાહતાં-





મિલીટરીના બૂટોની ટાપ-ટપાક પર હુન્નરનું ગીત
અમે તો માણવા માગીએ છીએ-
વૃક્ષોમાં છેડાતાં સંગીતને, હલકભરી પાંખડીઓના સ્પર્શ વડે !
અશ્રુવાયુની ધૂંધળાશમાં ખારાશ ચાટવી
કે પોતાની જીભ પર પોતાના જ લોહીનો સ્વાદ ચાખવો
કંઈ ગમતી વાત નથી.
પણ તો યે-
અમને જૂઠમૂઠનું તો કશુંયે ના ખપે !
અમે બધ્ધું જ સાચ્ચેસાચ્ચું જ જોવા માગીએ છીએ !
જિંદગી, સમાજવાદ કે બીજું કશું પણ....

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

## ખુલ્લો પત્ર

પ્રેમિકાઓને પત્રો લખનારાઓ !
તમારી કલમ જો વાંઝણી હોય તો
કાગળોનો ગર્ભપાત ના કરો !

તારાઓ ભણી જોઈને ક્રાન્તિની શીખ આપનારાઓ !
ક્રાન્તિ જ્યારે આવશે, ત્યારે-
તમનેય દેખાડી દેશે તારા !
બંદૂકધારીઓ !
કાં બદૂકનું નાળચું દુશ્મનો તરફ ફેરવો,
કાં તમારી પોતાની તરફ;
ક્રાન્તિ કોઈ તમાશો કે શિખામણ નથી,
કે નથી મેદાનમાં વ્હેતી નદી;
એ તો- વર્ગોની, રુચિઓની ક્રૂરતાભરી મૂઠભેડ છે;
એમાં તો- મારવાનાં છે, મરવાનું છે,
અને ખતમ કરવાનું છે - મોતને !

વારિસશાહ*ની લાશ આજે ઝેરીલી ફેણ બનીને
સમાજના શરીર પર ઊગી નીકળી છે;
એને કહી દો, આ યુગ વારિસનો યુગ નથી,
વિયેતનામનો યુગ છે !
એકેએક ક્ષેત્રે -
હક્કોના સંગ્રામનો યુગ છે !

* પંજાબના સૂફી કવિ

♦ *'બીચ કા રસ્તા નહીં હોતા'*





## આંધી કદી મ્હાત નથી થતી

પવને રૂખ બદલી
અને બહુ ઉછળ્યાં, બહુ કૂદ્યાં, એ-
જેમના શામિયાણા હચમચી ગયા'તા;
એલાન કરી દીધું એમણે
વૃક્ષો હવે શાંત થઈ ગયાં છે
આંધીનો દમ હવે તૂટી ગયો છે.

જાણે કે એ જાણતાં જ ન હોય કે-
એલાનોની આંધી ઉપર કોઈ અસર નથી થતી !
જાણે કે જાણતાં જ ન હોય કે-
એ જ્વાળામુખી બહુ ઊંડો હોય છે
જેમાંથી આંધી જન્મ લે છે !
જાણે કે એ જાણતાં જ ન હોય કે-
આંધીનું કારણ વૃક્ષો નથી હોતાં, પરંતુ એ ધૂંધવાટ હોય છે, જે-
ધરતીના મુખને ધૂળમાં મિલાવી દે છે !

ઓ ભ્રમપુત્રો !
સાંભળો- પવને રૂખ બદલી છે.
પવનને ત્યાં સુધી અટકાવી ન શકાય
જ્યાં સુધી ધરતીનું મુખ
મઘમઘતો બગીચો ન બની જાય.

હા, તમારા શામિયાણા
આજે નહીં તો કાલે તૂટશે
પણ આંધી કદી મ્હાત નથી થતી !

♦ *'હમ લડેંગે સાથી'*
♦ *'બીચ કા રસ્તા નહીં હોતા'*

## પૃથિની માને*

તેં પૃથિને જન્મ આપ્યો એ દિવસ ક્યો હતો, મા ?
ઈશ્વરનો અવતાર ધરીને હું બધાં કેલેન્ડરોમાં
એ દિવસ ઉગાડી દઈશ !

જે રાતે એ પૃથિને લઈ ગયાં,
જ્યાં એને યાતનાઓ આપી,
એ રાત, એ ધરતી સોહાગણ બની ગઈ, મા !
એ સૂનકાર ટહૂકી ઊઠયો !

ક્યાં એ બૂઢ્ઢી ડાકણ
એના લૂખ્ખા હાથ
ને ક્યાં તારું કુળ, મા !
ક્યાં તારો નવ જ વરસનો[1] લાલ, મા !

પૃથિ તો ધરતી ને આકાશ
બધુંયે તારા નામે કરી ગયો, મા !
બેઅંતા[2] જેવા તો
આજે પગ મૂકવા ભોંય ગોતે છે !
તારું કોઇ શું છીનવી શકવાનું છે ?
તું તો સિંહ જેવા બેટડાઓની મા છું !
તારું કોઇ શું છીનવી શકવાનું છે ?

---

* પૃથિપાલ નામના વિદ્યાર્થીનેતાની હત્યા નિમિત્તે.
૧ પૃથિપાલની વિદ્યાર્થીનેતા તરીકેની કારકીર્દીનો સમયગાળો.
૨ પૃથિપાલનો હત્યારો - આતંકવાદી જૂથનો સભ્ય.

---

♦ 'સમય ઓ ભાઈ સમય'





## ઝેર

તમે કઈ રીતે કહી શકો કે-
આ ઝેર છે અને પેલું નથી !
ઝેરથી ન તો સિગરેટ મુક્ત છે, ન પાન;
ન કાનૂન, ન કિરપાણ !
ઝેરના લેબલને સચિવાલય પર ચીટકાડો કે યુનિવર્સિટી પર
ઝેર ઝેર જ રહે છે;
અને ઝેરનું મારણ ઝેર જ છે !

ભૂમિ આંદોલન તો ઘરનો મામલો છે.
આ કનૂ સાન્યાલ[1] શું ચીજ છે ?!
જુવાની તો જીતેન્દ્ર અને બબિતાની !
ઉત્પલ દત્ત[2] વળી કઈ વાડીનો મૂળો !
નાટ્ય કલા કેન્દ્ર[3]ની હસ્તિ શું ?!
ઝેર તો કીટ્સે ખાધું'તું !
આ દર્શન ખટકડ[4] વળી શું ખાવાનો !?

ચીનને ફરમાવી દો- અણુ પ્રયોગો બંધ કરે
એને કારણે પવિત્ર વાયુમાં ઝેર ફેલાય છે !
અને હા,
મતદાનના દિવસે આ વખતે
અફીણને બદલે નકરું ઝેર વ્હેંચો !
ઝેર હવે વધતું જ જાય છે !

નર્સ !
આ આખા પોઈઝન સ્ટોરને અમારે શું કરવો છે ?
જાવ, એક એક ગોળી
'પાશ' અને 'સંત'[5] ને આપી આવો !

૧ કનૂ સાન્યાલ - નક્સલબારી આંદોલનના અગ્રણ્ય નેતા.
૨ ઉત્પલ દત્ત - જાણીતા કલાકાર-ડાબેરી વિચારધારાના કાર્યકર્તા.
૩ નાટ્ય કલા કેન્દ્ર પંજાબની ક્રાંતિરંગી નાટ્યસંસ્થા.
૪ એને ૫ પાશના મિત્રો.

● 'સમય ઓ ભાઈ સમય'





## ભલે, એમ તો એમ

અમારા લવારા નથી ગમતા - એ લોકોને
ભલે, એમ તો એમ !
એ લોકો તો બસ મનોરંજન માણતાં માણતાં
મરસિયા સાંભળતાં રહે છે,
દાદ દેતાં રહે છે.

જિંદગી જો કવિતા જેવી હોત,
તો અમે ખામોશ જ રહેત.
સ્વપ્નાં જો પથ્થરનાં હોત,
તો અમે પૂતળાં સાથે જ દિલ બહેલાવી લેત.

પાણીથી જો પેટ ભરાતું હોત, તો પીને ઊંઘી જાત.
ચાંદની જો ઓઢી શકાતી હોત, તો સીવીને પ્હેરી લેત.
પણ અહીં તો-
કશુંયે દેખાતું નથી.
શાંતિનાં કબૂતરો જેવાં ગીતોનાં વૃક્ષો પણ નથી,
જેના પર ઝૂલ્યા કરીએ !

અમારે તો હવે છીનવી જ લેવી પડશે-
અમે ચોરેલી રાતોની નીંદર;
જેના પર ઝૂલ્યા કરીએ !

અમારે તો હવે છીનવી જ લેવી પડશે-
તાકાત રક્તરંજિત હાથની.
એમને સારું લગાડવા ખાતર
હવે અમે
મરસિયા નહીં ગાઈએ !

● 'સમય ઓ ભાઈ સમય'

## ઊડતા બાજની પાછળ

ઊડી ગયા છે બાજ
ચાંચોમાં લઈને
પળભર પોરો ખાવાની આપણી મંશા.
દોસ્તો ! હવે જઈએ
ઊડતા બાજની પાછળ.

અહીં તો
કોણ જાણે ક્યારે ટપકી પડશે
લાલ પાઘડીવાળા વિવેચકો
અને શરૂ કરી દેશે
કવિતાને દાદ દેવાનું.
એનાથી પ્હેલાં,
કે થાણાની વિસ્તરતી ઈમારત
તમારાં ગામ, પરિવાર સુધી પ્હોંચી જાય;
અને ઉતરડાઈ જાય નથ
તમારા સ્વાભિમાનના ફફડતા પાંદડાની-
ઓલ્યા ભૂંડા મુન્શીના ચોપડામાં;
આપણે જઈએ
ઊડતા બાજની પાછળ.

અહીં તો-
આખી જિંદગી નહીં ઉતરે
બે'નીના લગન ખાતર લીધેલું કરજ;
ખેતરમાં રેડેલાં લોહીનું
એકેએક ટીપું ભેગું કરીને પણ
એટલો રંગ નહીં બનાવી શકાય કે
ચીતરી દેવાય એક





શાંત, હસતાં મનેખનો ચ્હેરો;
અને આયખું આખું
ગણતાં રહીશું એકેએક રાતને
તોયે બધાયે તારા તો નહીં જ ગણાઈ રહે;
કેમકે આ બધું કદી
થવાનું જ નથી !
તો પછી દોસ્તો ! ચાલો,
ઊડતા બાજની પાછળ.

તમે જો માણી હોય-
તાવડામાં જામતા ગરમ ગોળની મ્હેંકને;
ને દેખી હોય-
સોહાગણ બનીને વાવણી માટે ઝૂરતી ભોંયને;
જો દેખ્યો હોય-
ચાંદનીમાં ચમકતા ચાંદને-
તો
તમે જ હવે રસ્તો કાઢો
અઘોરિયા મતપત્રકનો,
જે ટપકાવે છે લાળ
આપણા કૂવાની હરિયાળી પર;
જેણે જોઈ છે ખાલી
છત પર સૂકવેલી સોનેરી તાસકો;
ને જોયાં નથી કદી
બજારમાં સૂકાતા ભાવ!

એ લોકો
કદી નહીં સમજી શકે કે
કેવી દુશ્મની છે
દિલ્હીની એ શાસક સ્ત્રીની
પેલી ગામડાની ઉઘાડપગી સુંદરી સાથે !

સુરંગ જેવી જિંદગી
પાર કરતાં કરતાં

જ્યારે પાછો વળે છે આપણો અવાજ
આપણી જ પોતાની પાસે
અને આંખોમાં દૂઝતાં રહે છે સ્વપ્નાં
બુઢ્ઢા બળદની છોલાયેલી પીઠ જેવાં;
ખરડી જાય છે ગલીઓનો કીચડ
જ્યારે આયખાનાં સૌથી ખૂબસૂરત વર્ષોને;
ત્યારે-
કરવા જોગું એક જ કામ બચે છે-
જવામાં આવે, દોસ્તો !
ઊડતા બાજની પાછળ.

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*





## સફેદ ઝંડા નીચે

મેં એકેએક સવારને
સાચવી-સંભાળીને
હળવે હળવે
આકાશમાંથી ધરતી પર ઉતારી.

મને શું ખબર કે
આ રીતે જન્માવેલા મારા દિવસો
કોઈને માટે
સપ્તાહો, મહિના અને વર્ષ બની જશે !
અને પછી એવા સંસારમાં-
અરેરાટીભરી હત્યાઓની એક પરંપરા
શ્વાસ લેવા માંડશે !
લોકો ઉઠશે ત્યારે એમણે રોંચાઓને
ગુલામોની માફક સલામ ભરવી પડશે !
રોજમેળ ખૂલશે અને આંખો મીંચીને
ગરમ-ઘટ્ટ લોહી વિશે વિચારાશે !
પ્રિયતમા પત્ર લખશે - આંગણામાંની બુઝાયેલી આગ પર,
જેને
જરાયે ઉત્તેજિત થયા વિના
અડધી છૂટી
ગળચતી હોય એ રીતે વાંચશે !
આખો દિવસ બાળકો-
એક દાયકાના તફાવતથી
ધીંગામસ્તી કરશે - કત્લેઆમને ફતેહ માનીને !

અને છેવટે
વાતવાતમાં ઉભરાઈ જતાં વાદળો

ભભૂક્યાં વિના જ સળગશે !
સૌના માથાં પરથી
એક સળગતું જહાજ પસાર થશે.
અને એક ઠંડા યુધ્ધમાં ઉતરેલા ગણવેશ વિનાનાં સૈનિકો
કિલ્લામાં પાછા ફરતા વિચારશે-
કદીક તો ઝંડામાંથી બહાર નીકળીને
ઉડવા માંડશે સફેદ કબૂતરો પણ....!
અને હું-
રાખ થઈ ગયેલા જહાજની ધૂણીમાં
ખાંસતો ખાંસતો વિચારીશ-
સવારોને ધરતી પર ધડામ્મ દઈને પડવા દઉં;
બની શકે તો અણિયાળા શબ્દોથી
શિકારી ઝંડાને કાતરવાની કોશિશ કરું;
કેમ કે
એ ઝંડામાં જકડાઈ ગયાં છે-
મારી પ્રિયતમાની છાતીમાંનાં કબૂતરો !

---

● *'સમય ઓ ભાઈ સમય'*





## સંદેશ

વૉશિંગ્ટન !
દેશવટો ભોગવતા આ અપરાધીઓની ટોળકી
આજે તને કલંકિત કરવા નીકળી છે
આ ટોળકી-
એ ડાકૂઓ કરતાં પણ વધારે ભૂંડા
ભાગેડૂઓની ટોળકી છે, જેમણે
ત્રણ ત્રણ સદીઓ સુધી
અમારાં ખેતરોનો ગર્ભપાત કર્યો હતો;
મારી બેનો આજે
લગભગ નગ્નાવસ્થામાં જ કૉલેજમાં ભણવા જાય છે, એ પણ
એમના જ શોષણની સાબિતી છે;
અરે ! એ લોકો તો-
અમારી લૂંગીઓ સુધ્ધાં ઉતારી ગયા છે, વૉશિંગ્ટન !

એમણે તને કલંકિત કરવાની કસમ ખાધી છે !
કોરિયા, વિયેટનામ કે ઈઝરાયેલ તો
માત્ર અખબારી કોલમો છે.
વૉશિંગ્ટન ! તું તો જાણે છે
અમે કઈ રીતે મેસેડોનિયા[1]થી આવેલા
દહેશતના સમુદ્રને ખાળ્યો હતો !
અમારા તો ફકીરો પણ
દિગ્વિજય માટે નીકળેલાંઓને
ફૂંક મારીને
થંભી જવાનો આદેશ આપે છે !
ર્‌હોડેશિયા[2], વિયેટનામ અને હક્ક માટેના
એકેએક સંગ્રામમાં મારું લોહી
આબાદ છે !-

પરંતુ
આ લિંકનના હત્યારાઓ
હબસીઓનો વેપલો કરવા નીકળ્યા છે !
એમનું મોત એમને
અમારા ઘરના ઉંબરની અંદર
લઈ આવ્યું છે !
વૉશિંગ્ટન !
એમના ગૌદાન માટે
ગાયો મોકલ.....!

---

૧ : મકદૂનિયા
૨ : હાલનું ઝિમ્બાબ્વે.

---

'સમય ઓ ભાઈ સમય'





## ધર્મદીક્ષા માટે અરજ

ધર્મગુરુ !
મારે એક જ દીકરો છે
ને મરદ બચારો માથે રહ્યો નથી !
તારી આવી ગર્જનાઓ પછી તો
મરદ દૂર દૂર લગી બચ્યા જ નથી;
બચી છે ખાલી અસ્ત્રીઓ
અથવા તો શાકાહારી બેપગાંઓ,
જે એમને માટે રોટી લાવે છે.

ધર્મગુરુ ! તું સર્વકલાસંપન્ન છે !
તારી એક મામૂલી અંગભંગિમા પણ
સુખી-સંપન્ન પરિવારોને
વાડાઓમાં ફેરવી નાખે છે.
દરેક પહેલો
બીજાને કચડીને
પોતાની ગરદન
ત્રીજામાં ઘૂસાડે છે !
પણ ધર્મગુરુ !
મારી તો એક જ ગરદન છે -
મારા દીકરાની....
ને મરદ બચારો માથે રહ્યો નથી !

હું તેં બતાવેલા ઇશ્વરને જ પૂજીશ !
હું તેં ભણાવેલાં ભજનો જ ગાઈશ !
હું બીજા બધા ધર્મોને બકવાસ કહીશ !
પણ ધર્મગુરુ !
મારી એક જ જીભ બચી છે

મારા દીકરાની....
ને મરદ બચારો માથે રહ્યો નથી!

હું પે'લેથી બહુ ઘેલાં કાઢતી રહી છું
અત્યાર લગી મારા પરિવારનો જે ધર્મ હતો
એનું કદી ભાન જ રાખ્યું નથી;
હું તો પરિવારને જ ધર્મ માનવાનું પાપ કરતી રહી છું !
હું ઘેલી પરંપરા પ્રમાણે
પતિને જ ઈશ્વર માનતી રહી છું !
મારા માટે તો ઘરના લોકોનાં સુખદુઃખ જ
મારાં સ્વર્ગ-નર્ક રહ્યાં છે !
હું કદાચ
કળિયુગનું ફરજંદ હતી, ધર્મગુરુ !

તારી ગર્જનામાંથી ઉઠતા ધર્મના જયજયકારને લીધે
મારામાંથી બિલકુલ સાફ થઈ ગયું છે- પાપનું ધુમ્મસ !
મને મૂઈને
હવે મારું કોઈ સત્ય નહીં દેખાય;
હું તારા સત્યને જ
એક માત્ર સત્ય માનતી રહીશ !
હું-બાપડી બચારી અસ્ત્રી,
તારા જાંબાજ શિષ્યો સામે મારી શી વિસાત !
કોઈપણ ઉંમરે હું
તારી તલવાર કરતાં કમ સુંદર રહી છું !
કોઈપણ સમયે
તારા પ્રભાવ કરતાં ઝાંખી રહી છું - હું !
હું તો હતી જ નહીં, ધર્મગુરુ !
બસ તું જ તું હતો.... તું જ તું છે !....
મારે એક જ દીકરો છે, ધર્મગુરુ !

જો કે સાત પણ હોત, તોયે
એ તને કશું ના કરી શક્ત !
તારા દારૂગોળામાં દૈવી ધૂપ છે !





તારો દારૂગોળો રાતોને ઝળાંહળાં કરે છે !
તારો દારૂગોળો માર્ગ ભૂલેલાંને દિશા બતાડે છે !
હું તારી આસ્તિક ગોળીને અર્ઘ્ય આપતી રહીશ !
મારે એક જ દીકરો છે, ધર્મગુરુ !
ને મરદ બચારો માથે રહ્યો નથી !

---

[* હસ્તલિખિત પત્રિકા 'હાક'ના અંકઃ૧૭માંથી]

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

## કૂવા

**[*'કૂવા' શબ્દનો પ્રયોગ અહીં આતંકવાદીઓના પ્રતિક્રિયાવાદી વિચારોના પ્રતીકરૂપે થયો છે.*]**

કૂવા-
હવે બહુ ઓછા બચ્યા છે.
સાવ છૂટા છવાયા.
એ જ્યાં પણ છે
સલામત નથી અંધકારથી.
જે પણ ઉતરે છે એમાં
તરસ છીપાવવા,
એ ભરી દે છે મોત
-સાવ નિર્દોષ પંખીઓનાં ઈંડાંમાં !

ખેતી માટે નકામા થઈ ગયા પછી
કૂવા-
હવે બહુ ઓછા બચ્યા છે.
એની ખાસ કોઈ જરૂર પણ નથી રહી
'ભાગોંભરી'* ધરતીને !
પણ હા,
અંધકારને એની જરૂર છે.
કોઈપણ ગૂટર ગૂં...વાળા ઉડ્ડયનની સામે
અંધકાર-
એનો મોરચા તરીકે ઉપયોગ કરે છે !

કૂવા-
હવે નિર્વિવાદપણે ઓછા છે-
રોજેરોજના શંખધ્વનિથી ડરતી-ફફડતી ઊંઘમાં;
મોતની શ્લાઘા કરતાં ભજનોની શોધમાં;





અને અતીતના ગુણગાન ગાતી ગર્જનાઓમાં !
અને તોયે જો કે-
હજુ પણ ખાસ્સા છે-
કૂવા !
જેમાં પાગલ અંધકાર હજી પણ કરે છે ગર્જનાઓ !
દુઆ માટે ઉઠતી હથેળીઓ
જે કૂવા સર્જે છે
એની અંદરનો અંધકાર જ પૂરતો છે,
માણસના અસ્તિત્વને ગરક કરી દેવા માટે.
એ કૂવામાં સળવળતો ફણીધર અંધકાર
કોઈપણ છાતીમાં ખીલેલી રોશનીના શ્વાસને
ગ્રસી લે છે !
કૂવા - તમને જોડે છે મૃત સદીઓ સાથે;
કૂવા - તમને ગૂંજતા નશાથી બહેકાવીને
        પોતાના જખમોને ગાતાં શીખવાડે છે;
કૂવા નથી ઈચ્છતા કે
તમારી સ્મૃતિમાંથી નષ્ટ થઈ જાય
દાબડા પ્હેરીને હળ સાથે જોતરાયેલા બળદનું દૃષ્ય !
વસ્તુ કે મશીન નહીં,
હવે કૂવા જ સંપૂર્ણ ફિલસૂફી છે !
કૂવા તો ઈચ્છે છે કે
એની સાથે જોડાયેલી પ્રત્યેક ભયાનકતા,
તમારા અંતરની પછીતે વવાતી રહે !

કૂવા-તમારી સાથે બસમાં મુસાફરી કરે છે;
એની અંદરનો અંધકાર
માણસની ભાષા છીનવીને,
તમને ઘેટાંબકરાંની જેમ બેં...બેં... કરતાં શીખવાડે છે;
કૂવા-તમારી છાતીમાં સરકે છે, શબયાત્રાએથી પાછાં ફરતાં,
જ્યારે-
તમારી અંદર બચી ગયાની કૃતજ્ઞતા ગાતી હોય છે, ત્યારે !
બચવા માટેનું છેવટનું યુદ્ધ ખેલતો અંધકાર, જે હવે-

ભયાનક ખૂંખાર બની ચૂક્યો છે, એ-
દરેક અવરોધને વીંધતો
તમારી ઝગમગતી દુનિયાની આરપાર નીકળવા
મથી રહ્યો છે;
તમારી વાણીની ચમકમાં એકરૂપ થઈ જવા માટે, એ-
પોતાના ગુપ્ત અડ્ડાઓ સમેત
હવે એકદમ તરલ બની ચૂક્યો છે!
એ તરલ અંધકારની સામે
હવે તમે પહેલાંની જેમ
નથી લડી શકતાં - સગવડિયા અને નાછૂટકાની ઠંડી લડાઈ!
આટલા તરલ અંધકાર સામે
તમારું સગવડભર્યું અસ્તિત્વ
તદ્દન અપૂરતું છે !
આટલા તરલ અંધકારની અડોઅડ, પાડોશમાં જીવવા માટે,
તમે નિશસ્ત્ર નથી રહી શકવાનાં !

---

* નસીબદાર; ભાગ્યવાન,
['કૂવા' શીર્ષક ધરાવતી એક લાંબી કવિતાનો સંપાદિત અંશ]
[હસ્તલિખિત પત્રિકા 'હાક' (1982) માંથી].

---

♦ *'બીચ કા રસ્તા નહીં હોતા'*





## યુદ્ધ : એક પ્રતિભાવ

જૂઠું બોલે છે આ વિમાન, બચ્ચાંઓ !
એની વાત સાચી ના માનશો,
તમે તમારે રમ્યાં કરો- ઘર.. ઘર...!

ટાઢોબોળ ચાંદો પડ્યો પડ્યો જોયા કરે છે, ધૂમ્મસમાં-
હાલક ડોલક થતી,
નીચે ઉતરી રહેલ હવાઈ છત્રી;
એની દોરીઓમાં જકડાયેલી લાશ !

આવો અને જુઓ-
એમણે કદર કરી છે પોષની ચાંદનીની !
આવો અને જુઓ-
એમને ખપમાં લાગી છે ગરીબની યુવાની !
રેડિયોને કહી દો-
સમ ખાઈને જવાબ આપે,
ધરતી જો મા છે તો કોની ?!
એ પાકિસ્તાનીઓની શું છે ?!
એ ભારતવાસીઓની શું છે ?!

ચોરો ! સાલા ચોટ્ટાઓ !
ચોરેલો માલ વ્હેંચવા
ક્યાંક બીજે જઈને લડો;
ક્યાંક ઘરવાળા જાગી ના જાય;
સાંભળ્યું છે કે-
જનતાની ધોલાઈ બહુ ભૂંડી હોય છે!

તે
રેડિયો નથી સાંભળતી;

છાપાં નથી વાંચતી;
જહાજ એને
ખેતરમાં જ આવી આપી જાય છે ખબર !
અને હળના હાથાને મુઠ્ઠીમાં ભીંસતી
એ કેવળ હસ્યાં કરે છે, કેમ કે-
એ સમજે છે કે
હળનું ફળું પાગલ નથી,
પાગલ તો હોય છે - તોપ !

અમે
અંધારિયા ખૂણામાં
ચૂપચાપ બેઠાં બેઠાં વિચારીએ છીએ-
હજુ થોડીવાર સુધી
ચંદ્ર ઊંચે ને ઊંચે જશે
ભૂરો... ભૂરો....
ધૂંધળો... ધૂંધળો...

અને અમે
બચ્ચાંઓને પૂછીશું
ચાંદો કાંઈ આવો હોય ?!

---

● *'હમ લડેંગે સાથી'*





## યુદ્ધ અને શાંતિ

અમે-
જેમણે યુદ્ધ નથી કર્યું
તારાં 'સપૂત' નથી, જિંદગી !
અમે-
હંમેશા સજ્જન બનવા મથતાં રહ્યાં,
બે ટંક રોટલા ને ફાટીતૂટી ગોદડીના અવેજમાં
હંમેશા યુદ્ધના આકારને સંકોરતાં રહ્યાં,
નિર્લજ્જતાના ધાગાઓ વડે શાંતિ જેવું કશુંક વણતાં રહ્યાં,
બરછીની માફક હાડકાંમાં ખૂંપેલાં વર્ષોને આયુષ્ય કહેતાં રહ્યાં,
જ્યારે પળે પળ વિફરેલા સગપણની માફક
અમારાં માથા પર તોળાતી રહી
ત્યારે અમે-
પટારામાં ભરાઈને લપાતાં-છૂપાતાં
યુદ્ધને ટાળતાં રહ્યાં

યુદ્ધથી બચવાની લાલસામાં સાવ નાનાં બની ગયાં અમે-
કદીક થાકેલા બાપને ખાઉધરો બૂઢ્ઢો કહ્યો,
કદીક ફિકર-ચિંતામાં ડૂબેલી પત્નીને ચૂડેલનો ઓળો કહી,
ક્ષિતિજ પર સરેઆમ લિલામનાં દૃશ્યો પલટાતાં રહ્યાં - હંમેશા
અને અમે-
કુમળી કળી જેવી દીકરીઓની
આંખમાં આંખ મિલાવતાં ડરતાં રહ્યાં.
અમે-
ધરતી પર ખોદેલા ખાડાને
મોરચામાં પલટતાં ખચકાતાં રહ્યાં.

ડર-
કદીક અમારા હાથ પર વેઠ બનીને ઊગ્યો,
કદીક અમારા માથા પર પાઘડી બનીને શોભ્યો,
કદીક અમારી અંદર સૌંદર્ય બનીને મ્હેંક્યો,
કદીક આત્મામાં સજ્જનતા બનીને ફૂટ્યો,
કદીક હોઠ પર ચાડી બનીને બડબડયો;
ઓ જિંદગી ! અમે-
જેમણે યુદ્ધ નથી કર્યું :
તારા દગાબાજ દીકરા છીએ !

યુદ્ધથી બચવાની લાલસાએ
અમને કચડી નાખ્યાં ઘોડાની ખરીઓ તળે,
જે શાંતિ પાછળ ઢસડાતાં રહ્યાં અમે
એ શાંતિ-
વાઘના જડબામાંથી લાળ બનીને ટપકતી રહી.
શાંતિ ક્યાંયે નથી,
આત્મામાં છૂપાયેલાં શિયાળવાની લાળી જ સર્વસ્વ છે !

શાંતિ-
બે ઘૂંટણો વચ્ચે માથું નાખીને જિંદગીને સ્વપ્નોમાં જોવાનો કિમીયો છે;
શાંતિ-
આમ તો કૈં જ નથી.
ભૂગર્ભવાસી સાથીની નજર ચૂકવીને ગટરમાં ગરકી જવું જ સર્વસ્વ છે !
શાંતિ-
ક્યાંયે નથી હોતી,
નારાનાં ગર્જનોથી ગભરાઈને આપણી પોતાની ચીસમાં જ
સંગીતનો સૂર, લય કે લ્હેકો શોધવો જ સર્વસ્વ છે !
આ સિવાય શાંતિ-
કશે નથી.

ડીઝલની તંગીને લીધે બળતો પાક,





બૅંકોની ફાઈલોની આંટીઘૂંટીમાં અટવાતાં ગામ,
અને શાંતિ માટે ફેલાયેલા હાથ-
આપણા યુગની સૌથી ભદ્દી મજાક છે !
શાંતિ-
કાંડામાં ખૂંચેલી ચૂડીના આંસુ જેવડો જખમ છે;
બંધ દરવાજાઓ પાછળ મરી રહેલી હવેલીઓનું હાસ્ય છે;
ચોતરે અપમાનિત થતાં પળિયાંની આહ છે;
શાંતિ બીજું કશું નથી !

શાંતિ-
દુ:ખ અને સુખની સીમા પરના સંત્રીની રાયફલ છે;
ગંદાગલીચ વિદ્વાનોના મોંમાંથી ટપકતી લાળ છે;
પુરસ્કાર લેવા લંબાયેલા કવિઓના હાથની 'જોડ' છે;
પ્રધાનોએ ધારણ કરેલી ખાદીની ચમક છે;
શાંતિ બીજું કશું નથી !

શાંતિ-
ગાંધીની પોતડી છે, જેને ખાતર-
ચાળીસ કરોડની જનતાને ફાંસીને માંચડે ચઢાવી શકાય છે;
શાંતિ માગવાનો મતલબ છે-
યુદ્ધને જલીલતાની હદે લડવું;
શાંતિ ક્યાંયે નથી !

યુદ્ધ વિના અમે-
એકલા-અટૂલા પડી ગયા છીએ;
અમારી જ આગળ દોડતા-દોડતાં હાંફી ગયા છીએ;
એકદમ બદ્ધ બની ગયાં છીએ;
બસ એક જ ઝાપટમાં સાફ થઈ જઈએ છીએ;
યુદ્ધ વિના અમે-
દોસ્ત નથી,
જૂઠી-ભ્રામક ભાવનાઓની કમાણી ખાઈએ છીએ !

યુદ્ધ-
પ્રેમના શિખરનું નામ છે;

લોહી માટેની લાગણીનું નામ છે;
જીવવાની ધખનાનું નામ છે;
કોમળ કામનાઓની માલિકીનું નામ છે;
શાંતિની શરૂઆતનું નામ છે!

યુદ્ધમાં -
રોટીની સુંદરતાને પામવા જેટલી સૂક્ષ્મતા છે;
શરાબની મ્હેંક જેવો અહેસાસ છે !

યુદ્ધ-
દોસ્તી માટે લંબાયેલો હાથ છે;
પ્રિયતમા માટે આંખમાં આલેખાયેલો પત્ર છે;
ગોદમાંના બાળકની માના દૂધ પર ટેકવાયેલી માસૂમ આંગળીઓ છે;
યુવતીની પ્હેલી 'હા' જેવી 'ના' છે;
ખુદ પોતાને જ કરાતું મોહક સંબોધન છે !

યુદ્ધ-
આપણાં સંતાનો માટે દડો બનીને આવશે;
આપણી બહેનો માટે કલાત્મક ભરતકામ લઇને આવશે;
પત્નીઓના સ્તનોમાં દૂધ બનીને ઊભરાશે;
ઘરડી માવડી માટે નજરનો નજારો બનીને આવશે;
વડીલોની કબરો પર ફૂલ બનીને ખીલશે !

સમય-
ખાસ્સા લાંબા ગાળાથી
બેકાબૂ ઘોડો બનીને દોડ્યો છે.
અમને જિંદગીથી ઘણે દૂર દૂર ઘસડી ગયો છે !
બીજું કશું નહીં,
બસ યુદ્ધ જ એ ઘોડાની લગામ બની શકશે !
બસ યુદ્ધ જ એ ઘોડાની લગામ બની શકશે !

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*





---

યુદ્ધ - આપણાં લોહી અને હાડકાંમાંથી પસાર થશે-
શુષ્ક આંધીની જેમ,
ઠેર ઠેર પોતાની નિશાનીઓ છોડતું
અધીરાઇપૂર્વક વર્ષા માટે તડપાવતું.
યુદ્ધની પીડાથી
આપણા દેશનું રૂપ ખીલી ઉઠશે;
યુદ્ધના જખમ
આપણને ખીલેલાં ફૂલોને અનુભવતાં શીખવશે,
આપણે પામી શકીશું તાતાં ચુંબનની તીવ્રતાને;
આકાશની નિરભ્રતા વડે
આપણે ભરી લઇશું આપણું અંતર.

અને ત્યારે-
આરંભાશે એક બીજું યુદ્ધ
મસ્ત માદક મોસમો માટે.
એમાંથી પાંગરશે
પીડા ભોગવીને ઉછરેલો પ્રેમ,
જિંદગીની ઘરતીમાંથી ફૂટીને
ભૂતકાળમાં વહી ગયેલું લોહી
આપણા ભાલ પર તિલક બનીને શોભશે.

---


* સંભવતઃ 'યુદ્ધ અને શાંતિ' કવિતાનો નહીં પ્રકાશિત થયેલો અંશ

---


- *'સમય ઓ ભાઈ સમય'*

## વિભાગ - ૨

# સમય ઓ ભાઈ સમય



સમય ! ઓ ભાઇ સમય !
કૈંક તો કહે -
અમે તને શું કરવા છેડીએ.... છંછેડીએ ?
અમારો વખત તો છે ગુનેગાર
કઇ રીતે પાર કરીએ અમે આ ભવસાગર ?!







બસ....
પત્ની ને એક બાળક
બીજું કંઇ ન્હોતું પાછળ છોડી જવા
એની પાસે,
કબર માટે એક ઢેખાળો સુધ્ધાં નહીં !

એની પાછળ મરનારી જે છોડી ગઇ, એ હતું
એક મુરઝાયેલું ફૂલ ને એક બાળક
બીજું કંઇ ન્હોતું બચ્યું પાછળ,
એક જોડ કપડાં સુધ્ધાં નહીં !

મરનાર બાળક પોતાની પાછળ છોડી ગયું
એક લકવાયેલો પગ,
એક સૂકાયેલું આંસુ,
બીજું કંઇ જ ન્હોતું પાછળ છોડવા માટે
સ્મૃતિ સુધ્ધાં નહીં !

મરનાર સૈનિક છોડી ગયો પાછળ
એક તૂટીફૂટી રાયફલ
અને એક ધોખેબાજ દુનિયા,
બીજું એની પાસે હતું પણ શું ?....
.... પોતાની પાછળ છોડી જવા માટે....?!

મરનાર સૌ છોડી ગયાં પાછળ-
એક મને - જીવતો
એક તમને- જીવતાં
બીજું તો કંઇ ન્હોતું બચ્યું - પણ....
બીજું તો કંઇ ન્હોતું બચ્યું - પણ....

---

● 'સમય ઓ ભાઇ સમય'

## શૂળની પીડા

**[* *એ માણસના નામે - જેના નામથી કોઈ સંવત શરૂ થતી નથી.*]**

એ ખાસ્સું લાંબું આયુષ્ય ભોગવતો રહ્યો
જેથી એનું નામ અમર બને.
દુનિયા ઘણી મોટી હતી
અને એનું નામ સાવ નાનું.
આખી જિંદગી એ એક જ ઝૂંપડીમાં સૂતો રહ્યો;
આખી જિંદગી એ એક જ ખેતરમાં હાજતે જતો રહ્યો;
અને ઇચ્છતો રહ્યો કે-
એનું નામ અમર બને.

આખી જિંદગીમાં એણે માત્ર ત્રણ જ અવાજો સાંભળ્યા'તા-
એક કૂકડાની બાંગનો
એક ઢોરોના ભાંભરવાનો,
અને એક એના જડબામાં ચવાતા રોટલાનો.
ટેકરીઓની રેશમી રોશનીમાં ડૂબતા સૂર્યનો સ્વર
એણે ક્યારેય ના સાંભળ્યો;
વસંતમાં ફૂલોના ખીલવાનો ધ્વનિ
એણે ક્યારેય ના સાંભળ્યો.
તારાઓએ પણ કદી એના માટે ગીત ના ગાયું.

આખી જિંદગી એ માત્ર ત્રણ જ રંગોને ઓળખતો રહ્યો-
એક માટીનો હતો
જેનું નામ એને કદી ન્હોતું આવડ્યું;
એક આસમાનનો હતો
જેનાં કૈંક નામ હતાં, પણ એની જીભે ન્હોતાં ચઢતાં;
એક એની ઘરવાળીના ગાલનો હતો
જેનું નામ શરમના માર્યા એણે ક્યારેય ન્હોતું લીધું.





એ ધારે એટલાં મૂળિયાં ખાઈ શકતો'તો;
સૌથી વધારે ભૂટ્ટા ખાવાની શરત
એ કૈંકવાર જીતી ગયો'તો;
પણ એ પોતે
બિનશરતી ધોરણે જ ખવાઈ ગયો.
પાકાં તડબૂચ જેવાં એનાં વર્ષો
કાપ્યાં વિના જ ગળચી જવાયાં;
કાચા દૂધ જેવી એની પ્રકૃતિ
લિજ્જતપૂર્વક પી જવાઈ;
એને કદી ભાન પણ ના થયું કે
પોતે કેટલો તંદુરસ્ત હતો !
અને પેલી લાલસા-
નામ અમર બનાવવાની
મધમાખીની જેમ એનો પીછો કરતી રહી.
એ પોતે જ
પોતાનું
પૂતળું બની ગયો
પણ એનું પૂતળું કદી
પર્વ ન બની શક્યું.

એના ઘરથી કૂવા સૂધીનો રસ્તો
હજી આજેય જીવે છે
પણ અગણિત પગલાં તળે
એનાં પગનાં નિશાન દબાઈ ગયાં છે.

હજુ પણ એક શૂળની પીડા હસી રહી છે,
હજુ પણ એક શૂળની પીડા હસી રહી છે.

---

♦ *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

# આજનો દિવસ

લાગે છે-
આ પ્રભાત નથી
મોતની હથેળી પર ઠીંગરાઈ ગયેલું સ્મિત છે;
રાતની રોઈ-રોઈને સૂજી ગયેલી આંખો છે;
સૂર્ય જેવું ક્યાંયે કશું છે જ નહીં

કબૂતરોની ગૂટરગૂંથી કંઈ કહેતાં કંઈ આરંભ ન પામ્યું;
કદાચ આજનો દિવસ
બચના અફીણીની આહથી શરૂ થયો છે, જેના-
ભીંજવેલા અફીણના કટોરાને બિલ્લીએ ઊંધો વાળી દીધો'તો.
કદાચ આજનો દિવસ
કરમૂના સૂકાભઠ્ઠ ખેતરમાં ઊગ્યો છે, જેના-
ખીલે બાંધેલા બળદને રાત્રે સરકારી સાંઢ સપાટે ચઢાવી ગયો'તો.

આજનો દિવસ
ફાટેલા દૂધની ચા જેવો છે, જે-
વિધવા રતનીના ગળેથી માંડ માંડ નીચે ઉતરી રહ્યો છે;
આજનો દિવસ
પાગલ હરકિશનની ગાળાગાળીના કાંઠે
લથડતો-લથડતો ચાલી રહ્યો છે;
આજનો દિવસ
અમરા ભંગીના ગળે લટકતા તાવીજની જેમ
ઉઘાડા ડિલની ખામોશી પાર કરી રહ્યો છે.

લાગે છે-
આજનો દિવસ
લાશમાંનું લોહી છે





કે પછી-
ઉદાસ વૃધ્ધની ઊધઈ ખાધેલ બારણાની બારસાખ પર ચોંટેલી
ટગર ટગર છે
કે પછી-
વાંઝણી સ્ત્રીએ ચોકમાં કરેલો ટૂચકો છે;
આજનો દિવસ
અત્યાચારી પ્રધાનમંત્રીએ ફરમાવેલો દફ્તરી-માતમ છે;
કે પછી-
ગંધાતા કોથળામાં બુઝાવીને મૂકેલું બીડીનું ઠૂંઠું છે;
કે પછી-
સાતમામાં નાપાસ થયેલી બાળકીની ઓઢણીમાં
સૂકાઈ ગયેલાં સૂક્કી આંખોનાં આંસુ છે.

આજનો દિવસ
ધાર્મિક માનતાનો દિવસ નથી,
બાળકની બબડતી નીંદર છે.
આજનો દિવસ
સીંચી સીંચીને ઉછેરેલું આતંકનું વૃક્ષ છે;
રાજકીય હિંસાની શણગારેલી ઘોડી છે;
આજનો દિવસ
દુશ્મને ખેતરમાં આપેલો પડકાર છે.

આજનો દિવસ
કોઈ પૂજારીના શંખ ફૂંકવાથી નહીં આથમે;
આજનો દિવસ
કદાચ બહુ દૂર દૂર જશે
અને પંખીઓ થાકી જશે - સંધ્યાની પ્રતીક્ષામાં,
આજનો દિવસ
કદાચ બહુ દૂર દૂર જશે.

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

## લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ

આજકાલ મને આખબારોનો બહુ ડર લાગે છે
જરૂર એમાં ક્યાંક ને ક્યાંક
કશુંયે ન બનવાનાં સમાચાર છપાયા હશે.
કદાચ તમે નથી જાણતાં,
શક્ય છે કે જાણતાં પણ હો
કેટલું ભયાનક છે - ક્યાંયે કશું ન બનવું !
લગાતાર નજરનું હાંફતા જવું !
સર્વસ્વનું ચૂપચાપ પડી રહેવું - કોઇ ઠંડી સ્ત્રીની માફક !

મને તો આજકાલ
ચોરેચૌટે થતી ગપસપ પણ એવી લાગે છે, જાણે-
કોઇક વ્હેરાવા માંગતા વૃક્ષને
સાપ કુંડાળે ઘેરીને બેઠો છે !
મને ડર છે -
ખાલી ખુરશીઓ જેવી અભાવગ્રસ્ત ભાસતી આ દુનિયા
આપણા વિશે
કેવું ઉલટું સીધું વિચારતી હશે !
અફસોસ ! સદીઓ વીતી ગઇ છે
રોટી, કામ અને સ્મશાન હજુ પણ એમ જ માનતાં હશે કે
આપણે એમને ખાતર જ છીએ !
હું મુંઝાઉં છું
કઇ રીતે સમજાવું
શરમાતી સવારો, સંગઠિત રાત્રિઓ અને ભલીભોળી સાંજોને કે-
આપણે કંઇ એમની સલામી ઝીલવા નથી અવતર્યાં !
વળી આજકાલ
સાથીના સંગાથ જેવું ક્યાં કશુંયે છે ?-





જે આલિંગન માટે ફેલાયેલા બાહુઓથી
હાથ છેટા અંતરે
સાપની માફક વળ ખાતું રહે ?
આજકાલ તો દુર્ઘટનાઓ પણ સર્જાય છે તો એવી,
કે જાણે-
કોઇ હાંફતો બુઢ્ઢો
વેશ્યાનો દાદર ચઢી રહ્યો હોય !
ક્યાંયે કશું એવું કેમ નથી બનતું, કે જાણે
કોઇ પહેલીને કોઇ પહેલો મળતો હોય !?

ભલા, ક્યાં જઇ પ્હોંચશે
એક શીંગડાવાળી કબરની આગળ દોડતો
મહાત્માઓનું વરદાન પામેલો આ દેશ ?
છેવટે ક્યારે પાછાં ફરીશું
ઘટનાઓની જેમ પસાર થતાં રહેલાં ઘરોમાં આપણે-
જિંદગીના ટકોરાથી દેશનિકાલ થયેલાં જણ ?
અને તાપણાંની આજુબાજુ બેસીને
ક્યારે સંભળીશું નખરાળી અગનઝાળના મિજાજની વાતો ?

એક ને એક દિવસ તો જરૂર-
આપણાં ચુંબનોથી ઉપસાવીશું મોસમના ગાલ પર નિશાન;
અને ત્યારે આખી દુનિયા
એક અદ્‌ભૂત અખબાર બની જશે, જેમાં-
કંઇક ને કંઇ બનવાના સમાચારો છપાયા કરશે.
એક ને એક દિવસ તો.....

● *'હમ લડેંગે સાથી'*

## ગઈ કાલ

ગઈ કાલે અમારા ગામમાં કૈં કહેતાં કંઈ જ ના બન્યું !
પરમદા'ડો તો કદાચ હરામનો હમેલ હતો,
જેને ગામના ઉકરડે નાંખીને
જતી રહી'તી કિરણોની કિકિયારી;
આમેય ઘરવાળાંની વઢ તો ખાવાની જ હતી
એટલે દયા ખાઈને
એને વગડે નાંખી આવી - છાણાં વીણતી છોકરીઓ;
જો કે આમેય ગઈ કાલની પરવા કોઈનેય ન્હોતી.

દૂધવાળાની સાયકલની ચેઈન
સાવ ખખડધજ હતી - તૂટી ગઈ;
ભૂરી ભેંસનાં રેશમી આંચળોમાં કે
ગળી ગયેલા ખેતમજૂરના ઉઘાડા પગમાં
ઘસાઈને ઉતરી બળદની ખરીઓ, કે પછી
મરી ગયો ટ્રકની નીચે કચડાઈને
ખાવા માટે દોડતો કૂતરો;
છોકરાંઓ લખોટીઓ રમતા રહ્યાં,
છજામાં ઊભી ઊભી સરપંચની દીકરી
ખાસ્સીવાર સુધી વાળ ઓળતી રહી;
ગઈ કાલે અમારા ગામમાં કૈં કહેતાં કંઈ જ ના બન્યું !

ગઈ કાલે પણ અમારી પાસે મ્હોં હતાં - ચ્હેરા ન્હોતા;
ગઈ કાલે પણ અમે સમજતા રહ્યાં કે - વિચાર દિલ જ કરે છે;
ઈશ્વર ગઈ કાલે પણ આકાશની ભૂરાશમાં કેદ જ રહ્યો,
નિરાશ ભરવાડના વાડામાં એની
ગઈ કાલે પણ ગેરહાજરી જ નોંધાઈ;
ગઈ કાલે પણ રહ્યો અમને વિશ્વાસ કે





મથુરાનો રાજા હકીકતમાં સુદામાનો મિત્ર જ હશે,
નહીં તો એ એના પગ ધોઈને શા માટે પીવત ?!
ગઈ કાલે પણ અમને કૃષ્ણની આશા જેવું કશુંક રહ્યું;
ગઈ કાલે અમારા ગામમાં કૈં કહેતાં કંઈ જ ના બન્યું !

ગઈ કાલની આમેય કોને પરવા જ હતી ?
ગઈ કાલ કરતાં વધારે અમને તેજ તમાકુની તલપ હતી !
શો ફરક પડત-
જો મંદિરનો ઘંટ બે વખત ન પણ વાગ્યો હોત તો ?!

---

'સમય ઓ ભાઈ સમય'

# રોજેરોજ આવું જ બન્યા કરે છે

રોજેરોજ આપમેળે જ ઊગી નીકળે છે
પાનખરનો ગીચ તડકો !
ચૂલાનો ધૂણો
છત પર ચીતરી દે છે એક આબાદ નકશો-
માણસની અંદરના દેશનો નકશો !
જેને ખાતર જાન પણ કુરબાન કરી દેવાય-એવો નકશો !

રોજેરોજ આપમેળે જ રણકી ઊઠે છે કામ
અને ધરતી આખી બની જાય છે કાન,
જે કુંવારી કન્યાની માફક
પોતાનાં આસમાન જેવાં નયનો મીંચીને સાંભળે છે
આછું આછું સ્રવતા
પહેલવેલ્લા માસિકનું દર્દ !

રોજેરોજ આવું જ બન્યા કરે છે
ઘરવાળીઓનાં માથાં પર ગોઠવાયેલી શિરામણની પોટકી
વાતાવરણમાં બંનતી રહે છે
ઈતિહાસ જેવી વાંકીચૂકી રેખા !
રોજેરોજ બળદોના પેઢવામાં પ્રસરતો રહે છે
જાડાંલઠ્ઠ ડાંખળાંનો અણગમતો સ્વાદ !
મરી ગયેલી રોગિષ્ટ ઘરેલુ મુર્ગીનું માંસ
ગળામાં ખૂંચતું રહે છે !
રોજેરોજ-
કૂતરાની આંખોમાં મરી પરવારે છે આશા !
રોજેરોજ-
એકના એક જ સમયે ઊગે છે
કિસાનના કૂતરાની હોજરીમાં છેલ્લા કોળિયાની ફિકર!





રોજેરોજ આવું જ બન્યાં કરે છે
રોજેરોજ દબાવી દે છે દીકરીઓ
તાજા છાણની ઢગલીમાં
કાચી કુંવારી જિંદગીની આગ !
કુંભારનો ચાકડો રોજેરોજ
માટીમાંથી આકારે છે
જિંદગીની ચિનાબમાં વહી ગયેલી સોહિણી*નો આકાર !
રોજેરોજ જટિયામાંની જૂઓને ભાંડતા વૃદ્ધો
અધવચ્ચે જ ભૂલી જાય છે
સુખમણી સાહેબની વાણી !
રોજેરોજ રહી રહીને લોહી થૂંકતી રહે છે
હજામ પાસે પગનાં વાળ કપાવતાં છોકરાંની ગાળાગાળી અને
ગલીચ મજાકો !

રોજેરોજ આવું જ બન્યા કરે છે,
રોજેરોજ
મને બધું જ શેકાયેલા કબાબ જેવું લાગે છે,
જે અબઘડી જ ટેબલ પર પીરસાશે
ખુરશીને જમવા માટે !

* પંજાબની લોકકથાની નાયિકા

'સમય ઓ ભાઈ સમય'

સૂક્કા, રેતાળ પ્રદેશમાં
જ્યાં મારો જન્મ થયો,
ત્યાં મગફળી ને ઘઉં સિવાય
માણસ નામની એક ફસલ પણ પાકે છે;
જેને વાસ્તવમાં
બિયારણ, ખાતર અને સિંચાઇની અનિવાર્યતા હોય છે !
પણ આ આપણે છીએ,
કે ભગવાન ભરોસે ઉછરીએ છીએ !
અને વળી
અહીંના લોકોનો
ભગવાન સાથે અજબ સંબંધ છે
તેઓ ચાલે છે
તો રેત ફાકતા ફાકતા.... !

'સમય ઓ ભાઇ સમય'





હું ખુશી-મઝામાં છું, તારી ખબર આપજે.
ખબર આપજે - મહાસાગરના તળિયે સૂતેલાં જહાજોની;
ખબર આપજે - મુસાફરીના શોરબકોરની;
થડકારાની, એ થડકારાથી સર્જાતી ધમણની;
ખબર આપજે - ઇશ્વરના મૃત્યુથી શ્રધ્ધાળુઓનું શું થયું ?
(ખબર આપજે - જેમણે ઇશ્વરની કતલ કરી એ શ્રધ્ધાળુઓનું શું થયું ?)

કો'ક ભાષાના, કો'ક ભાવનાઓના જે કસાઇઓ
બાખડી પડ્યા'તા - એમાંથી કોણ શક્તિશાળી પુરવાર થયું - જલ્દી જણાવજે;

ખબર આપજે - એ ચોરો પકડાયા કે નહીં,
જેમણે સાજી-નરવી હિન્દીનું કચુંબર કરી નાંખ્યું !
જેમણે બડબડાટ કરી કરીને ભાષાને કીચડમાં ફેરવી નાંખી;

ખબર આપજે - પૂરમાં
પાણી ઓસરવાની લાલસા વહી ગઇ કે બચી ગઇ ?

'સમય ઓ ભાઇ સમય'

આજે એમણે-
દોસ્તો અને દુશ્મનો વચ્ચેની ભેદરેખા પણ
ભૂંસી નાંખી છે;
એમણે-
લેનિનની છબિ ઉઠાવીને ચાલનારાંઓએ,
આ ગાંધીની વરસી ઉજવનારાંઓએ.

મહેલોમાં સોફા પર બિરાજીને
ક્રાંતિની વાતો કરવી એ મજાક છે !
કેટલી પવિત્ર મજાક !
ફાંસીને માંચડે શહીદ થઇ ગયેલાંઓની
આનાથી વધારે પવિત્ર
બીજી કઇ મજાક હોઇ શકે ?!

જો પથ્થરના ગાંધીના જરા અમથા પિષ્ટપેષણ પર
પ્રોટેસ્ટ, ભૂખ હડતાળ, તપાસ, માંગણીઓ થઇ શકતી હોય,
તો તો જીવતા ગાંધીઓને પણ ઉશ્કેરી શકાય કે એ-
દેશ આખાની ભાવનાઓને ગૂંચવતાં રહે
અને કતલ કરતાં રહે
વીણી વીણીને એકેએક ભગતસિંહની.... !

'સમય ઓ ભાઈ સમય'





એ પહેલાં કે-
રવિવાર રમી જાય તમારા હાડકાંમાં
અઠવાડિયાના બધા જ વાર બનીને,
મારાં દેશવાસીઓ !
આવો, આપણે પી જઇએ સવારની વ્યાકુળતા !

એ પહેલાં કે-
છોકરી વત્તા છોકરો બરાબર બાળક બને,
મારાં દેશવાસીઓ !
આવો, આપણે સંબંધોની જેમ જ
જરૂરિયાતોની સંસ્થાઓમાં ધોવાઇ જઇએ !

એ પહેલાં કે-
'યૂનો'ના માનપાન કાપીકૂપીને
સરહદોને ચરાવી દેવામાં આવે,
મારાં દેશવાસીઓ !
આવો, આપણે મસ્તફકીરીનો પ્રસ્તાવ
મંજૂર કરાવી દઇએ !

'સમય ઓ ભાઈ સમય'

## હું પૂછું છું

હું પૂછું છું-
આસમાનમાં ઊડતા સૂરજને
શું સમય એનું જ નામ છે, કે ઘટનાઓ-
મદમસ્ત હાથી બનીને કચડતી રહે
એક આખેઆખ્ખા માણસની ચેતનાને ?
કે દરેક સવાલ
શું શ્રમ કરનાર શરીરના જ વાંકને લીધે પેદા થાય ?

કેમ સંભળાવવામાં આવે છે
દર વખતે એકની એક જ દંતકથા ?
કેમ કહેવામાં આવે છે કે
અમે જીવીએ છીએ ?
જરા તો વિચારો....
આપણામાંથી કેટલાનો નાતો
જિંદગી નામના કોઈ પદાર્થ સાથે છે ?!

ઈશ્વરની આ કેવી કૃપા છે
જે ઘઉં ભરનારા ફાટેલા હાથ ઉપર અને
બજાર વચ્ચે ગોઠવાયેલી ગાદી પર પ્રસરેલા
પેલા માંસના લથપથ લોંદા ઉપર
એક જ સમયે ઉતરે છે ?!

કેમ ?
શા માટે ?
બળદની ઘંટડીઓ
અને પાણી ખેંચતા પંપોના ઘોંઘાટ વચ્ચે
ઘેરાઈ ગયેલા ચ્હેરાઓ ઉપર
થીજી ગઈ છે - એક ચીખતી ખામોશી ?!





કોણ ખાઈ જાય છે...
તળીને... સાંતળીને...
ઘાસ નીંદતાં
નંદવાયેલા અરમાનોવાળા પહેલવાનોના બાહુઓમાંની માછલીઓ ?!

કેમ આજીજીઓ કરે છે
મારા ગામનો કિસાન
એક મામૂલી પોલિસવાળાને ?!

કેમ કચડાઈ રહેલા
માનવીની ચીસોને દર વખતે
કવિતા કહી દેવામાં આવે છે ?

હું પૂછું છું-
આસમાનમાં ઊડતા સૂરજને.

- *'હમ લડેંગે સાથી'*
- *'સમય ઓ ભાઈ સમય'*

## દોસ્તો સાથે વાત

*[કવિ-પત્રકાર મિત્ર શમશેર સંધૂને સંબોધીને લખાયેલ કવિતા]*

ના, શમશેર !
હું કોલંબસ નથી.
ન તો હું ભારત શોધવા નીકળ્યો'તો, ન અમેરિકા.
મારું તો પોતાનું ઘર જ
કોણ જાણે કેમ
આનંદપુરના કિલ્લાની જેમ સલામત નથી રહ્યું !
મેં સૂક્કી સિરસા[1] પાર કરી -
ને ઘરવાળાંઓની આંખોમાં ફફડવા માંડ્યાં ઘુવડ.
ને બસ, ત્યાર પછીથી તો -
વૃક્ષોની ડાળ પરથી દેખાતાં દૃષ્યો
નરી અતિશયોક્તિ બનીને જ ભાસે છે !

હવે તો ચિંતા એ છે, શમશેર !
મારામાં વસી ગયેલ પરદેશ
તારા પંજાબને ક્યાંક ગળી ન જાય !
ત્યાં સુધી કોઈ વાંધો ન્હોતો
જ્યાં સુધી - મંજકી[2]વાળા આપણા ગામ સાથે
બેટી-બેટાનો વહેવાર કરતાં કતરાં'તાં;
જ્યાં સુધી - માલવા 'હરિના પતન'[2]થી શરૂ થતું'તું;
જ્યાં સુધી - અમૃતસર, બાબા બકાલા[2]
ઢાઢીઓ[3]ની સારંગીમાં જ સમાઈ જતું'તું !
ત્યાં સુધી તો કોઈ કહેતાં કોઈ ભય ન્હોતો
જ્યાં સુધી પરદેશ -
મારા અસ્તિત્વની બહાર જ બહાર હતું !

હવે તો શમશેર,
સૂક્કી સિરસા[1] પાર કર્યા પછી





રસ્તામાં ભલે કોઈ ચમકૌર[2] કે સરહિંદ[2] ન આવે,
ફરીથી નહીં મળાય !
ટુકડે-ટુકડા થઈને વિખરાઈ ગયો છે - ગરીબ ઘરનો નકશો.
દોસ્ત !
મારે ક્યાં રોકાવું'તું માછીવાડા[2]ની ઝાડીમાં ?!
કોણ જાણે ક્યારે અને કઈ રીતે
ઝાડી ખુદ મારી અંદર વસી ગઈ !
ને બસ, ત્યારથી -
ઝાડીમાંથી દરરોજ કોઈ
(તું બીજા 'આલમગીર'[4] માટે ના સમજીશ)
મારી નહીં જન્મેલી દીકરીને પત્રો લખે છે.
એ પત્રોમાં -
નથી હોતાં કોઈ ખુશીમઝામાંના ખબર
કે નથી હોતું રામરામ.
બસ, લખ્યું હોય છે -
સાડા ત્રણ હાથનો માણસ પણ
રમતવાતમાં
ભારે ભરખમ હાથીને સીધો દોર કરી દઈ શકે છે !
કે પછી, લખ્યું હોય છે -
ધરતી નહીં, માત્ર સૂર્ય જ પ્રકાશી શકે છે !
ક્યારેક એ લખી નાખે છે
ગુડ્ડી ! આ ધરતી ગમ્મે એટલું જોર કરે
સૂર્યના ઝળહળાટમાંથી કદી બહાર નહીં નીકળી શકે !
શમશેર !
એ દુશ્મન ન જાણે મારી દીકરીને
શું શું શીખવાડવા માંગે છે ?!
એના પત્રોમાં -
વાંદરાની માણસ બનવાની,
માણસની શિકારી બનવાની વ્યથા
આલેખાયેલી હોય છે !
અરે ! એ નહીં જન્મેલી માસૂમ બિચારીને ક્યાં
ચીનની દીવાલ તોડવી છે ?

કે મિસરના પિરામીડોમાંનાં મમીઓનાં આભૂષણો ચોરવાં છે ?
મને તો લાગે છે -
એ માણસ બદમાશ છે.
માર્કોપોલોના ઘરની જેમ
મુજ પરદેશીની રહીસહી મૂડી હડપ કરી જવા માંગે છે.
શમશેર !
તમે દોસ્તો મળીને એને કૈંક કહો.
બાસી[૫], બિલ્લા[૫], લખબીર[૫] !
તમારી એ ફરજ નથી ?!
એ માણસને કહો -
આવા પત્રો
મારી દીકરીને ના લખે !
પોતાની પાસે સાચવી રાખે !
કદીક પુસ્તક સ્વરૂપે છપાવે,
થોડો લાભ થશે -

કાશ !
મને ખબર હોત -
આંબેડકર દવાવાળાઓના ડૉક્ટર નહોતા;
તો હું પરદેશી દવાઓ લાવતાં પહેલાં
કોઇ દેશી વૈદ પાસે જાત.
તો -
મારી નહીં જન્મેલી દીકરીના અસ્તિત્વ ઉપર
આવા અશુભ પત્રોના ઓળા ન ઉતરત,
અને પરદેશ
તૂટતા તારાના તેજોમય લિસોટાની માફક આપણી ખીણોમાં
મકાઈની માફક ઊગી ના નીકળત;
પરદેશ -
જી.ટી. રોડ પર પલ્ટી મારી ગયેલ ટ્રકની જેમ
દોઆબ[૬]ના મેદાનોમાંના આંબાઓ ઉપર
મ્હોર બનીને ઊગી ન નીકળત !
શમશેર ! હવે તો -





તારા પૂરણસિંહ[૭]નું પંજાબ
આ પરદેશમાં ખાલી એક અરજ છે.
અરજ-
ગીચ ઝાડીઓ વચ્ચે ખરતી જતી કાચી દીવાલના
થોડા દિવસ માટે બચી જવાની !

દોસ્તો ! ફિકર કરતા રહેજો,
આ ભૂરિયા પરદેશની થાપટ -
કો'ક દા'ડો શંકરના મેળાના અખાડામાં આવીને થૂંકે નહીં;
ક્યાંક એ રત્તોવાલ[૨]થી મુલ્તાન ભણી ફંટાઇ જાય નહીં;
એનું કંઇ કહેવાય નહીં,
ક્યારે એ પાસલે[૨]ની રામલીલાના તખ્તા પર ચઢી જઇને
રાવણ કે રામનો વેશ ભજવવા માંડે !
દોસ્તો ! ફિકર કરતાં રહેજો -
આ વખતે ચાળીસમાંથી એક બચે તો-
મહેલમાં ના મારતાં !
આ સારો મોકો છે, એનો લાભ લેવાનો;
મહાસિંહ બુર્ઝ્વાલા જો ભપકી મારે તો -
રોકશો નહીં;
બને,
એવું બને પણ ખરું કે -
'બંદા' ફરીથી પ્હાડ પરથી ઉતરી આવે;
કૈથલ[૨]માં નહીં તો,
કોઇપણ ભોગે સેંઢોર[૨]માં તો
એના દળની સાથે મળીને આપણે -
વતન પાછાં ફરીશું !
આપણે ફરીથી મળીશું
શુષ્ક સિરસાથી તરછોડાયેલાં સૌ કોઇ -
કોઇ ડૉલરના ધૂમાડામાંથી,
કોઇ રિયાલની રેતીમાંથી,
કોઇ પાઉંડની ચકાચોંધમાંથી -
આપણે આ[illegible]ીશું

કતારબંધ !
આ મોર, હીરા અને હરણાંની ધરતી પર !

દોસ્તો ! ફિકર કરતા રહેજો.....
દોસ્તો ! ફિકર કરતા રહેજો....

---

૧ નદીનું નામ.
૨ ગામોનાં નામ.
૩ વણઝારા જેવી વિચરતી કોમ
૪ ઔરંગઝેબ
૫ 'પાશ'ના મિત્રો
૬ બે નદીનો સંગમ
૭ પ્રસિધ્ધ પંજાબી કવિ

---

● *'સમય ઓ ભાઈ સમય'*





# રાતને

માથું ઝૂકાવીને ઊભો છે- ઉદાસ બાજરો,
વાત નથી કરતા - તારાઓ પણ,
આ રાતને થયું છે શું ?

ઓ રાત !
તું ઉદાસ ના થઈશ મારે ખાતર;
તું મારી ઋણી નથી.
રહેવા દે, રહેવા દે, રાત !
તું એ રીતે ના વિચાર, કે
આ વાગોળતાં ઢોર કેટલાં ચૂપ છે ?
ગામની ગરમ મોસમ કેટલી શાંત છે ?

રાત ! તું મારી આંખોમાં જો...
આ આંખો-
હવે એ બાંકે બિહારીને ફરી નથી જોઈ શકવાની,
જે બાંકે બિહારીની આજે અખબારોએ વાત કરી છે.

રાત ! તારો એ દિવસનો મૂડ ક્યાં ગયો ?
જ્યારે એ-
પહાડી ઝરણાના પાણીની માફક
ધસમસતો આવ્યો હતો !
ચંદ્રની ચાંદનીમાં
પહેલાં અમે ભણ્યાં
પછી ચોરોની જેમ ચર્ચાઓ કરી
અને પછી ?
પછી ઝઘડી પડયાં.
ત્યારે તો તું પ્રસન્ન હતી, રાત !
જ્યારે અમે ઝઘડતા'તાં

તો હવે કેમ તું ઉદાસ છે
જ્યારે અમે વિખૂટાં પડી ગયાં છીએ... ?
રાત ! તને એ ચાલ્યા ગયેલાંની કસમ !
આ તારો હક્ક નથી.
હું તારો ઋણી છું, તું મારી નથી !

તું તો મને અભિનંદન આપ, રાત !
હું આ ખેતરોને અભિનંદન આપું છું !
આ ખેતરોને બધી જ ખબર છે-
માણસનું લોહી ક્યાં વહે છે ?
એ લોહીની કિંમત શું હોય છે ?
બધી જ ખબર છે ખેતરોને,
એટલે જ કહું છું રાત !
તું મારી આંખોમાં જો,
હું ભવિષ્યની આંખોમાં જોઉં છું !

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*





# સમય આવી પહોંચ્યો છે

સમય આવી પહોંચ્યો છે -
આપણે સ્વીકાર કરી લઈએ આપણી વચ્ચેના સંબંધોનો;
આપણી વચ્ચેની વિચારોની લડાઈ
મચ્છરદાનીની બહાર નીકળીને લડીએ;
અને આક્ષેપો- પ્રતિ આક્ષેપોની લાજ-શરમ
મોંઢામોંઢ સહી લઈએ.

સમય આવી પહોંચ્યો છે-
પ્રેમિકા બનતાં પહેલાં જ પત્ની બની ચૂકેલી યુવતીને
બહેન કહી દેવાનો;
લોહીના સગપણનું પિંગળ બદલી નાંખવાનો;
અને દોસ્તોની નવી ઓળખ મેળવવાનો.

હવે તો-
પોતાના જ લોહીના સાગરમાં તરીએ;
સૂરજને બદનામીમાંથી બચાવવા
બની શકે તો
રાતભર
ખુદ આપણે જાતે જ સળગીએ !

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

તમારાં અટકી પડેલાં ચરણોના સોગંદ, બાપુ !
તમને ખાવા ધાતી રાતની ઠંડીનો હિસાબ
હું લઈને જ જંપીશ !

મારી ફીની તમે ચિંતા ના કરતા,
હું હવે કૌટિલ્યનું શાસ્ત્ર શીખવા
વિદ્યાલયમાં નહીં જાઉં;
હું હવે માર્શલ અને સ્મિથને
બહેન બિંદરાનાં લગનની ચિંતાની માફક
વધતી મોંઘવારીનો હિસાબ પૂછવા નહીં જાઉં.
બાપુ !
તમે આમ તમારાં હાડકાંમાં
ચિંતાઓ ના થીજાવો.
હું આજે તલાટીના લાગા વડે નહીં,
આખી જિંદગી ભાથું લઈ જનાર માના પગના વાઢિયા વડે
આપણા ખેતરને માપીશ !
હું આજે
તમે આજ સુધી આપેલા લાગાનો હિસાબ કરીશ-
સંદૂકના ખાલી પડેલાં ખાનાંઓના સૂનકાર વડે !

તમારાં અટકા પડેલાં ચરણોની સોગંદ, બાપુ !
હું આજે સ્મશાનમાં જઈને
મારા દાદાના દાદાના દાદા સાથે ગુપ્ત બેઠક કરીશ,
ને એમની પાસેથી જાણીશ, કે-
આ બધું બન્યું કઈ રીતે ?.... કે-
હાટડીઓ અને લાગા વચ્ચેનો સાંધો
શહેર બની ગયો !

હું શોધી કાઢીશ એનું રહસ્ય, કે-
હાટ અને લાગાના વાંઝિયાં મેદાનો વચ્ચે
કઈ રીતે ઊગ્યું થાણાંનું ઝાડ ?!....






બાપુ !
તમે મારી ફીની ફિકર ના કરશો;
હું કોલેજના કારકૂનો સામે
હવે બેં.... બેં.... નહીં કરું;
હું અપૂરતી હાજરીના બચાવમાં
હવે કદી માને કે બિંદરાને
ખોટેખોટો તાવ નહીં ચઢાવું;
તમે ઝાડ કાપતાં પડી ગયા અને તમારો પગ ભાંગી ગયો-
એવું અશુભ બહાનું
હવે હું કદી નહીં કાઢું.
હવે હું આંબેડકરના 'ફંડામેન્ટલ રાઈટ્સ'
ખરેખર નહીં શીખું.
તમારા પીળા ચ્હેરા પરના
ભડવાના સ્મિત જેવા
ગૌરવહીન સફેદ વાળને હું શોકાતૂર નજરે નહીં તાકી રહું.
ગમે ત્યારે પેલા સંજય ગાંધીને ઝબ્બે કરીને
તમારા પગમાં પટકીશ;
એના ઉટપટાંગ લવારાઓને હું
તમે ઈશ્વર માટે કાઢેલી ગાળની સામે પટકીશ !

બાપુ ! તમે દુઃખી ના થશો,
હું એ નવજવાન હિપ્પીને તમારી સામે લાવી પૂછીશ-
મારા બાળપણ પહેલાંનાં વર્ષોનો ક્રમ
દ્વાપર યુદ્ધની માફક ઉલટ સુલટ કયા બદમાશે કર્યો છે ?!....
હું એને સમજાવી દઈશ કે
નિઃસત્વ ફતવાઓથી ચીજોને પુરાણી બનાવવી
અને પારકા દીકરાઓની માવડીઓનાં ઉલ્ટાસીધા નામ પાડવાં
માત્ર હાલરડાંના સંગીતમાં જ સલામત હોય છે !
હું એને કહીશ કે
મમતાભર્યાં હાલરડાંમાંથી જરા બહાર તો નીકળ-
તો તને ખબર પડે કે બાકીનો આખો દેશ ઘરડોખખ્ખ નથી !

## વિભાગ : ૩

# બે ને બે ત્રણ...



હું પુરવાર કરી શકું છું
બે ને બે ત્રણ થાય છે !
વર્તમાન મિથિહાસ હોય છે !
માણસનો ચ્હેરો ચમચા જેવો હોય છે !

તમે જાણો છો -
કચેરીઓ, બસ-અડ્ડાઓ અને બગીચાઓમાં
સો-સોની નોટો ફરે છે;
ડાયરીઓ લખાય છે; ફોટા ખેંચાય છે; રિપોર્ટો ભરાય છે;
'કાનૂની સુરક્ષા કેન્દ્ર'માં દીકરાને
મા પર ચઢાવવામાં આવે છે;
ખેતરોમાં 'ડાકુઓ' મજૂરી કરે છે;
માગણીઓ સ્વીકારવાનું એલાન
બૉમ્બ ફોડીને કરવામાં આવે છે;
દેશને પ્રેમ કરવાનો અર્થ
'દુશ્મન દેશ'ના એજન્ટ હોવું થાય છે;
અને સૌથી મોટા દ્રોહનો બદલો
સૌથી મોટો ચંદ્રક-પુરસ્કાર થાય છે !

તો-
અચૂક
બે ને બે ત્રણ થઈ શકે છે !
વર્તમાન મિથિહાસ હોઈ શકે છે !
માણસનો ચ્હેરો ચમચા જેવો હોઈ શકે છે !

● *'હમ લડેંગે સાથી'*





## બંધારણ

એ ગ્રંથ મરી પરવાર્યો છે;
એ વાંચશો નહીં.
એના શબ્દોમાં છે મોતની ઠંડક
અને એનું એકેએક પાનું છે
જિંદગીની છેલ્લી પળ જેટલું ભયાવહ !
એ ગ્રંથ જ્યારે રચાયો ત્યારે
હું ઢોર હતો,
ઘોરતું ઢોર.
ને જ્યારે હું જાગ્યો
તો મારા માણસ બનતાં સુધીમાં
એ ગ્રંથ મરી પરવાર્યો !
હવે જો એ ગ્રંથ વાંચશો તો
ઢોર બની જશો,
ઘોરતું ઢોર !

● *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

## સંસદ

પેલી ઝેરી મધમાખીઓ સામે આંગળી ના કરો,
કેમ કે તમે જેને મધપૂડો માનો છો
ત્યાં તો
જનતાના પ્રતિનિધિઓ વસે છે !

- *'હમ લડેંગે સાથી'*
- *'સમય ઓ ભાઈ સમય'*

## હવે મારો હક્ક છે

હું ટિકિટ ખરીદીને
તમારું પ્રજાતંત્રનું નાટક જોવા આવ્યો છું;
હવે પ્રેક્ષકગૃહમાં બેઠાં બેઠાં મને
હાય....હાય કરવાનો ને હૂરિયો બોલાવવાનો
હક્ક છે.
તમે ટિકિટ દેતી વખતે
ફદિયાનીયે છૂટ ન્હોતી આપી;
હવે હું પણ મારી મરજી પ્રમાણે
હાથ ઉઠાવીને
ફાડી નાખીશ ગાદલાં
ને સળગાવી દઈશ પડદા !

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*





કોઈ એકાંત ખૂણે
ઝબકતા દીવાવાળું ઘર, જરૂરી નથી કે
કોઈ વેશ્યાનું જ હોય,
એ ધારાસભ્યનું 'ફાર્મ હાઉસ' પણ હોઈ શકે !
એના 'મેંટલ પીસ' પર ગોઠવાયેલ
મહાત્મા ગાંધીની આદમકદ છબિની પાછળ
મારા બાળપણમાં જ
પરાજિત થઈ ચૂકેલ યોદ્ધાઓની સ્મૃતિઓને સાચવતી ડબ્બી પણ
છૂપાયેલી હોઈ  શકે.
હું નાનો હતો ત્યારે-
કાણાવાળી પૈ ચાલતી'તી
અને હું એવડો જ હતો, જેવડો-
એ પૈના કાણાંમાંથી દેખાતો'તો,
અને એ સિવાય-
કદાચ આખેઆખો.

- *'સમય ઓ ભાઈ સમય'*

[કાર્ડ જેવા કાગળ પરથી મળેલી કવિતા]

ખબર છે મને, તેઓ
જરૂર પડતાં જ
વીતેલી મોસમો સુધીની એક્કેએક બાબતને
કેવી રીતે
આપણાં માથાં પર હથિયારની માફક ઉગામી દે છે !
ખબર છે મને, તેઓ
કુમળા વિચારોને ઘેરી લેવા
કેવી રીતે
સહસ્ર માર્ગે ધસી આવે છે !
આવડે છે એમને -
આપણાં જ શરીરોને આપણી જ સામે વાપરતાં !

'સમય ઓ ભાઈ સમય'





જનાવરની જેમ એણે
નાઈલના કાંઠે યુદ્ધો કર્યાં;
જંગલના પાલતુ જનાવરની જેમ
અણસમજની નદી
એના મસ્તિષ્કમાં ખળભળતી રહી !

કૈંકવાર એ-
નાઈલના ઐતિહાસિક નીરમાં
ચંદ્રની જેમ ખીલતો રહ્યો !
અને ત્યારે
એના દેહ પરથી દારૂગોળાની વાસ ધોવાઈ જતી રહી,
પણ
મિસરનાં મેદાનોમાં તરફડતા મોતની જે સુવાસ
એના દેહ પર ચીપકેલી હતી,
કદી ન ધોવાઈ !

જામી ગયેલા મેલનાં ભીંગડાં
સાફ કરતી વખતે
કે
માથામાંની જૂઓ ખંજવાળતી વખતે
એના મસ્તિષ્કમાં ખળભળતી રહેતી
અણસમજની નદી !

અને
દુનિયાની અનેક પ્રજાઓની જેમ એ -

'સમય ઓ ભાઈ સમય'

વૃક્ષો જ્યારે
અંદર અંદર ગણગણાટ નથી કરતાં
અને મૂંગામંતર બનીને ઊભાં રહે છે - ભારતીય નાગરિકની જેમ;
મોસમો જ્યારે
ફસડાઇ પડે છે
સન્નાટાથી ઓલવાયેલાં ઘરોનાં તાર ઉપર;
ગુરુદ્વારાનાં સ્પીકર જ્યારે
ગુરુવાણીને બદલે ઘોંઘાટ ઓકવા માંડે છે
હરિયાણાના ધારાસભ્યોની જેમ - આપણી જ સામે;
ત્યારે
મને લાગે છે કે
આપણા માટે સર્જેલી
આપણી જ દુનિયા
આપણી જ વિરૂધ્ધ
જુબાની આપી રહી છે !

'સમય ઓ ભાઇ સમય'





# બૉર્ડર

['ભોગા ગોળીકાંડ'ને સમર્પિત]

ભરાઈ જશે હવે કસ્બાનું માથું ધૂળથી;
ફરતી રહેશે ટ્રકો બી.એસ.એફ.ની, પાળેલી જૂઓ બનીને;
આ વખતે નહીં બેસે વસંત સપ્તપર્ણનાં ફૂલો પર !

કચડાયેલું ઘાસ તડપ્યા કરશે, કોલેજોના પ્રાંગણોમાં !
રાત-દિવસ પવનને ભ્રષ્ટ કર્યા કરશે થાણામાંના વાયરલેસ !

વાસ્તવમાં અહીં
દરેક સ્થળે એક બૉર્ડર છે,
જ્યાં આપણા હક્કો ખતમ થાય છે,
અને પ્રતિષ્ઠિત જનોના શરૂ થાય છે !

આપણે આ તરફ
આઝાદ છીએ, બધી જ રીતે:
ગાળો દેવા,
હવામાં મુક્કીઓ વીંઝવા,
ચૂંટણી લડવા,
સપ્તપર્ણનાં ફૂલોનું સ્મિત ચૂમવા,
કોઈ જ બંધન નથી, આ તરફ.

બસ, એ પછી છે આ તરફ
કસ્બામાં ઊડતી ધૂળ,
પાળેલી જૂઓ બનીને સરકતી ટ્રકો
બી.એસ.એફ.ની !

'બીચ કા રાસ્તા નહીં હોતા'

## આપણી અસલામતીમાંથી

જો દેશની સલામતી એમાં જ હોય કે
સ્વત્વ ગિરવે મૂકવું જીવતા રહેવા માટેની શરત બની જાય,
આંખની કીકીમાંનો હોંકારા સિવાયનો કોઈપણ શબ્દ ગાળ ગણાતો રહે,
અને અંતરાત્મા વ્યભિચારી પળોની સામે દંડવત્ ઝૂકેલો રહે,
તો - દેશની સલામતીથી આપણને ખતરો છે.

આપણે તો દેશને માન્યો'તો-
ઘર જેવું એક પવિત્ર ધામ,
જ્યાં ગૂંગળામણ ન હોય,
જ્યાં માણસ
વરસતા વરસાદની ગૂંજ બનીને ગલીઓમાં વ્હેતો રહે,
ઘઉંનું ભરચક ડૂંડૂં બનીને ખેતરમાં લ્હેરાતો રહે,
અને આસમાનની અસીમતાને અર્ઘ્ય આપતો રહે.

આપણે તો દેશને સમજ્યા'તા
આલિંગન જેવી એક અનુભૂતિનું નામ,
કામ જેવો એક નશો,
કુરબાની જેવી એક વફાદારી,
પણ જો દેશ-
આત્માની વેઠનું કારખાનું હોય,
મૂર્ખાઓ પેદા કરવાની પ્રયોગશાળા હોય,
તો - એનાથી આપણને ખતરો છે.

જો દેશની શાંતિ એમાં જ હોય કે
દેવાંના પ્હાડ પરથી ગબડતા પથ્થરની માફક
તૂટતું રહે અસ્તિત્વ આપણું
અન વેતનોના મ્હોં પર થૂંકતું રહે





ભાવવધારાનું નફ્ફટ-નઘરોળ અટ્ટહાસ્ય;
જો આપણા લોહીમાં ન્હાવાને જ તીર્થ-યાત્રાનું પુણ્ય
માનવાનું હોય,
તો - આપણને એવી શાંતિથી ખતરો છે.

જો દેશની સલામતી એવી હોય કે
દરેક હડતાળને કચડી નાખીને શાંતિને રંગ ચઢવાનો હોય,
વીરતા બસ સરહદ પર જ મરી પરવારીને શહીદ થવાની હોય,
કલાનાં ફૂલ માત્ર રાજાની અટારીઓ પર જ ખીલવાનાં હોય,
બુધ્ધિએ સત્તાના કૂવે રેંટ બનીને ધરતી સીંચવાની હોય,
શ્રમ રાજમહાલયોના આંગણામાં ઝાડૂ જ બનવાનો હોય,
તો - આપણને દેશની સલામતીથી ખતરો છે.

● *'હમ લડેંગે સાથી'*

# મારા દેશ...

અમે તો ઓરાઈ ગયા છીએ
ધૂળથી લથબથ સાંજોના પેટમાં;
અમે તો ચીતરાઈ ગયા છીએ
લીંપાયેલા છાણમાં આકારાયેલાં આંગળાં સાથે !
'લોકતંત્ર'ની એડી તળે
કચડાતા મારા દેશ !
અમારી ચિંતા ના કરીશ;
સવાલ એના કરતાં ઘણો મોટો છે....

છવ્વીસ વર્ષ[1]ના આ સૂકાભઠ્ઠ કાળમાં
અમે દેશભક્ત કેમ ન બન્યાં ?
પણ માટીએ ભરખી લીધી છે
કરોડોકરોડ ભૂજાઓની શક્તિ
અને ફળોએ પચાવી દીધી છે
ખેડૂતોના ભાગની તાકાત;
અમારી ખુમારીનાં વૃક્ષો-
જેમણે ઉછરીપાછરીને પાથરવાની હતી
તારાં તપ્ત મરૂસ્થળો પર છાયા,
એમને
કચેરીઓમાં ઉછરેલાપાછરેલા સાંઢોએ
ખેદાનમેદાન કરી નાખ્યાં છે.

મારા દેશ !...
શું થઈ શકવાનું હતું
છવ્વીસ વર્ષના આ સાવ નાનકડા છતાં
લાંબા ગાળામાં-
જ્યારે ત્રણ ત્રણવાર અમારા પર ઝીંકાઈ હોય





જડબા ફાડી નાંખનારી ખૂંખાર યુદ્ધોની 'નાળ'[2]
દર બીજે વર્ષે
ચૂંટણીની હાટ માંડીને
નિશ્ચિત કરી દેવાતી હોય અમારી વેચાવાની શક્તિ !
મારા દેશ ! શું થઈ શકવાનું હતું
આવા અવળા વખતમાં, કે જ્યારે
અમારા પર ફૂલોને મ્હોરવાની મોસમ આવે
ત્યારે પણ
અમારા આત્મામાંથી ખરતી રહેતી હોય રેત !

'લોકતંત્ર'ની એડી તળે કચડાતા, મારા દેશ !
અમે કેટલો કરી શકીએ
તારાં દર્દોનો ઈલાજ ?
અમે તો હજુ શોધી રહ્યાં છીએ
ઢોર અને માણસ વચ્ચેનો ભેદ !
અમે તો પહેરણ પરથી
જૂઓ ખંખેરતાં ખંખેરતાં
છાતીમાં પાળી રહ્યાં છીએ
પેલા સર્વશક્તિમાનની કૃપાદષ્ટિને !
અમારી રોજ-બ-રોજની ફિકર-ચિંતાઓની ભીડમાં
ખોવાઈ ગઈ છે 'આદર્શ' જેવી કોઈ પવિત્ર ચીજ !
અમે તો ઊડી રહ્યાં છીએ
આંધીઓમાં
સૂકાં પાંદડાંની જેમ !

અમે થોરની જેમ
તારી પીઠ પર ચૂપચાપ ઊગી નીકળ્યાં,
અને અગનઝાળ વરસાવતા આકાશની નીચે
કડવી ધૂણી થઈને ફેલાઈ ગયાં;
અને હવે જો ધૂણીથી
કાળુંધબ્બ થઈ જાય તારા વેદોનું દર્શન
અને ઉપદેશ ઋષિમુનિઓનો,
તો વાંક અમારો નહીં હોય!.....

મારા દેશ ! તું કંઈ ના કરી શક્યો,
ને અમારો વાવેલો ઇતિહાસ
ચરતું રહ્યું રખડતાં ઢોરોનું ઝૂંડ
અને પીતું રહ્યું પાણી
તારા તળાવમાંથી

હવે જ્યારે તારા વિશે વિચારીએ છીએ, મારા દેશ !
ત્યારે એવું લાગે છે કે-
તું જાણે કોઈ નાલાયક ગુંડાની
ગુણવાન દીકરી છું;
અને તારો અમારી સાથેનો સંબંધ એવો છે કે
જાણે આંખો-આંખોમાં થઈ જાય પ્રેમ
પણ જેના ભાગ્યમાં
લખાયો ન હોય મિલન નામનો શબ્દ !

અમે તો ઓરાઈ ગયા છીએ
ધૂળથી લથબથ સાંજોના પેટમાં;
અમે તો ચીતરાઈ ગયા છીએ
લીંપાયેલા છાણમાં આકારાયેલાં આંગળાં સાથે !
'લોકતંત્ર'ની એડી તળે કચડાતા મારા દેશ !
અમારી ચિંતા ના કરીશ!

---

૧. રચના વર્ષ ૧૯૭૩.
૨. જબરદસ્તીથી ખોરાક ખવડાવવા માટેની નળી.

---

- *'હમ લડેંગે સાથી'*
- *'સમય ઓ ભાઈ સમય'*





## કલામ મિર્ઝા*

સાંભળ્યું છે - તારી આંખ પણ સુરમો નહોતી ખમી શક્તી,
સાંભળ્યું છે- તારા કેશમાં પણ કાંસકી ગૂંચવાઈ જતી'તી;
અને સાંભળ્યું છે - મારી હત્યા પણ
ઈતિહાસના હવે પછીનાં પાનાં પર આલેખાઈ ચૂકી છે !

જો કે કદાચ હવે
બધું પહેલાં જેવું ના પણ બને.
કદાચ તને બહાર લાવતાં પહેલાં મને જ
રોટી બહાર ખેંચી જાય;
અથવા તો મને
જંડના ઝાડને બદલે
ખુરશી નીચે ચીપકેલો જ
કાપી નાંખવામાં આવે.
કદાચ પહેલાંની જેમ
હવે કશુંયે ના બને - એવું પણ થાય !

સાંભળ્યું છે - મારી હત્યાની યોજના
પાટનગરમાં
મારા જન્મ પહેલાં ક્યારનીયે ઘડાઈ ચૂકી હતી !
પેલો પીલૂ શાયર
આજકાલ યુનિવર્સિટીમાં નોકરીએ લાગી ગયો છે,
મારી હત્યાને એ
કદાચ મામૂલી ઘટનામાં ખપાવી દે
અને સદીઓ સુધી
ભાડૂતી શાયરીઓ લખતો રહે
અને પહેલાં જેવું હવે કશુંયે ના બને !
મારી પાસે તીર

હવે કાગળનાં છે,
જે પાંચ વર્ષમાં એક જ વાર ચાલે છે,
અને એ જેને વાગે છે,
એ પાણી નહીં, મારું લોહી માગે છે !
મારા બાપ-દાદાએ
પોતાની કમાણી
શાસકોની હોજરીમાં ઓરી હતી,
અને તું તો જાણે છે કે
શાસકો વાઘ છે, બક્કી[1] નથી, કે-
આપણને દાનાબાદ પહોંચાડે !
વખત વખતની વાત છે,
આ ફેરા તું બેવફા ના નીવડત;
ને હું-
મારા ભાઈઓના હોવા છતાંયે
મરાઈ જવાનો !

એથી જ કહું છું-
કદાચ હવે બધું પહેલાં જેવું ના બને !
જો કે એમ તો,
તારી આંખ પણ
સાંભળ્યું છે - સુરમો નહોતી ખમી શકતી;
અને સાંભળ્યું છે - તારા કેશમાં પણ કાંસકી ગૂંચવાતી'તી!

---

* પંજાબની જાણીતી લોકકથાનો નાયક.
૧ કલામ મિર્ઝાની ઘોડી.

---

- *'હમ લડેંગે સાથી'*
- *'સમય ઓ ભાઈ સમય'*





# સત્ય

તમારા માનવા - ન માનવાથી
સત્યને કોઈ ફરક પડતો નથી.

આ પીડાતાં અંગો પર
સત્યે એક કારમો જન્મારો વેઠ્યો છે;
અને કારમો જન્મારો વેઠ્યા પછી સત્ય
હંમેશા યુગમાં પલટાઈ જાય છે.

આ આજનો યુગ-
ખેતરો અને મિલોમાં જ નહીં,
સૈન્યની હરોળોમાં પણ વિચરી રહ્યો છે.

આવતીકાલે-
જ્યારે આ યુગ લાલ કિલ્લા પર
પરિણામનો તાજ પ્હેરીને, સમયની સલામી ઝીલશે
ત્યારે તમને સત્યના અસલી અર્થો સમજાશે.

અમારી ઉપદ્રવી કોમને
તમે ચાહો તો આજના યુગની પ્રકૃતિ કહી શકો છો;
પણ એમ કહી દેવું કે-
ઝૂંપડીઓમાં ફેલાયેલા સત્યની કોઈ વિસાત નથી
-એ ખરેખર સત્ય છે ?

તમારા માનવા - ન માનવાથી
સત્યને કોઈ ફરક પડતો નથી.

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

## લોઢું

તમે લોઢાની કારનો આનંદ ઉઠાવો છો,
મારી પાસે લોઢાની બંદૂક છે.
મેં લોઢું ખાધું છે,
તમે લોઢાની વાતો કરો છો.

લોઢું જ્યારે પીગળે છે
ત્યારે ધૂણો નથી નીકળતો-
કોદાળી ઉઠાવનારાંના દિલમાંથી ધૂણો નીકળે છે
ત્યારે લોઢું પીગળે છે
પીગળેલા લોઢાને કોઈપણ આકારમાં
ઢાળી શકાય છે.

કોદાળીમાં ઢળેલું હોય છે - દેશનું નસીબ.
આ મારી બંદૂક,
તમારી બૅંકોની સેફ
અને પ્હાડોને ઉલટાવી નાખતાં મશીનો
બધું જ બધું લોઢાનું છે.

શ્હેરથી વેરાન સુધીનો એકેએક તફાવત,
બ્હેનથી વેશ્યા સુધીની એકેએક અનુભૂતિ,
માલિકથી નોકર સુધીનો એકેએક સંબંધ,
ખરડાથી કાયદા સુધીની એકેએક સફર,
શોષણતંત્રથી ક્રાંતિ સુધીનો એકેએક ઇતિહાસ,
જંગલ, ખોલીઓ અને ઝૂંપડીઓથી માંડીને
ઈન્ટરોગેશન સુધીનો એકેએક મુકામ-
લોઢાનો છે.





લોઢાએ ખાસ્સી વાટ જોઈ છે કે-
લોઢા પર નભતા લોકો
લોઢાની કરચો ખાઈને આપઘાત કરવાનું બંધ કરે;
મશીનોમાં ફસાઈને ઘાસફૂસની જેમ ઉડી જનાર
લાવારસોની પત્નીઓ
લોઢાની ખુરશી પર બેઠેલ વારસોની પાસે
પોતાની જાતે
પોતાનાં કપડાં ઉતારવાની હદે લાચાર ન બને;

પણ આખરે
લોઢાને
પિસ્તોલો, બંદૂકો અને બોમ્બના આકારમાં ઢળવું પડ્યું.

તમે લોઢાની ચમક-દમકથી અંજાઈને
પોતાની દીકરીને પત્ની સમજી શકો છો;
(પણ) હું-
લોઢાની આંખથી
દોસ્તનું મ્હોરું પ્હેરેલ દુશ્મનને પણ
આસાનીથી પારખી શકું છું;
-કેમકે
મેં લોઢું ખાધું છે
તમે લોઢાની વાતો કરો છો.

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

## સૌથી ખતરનાક

મહેનતની લૂંટ સૌથી ખતરનાક નથી;
પોલિસનો માર સૌથી ખતરનાક નથી;
ગદ્દારી-લોભની મુઠ્ઠી સૌથી ખતરનાક નથી;

બેઠાં બેઠાં જ પકડાઇ જવું ખોટું તો છે;
બીકના માર્યા ચૂપ થઇ જવું ખોટું તો છે;
પણ સૌથી ખતરનાક નથી.

કપટના ઘોંઘાટ વચ્ચે
સાચા હોવા છતાં દબાઇ જવું ખોટું તો છે;
આગિયાની આગમાં વાંચવું ખોટું તો છે;
મુઠ્ઠીઓ વાળીને સમય વીતાવી દેવો ખોટું તો છે;
પણ સૌથી ખતરનાક નથી.

સૌથી ખતરનાક છે -
શબવત્ શાંતિથી ભરાઇ જવું;
ન હોવું તરફડાટનું;
બધું જ સહન કરી લેવું;
ઘેરથી જવું કામે
ને કામથી સીધા ઘેર આવવું;
સૌથી ખતરનાક છે -
આપણાં સ્વપ્નોનું મરી જવું.

સૌથી ખતરનાક એ ઘડિયાળ છે, જે-
તમારા કાંડા પર ચાલતી હોવા છતાં
તમારી નજરમાં બંધ પડેલી હોય છે.

સૌથી ખતરનાક એ આંખ છે, જે-





બધું જ જોવા બની ચૂકી છે જામેલો બરફ;
જેની નજર ભૂલી ચૂકી છે દુનિયાને પ્રેમથી ચૂમવાનું;
જે અટવાઇ જાય છે વસ્તુઓમાંથી નીકળતા અંધાપાના ધૂમાડામાં;
જે રોજિંદા ક્રમને પીતાં પીતાં ખોવાઇ જાય છે લક્ષ્યહીન
વળાંકો-વમળોમાં;
સૌથી ખતરનાક એ ચાંદ છે, જે-
એકેએક હત્યાકાંડ પછી
વેરાન આંગણાંઓમાં ચમકતો રહે છે
પણ તમારી આંખોમાં મરચાંની ભૂકી થઇને ચચરતો નથી.

સૌથી ખતરનાક એ ગીત છે, જે-
તમારા કાન સુધી પહોંચવા
મરસિયું બનીને ગવાય છે;
આતંકિતોના દરવાજે
ગુંડો બનીને દાદાગીરી કરે છે.

સૌથી ખતરનાક એ દિશા છે, જેમાં-
ડૂબી જાય છે સૂરજ આત્માનો
અને મરી ગયેલા તડકાનો કોઇ ટુકડો
તમારા અસ્તિત્વના પૂર્વમાં ખૂંપી જાય છે.

મહેનતની લૂંટ સૌથી ખતરનાક નથી;
પોલિસનો માર સૌથી ખતરનાક નથી;
ગદ્દારી-લોભની મુઠ્ઠી સૌથી ખતરનાક નથી.

* સંભવતઃ અધૂરી રહી ગયેલ લાંબી કવિતાનો અંશ
* પંજાબીમાં છપાયેલ સૌથી છેલ્લી કવિતા

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

## સ્વપ્નાં

[સંભવતઃ "સૌથી ખતરનાક" કાવ્યનો એક અંશ]

સ્વપ્નાં-
બધાંને નથી આવતાં.
નિર્જીવ દારૂગોળાની કરચોમાં
સૂતેલી આગને નથી આવતાં સ્વપ્નાં
બદી માટે ખૂલતી
હથેળીના પસીનાને નથી આવતાં સ્વપ્નાં.
અભરાઈ પર પડેલાં
ઈતિહાસનાં થોથાંને નથી આવતાં સ્વપ્નાં.

સ્વપ્નાં માટે જોઈએ-
ખમતીધર હૈડું.
સ્વપ્નાં માટે જોઈએ-
નીંદરની નજર.

અને એટલે જ સ્વપ્નાં-
બધાંને નથી આવતાં.


● 'સમય ઓ ભાઈ સમય'



# વિભાગ : ૪

## જંગલથી ગામને નામ સંદેશ

*(જેલવાસ દરમિયાન લખાયેલ કાવ્યો)*



# જંગલથી ગામને નામ સંદેશ

ઓ મારા ગામ !
કદીક રાતવરત મને મળવા આવ.
ત્યારે આવ, જ્યારે-
જેલના ઘુમ્મટ પર બેઠેલું
દહેશત અને અજ્ઞાનતાનું ગીધ ટૂંટિયું વાળીને નસકોરાં બોલાવતું હોય.
હા, દરવાન જાગતા હશે,
પણ એની તે શી પરવા ?
તું પેલા પક્ષીની જેમ આવજે,
જે તદ્દન બેખબર બનીને પસાર કરી દે છે
ભડભડતું સ્મશાન.
તું 'છત્તીસ ચક્કી' પાસે આવીને પૂછજે:
ક્યાં છે મારો એ નજરકેદી, જેની નજર
તળાવમાં તરતા લીમડાની મીઠાશ જેવી હતી ?!

જો કે
તારી પાસે એટલી નવરાશ હશે ?
તું તો વ્યસ્ત હોઈશ,
પવનને દિશા દેવામાં; જેથી-
ફોતરાં ઉપણતાં પહેલાં જ
દાણા ઊડીને એક પા જાય;
તું તો એ છોરાં માટે રેત પાથરતું હોઈશ
જેમણે કુમળાં આંગળાંથી શીખવાનું છે
'ક' ઘૂંટતાં;
એવો 'ક' કે,
પછી જિંદગીભર, જેના પંજામાંથી
પોતાના સંસારને છોડાવી નથી શકાવાનો !





મારા ગામ !
તારાં વેરાનોમાં તો ફરી રહી હશે
તાજી તાજી જ યુવાનીના ઉંબરે પહોંચેલી,
વારંવારની ઓટને જોતી ને શરમથી બેવડ વળી જતી,
તરૂણીઓની અંગડાઈઓ.

તું તો વીણી રહ્યું હોઈશ
એ યુવાનોના હોઠ પર ફૂટતા હાસ્યના કાંકરા,
જેમનાં તૂટી ગયાં છે સગપણો-
પકવવા માટે સંભાળી રાખેલ
કાચી શરાબના ઘડાની માફક.

ગમે તેમ તોયે છેવટે તું ગામ છે.
કોઈ સૌંદર્યવાદી શાયર નથી,
જે કોઈ એવી નક્કામી - નિરર્થક ચિંતાઓમાં સબડ્યાં કરે, કે-
ભાઈ ! કેટલાં થાય બે ને બે ?!...
તું તો જાણે જ છે
બે ને બે ચાર ના થાય તો
મારી મચડીને કરવાં જ પડે !

તું તો વીરતાનું બીજું નામ છે, મારા ગામ !
ચોર પગલે તો
અહીં ના જ આવીશ.
હું તો જીવી જ કઈ રીતે શકવાનો છું-
કાદવમાં લપસતાં તારાં પગલાંના નિશાન જોયા વિના ?
તારા પૂર્વજોના મઢ પરનાં
દીવાઓ ભેગો ઝળહળ્યા વિના ?
તારા ચૉરા પર કાચ ફોડ્યા વિના-
જ્યાં હારી-થાકી ગયેલાં વડીલો કુંડાળે વળીને
પવિત્ર સચ્ચાઈઓની વાતો કરવાના છે !

'સમય ઓ ભાઈ સમય'

## પોલિસના યુનિફૉર્મધારીને

હું પાછળ મૂકીને આવ્યો છું-
સમદર રોતી બેનડીઓને,
અજાણ્યા ડરથી ફરક્તી બાપની દાઢીને,
અને સુખનું વરદાન માગતી, બેહોશ થઈ ઢળી પડેલી
માસૂમ મમતાને.

ખીલે બંધાયેલાં મારાં મૂંગાં ઢોરોને
કોઈ છાંયે નહીં બાંધે,
કોઈ પાણીયે નહીં પાય,
અને મારા ઘરમાં, મારા શોકમાં
કેટલાયે દા'ડા લગી
ચૂલોય નહીં સળગે,

સિપાઈ ! કહે-
હું તને પણ એટલો ખતરનાક લાગું છું ?
સાચું કહેજે, બંધુ !
મારી છોલાયેલી ચામડી
અને મોંમાંથી નીકળતા લોહીમાં
તને કશુંયે તારાપણું નથી લાગતું ?!

તું લાખવાર
દુશ્મન-હરોળો વચ્ચે,
મૂછે તાવ દેતાં દેતાં,
તારા વટની વધામણીના વધાર કર્યા કર,
તારી આ ઊંઘ માટે તરસતી આંખો
ને તારું આ વિંખાયેલું માથું;
તારી ફાટેલી નીકર
ને એના ગજવામાં ફેલાઈ ચૂકેલી તમાકૂની ઝેરીલી વાસ;





તારી ચાડી ખાઈ રહ્યાં છે.
તારી અને મારી વચ્ચે
જો કોઈ એકમાત્ર તફાવત હોય, તો એ-
તારો આ યુનિફૉર્મ છે !
બાકી તારાં ઘરવાળાંનાં દુઃખ
આજે પણ મારાં ઘરવાળાંનાં જેવાં જ છે !

તારો બાપ પણ જ્યારે-
માથેથી ચારાની ભારી ફેંકે છે
ત્યારે એની ખેંચાયેલી નસો પણ એમ જ ઈચ્છે છે કે-
આફતોનું ભોડું હવે ઝટ ફોડી નાંખવું જોઈએ;
તારાં બાળકોની સ્કૂલનો ખરચ જ્યારે નથી ઉઠાવાતો,
ત્યારે તારી ઘરવાળીનું દિલ પણ લીરેલીરાં થઈ જાય છે.

તેં પીધેલી લાંચ
જ્યારે તારા કાળજાને બાળે છે,
ત્યારે તું પણ-
આ શાસનની શ્વાસનળીને ગૂંગળાવી નાખવાનું વિચારે છે;
આ શાસન
જેણે થોડાં વરસોમાં જ કોરી ખાધો છે,
તારા ચંદન જેવા દેહને;
જે
થોડાં વરસોમાં જ હડપ કરી ગયું છે
તારી ઋષિ-મુનિઓ જેવી મનોવૃત્તિઓને
અને વરસાદી વાતાવરણ જેવા
તારા પરિવારના ભીના ભીના સુખને !

તું યુનિફૉર્મની આડશે
લાખવાર મારાથી આઘો આઘો રહે
પણ તારી અંદરની દુનિયા
મિલાવી રહી છે તારો હાથ
મારા હાથમાં.
આપણે-

જે સાર-સંભાળ વિનાના,
રખડુ, રોગી બાળપણને
આટાની માફક ગૂંદતાં રહ્યા,
કોઇના પણ માટે કદી ખતરો ન બન્યા;
અને એ લોકો-
જે આપણાં સુખના બદલામાં
વેચાતાં રહ્યાં, ખતમ થતાં રહ્યાં,
કોઇને પણ માટે ફિકર-ચિંતા ન બન્યાં;
તું ભલે આજે
દુશ્મનના હાથમાંની લાઠી બની ગયો,
પેટ પર હાથ મૂકીને કહે :
આપણી જાતને
હવે કોઇનો પણ શો ભો છે ? શો ખતરો છે ?
ખતરો તો હવે
આપણે એમને માટે છીએ,
જેમને માટે દુનિયામાં બધે ખતરા જ ખતરા છે !

તારા મ્હોમાંની ગાળો
તું તારા જ મહામૂલા ગુસ્સા માટે
સાચવી રાખ.
હું કંઇ કોઇ સફેદપોશ ખુરશીનો બેટો નથી;
આ અભાગિયા દેશનું ભાગ્ય ઘડનારા,
તડકાથી તતડેલા,
હજારો ચ્હેરામાંનો એક છું.
મારા માથા પરથી વ્હેતી પસીનાની ધાર કરતાં
આ દેશની કોઇ પણ નદી બહુ નાની છે !
કોઇ પણ ધર્મનું એક પણ શાસ્ત્ર
મારા ઘવાયેલા હોઠની ચૂપકીદીથી અદકું પવિત્ર નથી !
તું જે ધ્વજને
સાવધાનની મુદ્રામાં આવીને સલામી આપે છે,
એના ત્રણેય રંગ કરતાં
આપણી, શોષિતોની પીડાઓનો ઇતિહાસ,
અનેકગણો ઘેરો છે !





એ ધ્વજની વચ્ચેના ચક્ર કરતાં
આપણા આત્મા પરનો એકેએક જખમ અનેકગણો મોટો છે !
બિરાદર ! તારા ખીલાવાળા બૂટ તળે કચડાતો પડેલો હું -
માઉંટ એવરેસ્ટ કરતાં ઘણો ઘણો ઊંચો છું !

મારા વિશે
તારા કાયર અધિકારીએ
તને ખોટું સમજાવ્યું છે, કે
હું આ શાસનને ખતમ કરવા નીકળેલો
ખતરનાક દુશ્મન છું;
મેં તો હજી
દુશ્મની પૂણી પર હાથ પણ નથી મૂક્યો;
હું તો હજી
ઘરની હાડમારીઓ સામે જ હારી જાઉં છું;
હું તો હજી
તંત્રના ખાડા કલમથી જ ભરી દઉં છું;
હું તો હજી
દા'ડિયા ને જાટ વચ્ચેની કાંપતી કડી છું;
મારી જમણી બાજુ હોવા છતાં
તું હજી મને
મારાથી પરાયો લાગે છે;
હજી તો મારે
હજામના અસ્ત્રાને ખંજર બનાવવાનાં છે;
રાજમિસ્ત્રીની શારડી પર રાણાનો ઘા લખવાનો છે;
મોચીના સોયાને ઝેરમાં ઝબકોળીને ચમકતા નારાને
જન્મ આપનારી
કૂખમાં ફેરવવાનો છે.

હજી તો
ઘૂમ્મે લુહારના ધધકતા-ભભકતા સળિયાએ
આ શેતાનના ઝંડાથી ઊંચે લ્હેરાવાનું છે;
મુસાફરોના એંઠાંજૂઠાં વાસણો માંજતા રહેલા
વસવાયાઓએ ખોબે ખોબે લાગો વસૂલવાનો છે;

ખુરશી પર બેઠેલા ગીધનાં નરમ નરમ હાડકાંને
અંગારો ચાંપીને એ
ખુશિયા ભંગીએ પોતાના હુક્કામાં મૂકવાનાં છે.

જે દિવસે હું
સાતેય રંગ જોડીને ઈન્દ્રધનુષ બની જઈશ,
દુશ્મનો પરનો મારો એકેય ઘા
કદાપિ ખાલી નહીં જાય.
અને ત્યારે-
ઝંડીવાળી કારના
ગંધાતા થૂંકના છાંટા
મારી જિંદગીના શાનદાર ચ્હેરાને નહીં ખરડી શકે.
પ્રકાશના એ પૂંજ સુધી
હું એકલો
નથી પહોંચી શકવાનો,
તારા પણ સાથની જરૂર છે,
તારે પણ ત્યાં પહોંચવું પડશે !

આપણે એક વણઝાર છીએ,
જિંદગીની ભભકતી મ્હેંકની વણઝાર.
તારી પેઢીઓની પેઢીઓનું ખાતર
એમના બાગ-બગીચાઓમાં સીંચાયું છે.
આપણે ગાંડાતૂર આશિક છીએ-
ગીતો જેવા ચોઘડિયાંના;
અને અમારી ધખનામાં
તારી ઉદાસીનું ગીત પણ છે !

સિપાઈ ! કહે-
હું તને પણ એટલો ખતરનાક લાગું છું ?
હું પાછળ મૂકીને આવ્યો છું.....

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*





## દાન

તમે આપી છે મને
ફક્ત એક ઓરડી.
માપવાનું તો મારે છે કે-
એમાં કેટલાં ડગલે માઈલ બને છે;
કેટલાં માઈલ ચાલ્યા પછી દીવાલ
નથી રહેતી દીવાલ;
અને શરૂ થાય છે - અર્થ સફરનો !

તમે આપ્યા છે મને
થોડા હક્કો-
ઘરથી દેશવટાનો,
રોટી માટે માટી થવાનો,
મહેબૂબાના ગમમાં આંખો ખોવાનો
અને મૃત્યુના કાળમીંઢ ધુમ્મસમાં ખોવાઈ જવાનો;
પણ હક્ક તો એક બીજો પણ હોય છે,
જે આપવામાં નથી આવતો,
છીનવી લેવાનો હોય છે !

તમારી પાસે છે
વાયદાઓનો સમુદ્ર,
મને ડૂબાડવા માટે
જેમાં તરે છે
સોનેરી સપનાંની માછલીઓ !

પણ,
પ્રાપ્તિનો કિનારો ઓઝલ થતાં પહેલાં
મેં તો પકડી લીધું છે
બેવફાઈનું હલેસું

અને હવે
તમારી પાસે રહ્યો છે,
મને આપવા માટે
ફક્ત એક જ પુરસ્કાર -
મોત !

અને એ પણ
હે દાનેશ્વરીઓ !
તમને તમારી પોતાની પાસે જ રાખવાનું મન થાય છે !

---

● *'બીચ કા રાસ્તા નહીં હોતા'*





## અસ્વીકાર

ચાર દીવાલોનો આ ઘેરાવો
મારું ઘર નથી, કે હું-
એમાં વીતાવેલી પળોને મારી ઉંમર ગણું.
આ ખોલીની દીવાલો પર તો
ખાલી નોંધાઈ રહ્યું છે - સંવતોનું વિવરણ.
મને જ્યારે અહીં પૂરવામાં આવ્યો-
જિંદગીને સાથે ન્હોતો લાવ્યો;
એને તો બહાર સફર પર મોકલી આપી'તી;
પવનને પહેરેદારી સોંપીને આવ્યો'તો.
હાથકડીઓ પર લાગેલા કાટની માફક
મારા શરીરને પણ તમે કાટ ચઢાવી શકો;
પણ શું કરશો એ સફરનું
જે એક અમાનત સંભાળી રહી છે ?
શું કરશો એ પવનનું
જેણે આપવાનો છે ક્યાંક હિસાબ
અને સંભાળવાનો છે એ ઓરડાના કાટમાળને ?

---

● *'સમય ઓ ભાઈ સમય'*

## મારી પાસે

મારી પાસે છે,
ઘણું ઘણું છે;
સાંજ છે - વરસાદનાં ઝાપટાંથી ભીંજાયેલી,
જિંદગી છે- અગનઝાળથી તપ્ત થયેલી,
અને છે 'હું' - 'અમે'ના ઝૂંડમાં સમરસ થઇ ગયેલો.

શું છીનવશો મારી પાસેથી ?
સાંજને કોઇ દૂરદરાજની કોઠીમાં કેદ કરશો ?
જિંદગીને કચડી નાખશો જિંદગીથી ?
'હું'ને નીતારી લેશો 'અમે'માંથી ?

તમે જેને
'કંઇ નથી' કહો છો, એમાં
સામગ્રી છે - તમારા મોતની !

મારી પાસે છે,
ઘણું ઘણું છે;
મારી પાસેના 'કંઇ નથી'માં
'ઘણું ઘણું' છે !

*'બીચ કા રસ્તા નહીં હોતા'*





## સેન્સર થનાર પત્રનો દુઃખાંત

તારી અને મારી વચ્ચે
ભલે સેન્સર કરવા જેવું કશું નથી,
પણ તારો પત્ર જ્યારે જડભરત હથેળી પર તડપશે
ત્યારે સર્જાશે અર્થના અનર્થ.

તારા ભગવાન પરના ભરોસાનો અર્થ
પોલિસવાળો ઈદમ્ તૃતિયમ જ તારવશે;
તારી લાંબા સમયથી નહીં મળ્યાની ફરિયાદને
એ માનશે- ઢીલી પડેલી અનુશાસનની દોર !
તો વળી પેલી મખમલી પળોના ઉદાસ ઉલ્લેખને
-એ ઉલ્લેખ, જે ડૂબી ગયો છે
અશ્વિનીકુમાર[૧]ના ઘોડાની પાછળ ઉડેલી ધૂળમાં-
એ સમજશે
શહીદ થયેલ સાથીઓની યાદનો વિલાપ !
તારા વધતી મોંઘવારી સામેના વલોપાતને માનવામાં આવશે-
ક્રાંતિકારીઓની બદલાયેલી રણનીતિનો સંકેત !
અને બાંગ્લાદેશમાં માર્યા ગયેલા તારા ફૌજીભાઈના દુઃખને
ગણવામાં આવશે- ચીનની તરફદારી !

તને શું ખબર કેવી વીતશે....
જ્યારે સર્જાશે-
અર્થના અનર્થ.
ખૂબ તડપશે તારો પત્ર
જડભરત હથેળી પર !

૧. તે સમયના પંજાબના પોલિસવડા

*'બીચ કા રસ્તા નહીં હોતા'*

## હાથ

મારા શરીરને
હું સંભાળી શકું છું-
હાથથી, જ્યારે
મારા હાથ
માગે છે હાથ- પ્રિયતમાનો;
પકડવો તો મારે ચંદ્ર પણ છે-
મારા હાથમાં.

પણ કોઇ જ દાદ-ફરિયાદ વિના
કબૂલ-મંજૂર છે,
મારા હાથને
સળિયાનો સ્પર્શ;
ખોલીના આ અંધકારમાં.
મારા હાથ
નથી હોતા હાથ-
હોય છે માત્ર
થપ્પડ !

હાથ મિલાવવા પરની મનાઇ સિસકતી રહી જાય છે,
જ્યારે સામે આવી જાય છે અચાનક કોઇ સાથી
અને હાથ
આપોઆપ લ્હેરાવા માંડે છે
મુઠ્ઠી બનીને !

દિવસ સંકોરે છે - હાથને,
તો રાત લંબાવે છે - હાથને;
કોઇ હાથ છીનવી નથી શકવાનો
હાથનો આ સિલસિલો !





કદીક તો
ખોલીના દરવાજાના પાંચેપાંચ સળિયા
બની જાય છે - પ્રેમાળ,
હૂંફાળા હાથ !

એક હાથ-
મારા ગામના બુઝુર્ગ તુલસીનો;
જેનાં આંગળાં-
વરસોવરસને ગૂંથી ગૂંથીને એટલાં થાકી ગયાં'તાં, કે-
મને ઉર્દુનો પ્હેલો પાઠ ભણાવતાં ભણાવતાં એનાથી
લખાઇ જતો'તો
'અ'નો 'ત'!

એક હાથ-
જગીરી દરજીનો;
જ્યારે પણ મને લંગોટ સીવી આપતો
ત્યારે મેળવી લેતો પોતાનું મહેનતાણું-
મારો કાન આમળવામાં;
અને એ જાણવા છતાં, કે હું
ઉધમાત કર્યા વિના રહેવાનો નથી,
કાયમ શીખામણ આપતો, કે
ઢોરોની પાછળ ઝાડીઝાંખરામાં ના ઘૂસ્યા કર;
નાનાં છોકરાંની માફક દોટું કાઢતાં શરમાતો નથી ?

એક હાથ-
મારા પ્રેમાળ વાળંદનો;
જે કાપતાં કાપતાં મારા કેશ
ફફડતો રહેતો
મારા શીખ કુટુંબીજનોથી !

એક હાથ-
મરો દાઇનો;
જેના હાથમાં હતી રેકોર્ડ,

ને એ રેકોર્ડ હંમેશા લલકાર્યા કરતી રાગ-
'જુગ જુગ જીવો.... મારા લાલ' !

અને એક હાથ-
દરસુ દા'ડિયાનો;
જેણે પી લીધી'તી અડધી સદી
ગોઠવીને હૂક્કાની ચલમમાં !

કોઇ છીનવી નહીં શકે
મારી પાસેથી,
હાથનો આ સિલસિલો.
હાથ - ખિસ્સામાં હોય કે બહાર,
હાથકડીમાં હોય કે બંદૂકના કૂંદા પર,
હાથ-
હાથ હોય છે !
અને હાથનો એક ધર્મ હોય છે !

હાથ - જો હોય તો-
જોડવા માટે જ નથી હોતા,
નથી તો માત્ર દુશ્મનની સામે ઉગામવા માટે હોતા,
એ ગરદન મરડી નાખવા માટે પણ હોય છે !

હાથ - જો હોય તો-
હીર[1]ના હાથની ચૂડી પકડવા માટે જ નથી હોતા,
સૈદે[2]ની જાનને રોકવા માટે પણ હોય છે;
કૈદો[3]ની કમ્મર ભાંગવા માટે પણ હોય છે !

હાથ-
શ્રમ કરવા માટે જ નથી હોતા,
શોષણખોરોના હાથ તોડવા માટે પણ હોય છે !
જે ચૂકે છે - હાથનો ધર્મ,
જે અપમાન કરે છે - હાથના સૌંદર્યનું;
એ





પંગુ હોય છે !
હાથ તો હોય છે - સહારો બનવા માટે;
હાથ તો હોય છે - હુંકાર કરવા માટે !

---

૧ પંજાબી લોકવાર્તાની પ્રસિધ્ધ લોકનાયિકા.
૨ હીરનો અણગમતો પતિ
૩ હીરના ચાચા; હીરના પ્રેમનો દુશ્મન

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

## જન્મદિવસ

વર્ષોના ખભા પર હાથ મૂકીને ચાલતી રહી
જન્મ પામવાની લાલસા.
ઓગણીસ-ઓગણીસ કદમ ચાલ્યા પછી પણ
મને ભૂમિ ના મળી - જન્મ પામવા માટે !
બસ,
માત્ર અક્ષરોની પોઠો ઊંચકીને
નામની સફર કરતો રહ્યો !

એક નામ હતું - મારી માનું,
એક પિતાજીનું,
થોડાં નામ દોસ્તોનાં હતાં,
થોડાં શહેરોનાં અને થોડાં સડકોનાં;
આ તમામ નામ-
'પ'થી શરૂ થતાં હતાં,
જે 'પ'થી એક શબ્દ બને છે - પરંપરા !
એમાં -
એકપણ નામ 'જિંદગી' ન્હોતું, જે-
'જ'થી શરૂ થતું હોય !

પણ જ્યારે -
જન્મ ન પામી શકવાનો અનુભવ
પીડા બની ગયો, ત્યારે
વીસમું કદમ સામે હતું;
અને મારે
'જ'ના વેરવિખેર શબ્દ-અંગોમાં ભરવું હતું
સંગીત !





વાતાવરણમાં હતી, આણ્વિક રજ
અને આકાશમાં ફૂટી હતી આંખો;
શબ્દોનાં 'પુણ્ય' અને 'પાપ'ની કરી રહી હતી સફર
મારી જમાત,
મેં બાંધી લીધાં બધાંયે નામ
મારી પીઠ પર,
ને તર્યો તરાપાની માફક
મારા રક્તના સાગરમાં !

જ્યાં મારું વીસમું કદમ પૂરું થતું હતું,
ત્યાં હતી
જેલ !
ને એ રીતે
'એકવીસમા' કદમનો ઉંબર મેં -
'જ'ના ભાર સાથે પાર કર્યો !
આ 'જ'થી એક શબ્દ બને છે -
'જન્મ',
અને એક - 'જિંદગી' !

આજે
વીસેવીસ વર્ષ
આ નવજાત મનુષ્યને ગોદમાં લઈને,
ગાઈ રહ્યાં છે - હાલરડું;
અને એ હાલરડાના સૂરમાં ભળી જઈ રહ્યું છે
બેડીઓના ખણખણાટ સાથે
સાથી કેદીઓ વડે ગવાઈ રહેલું
'જન્મદિન મુબારક'નું ગીત !

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

## લંકાના ક્રાંતિકારીઓને

***[આ રચના ૧૯૭૧માં શ્રી લંકામાં થયેલ વિદ્રોહ સમયે, જલંધર જેલમાં લખી હતી]***

લંકાના મારા સાથી - સંગાથી, ઓ બડકંદાજ વીર સંગ્રામી !
હાજર છું તારી અદાલતમાં, હું અદનો ભારતવાસી !
રોષ સાચો છે તારો, ને સાચી છે અરજ મારી પણ,
ના તો તું ગણે છે પરાયો મને, ના હું તને ઈન્કારું છું !

કાપવા તારી પાંખો, રોળવા તારાં સ્વપ્નો,
મારા દેશમાંથી જે આવી છે સોગાદ - તારા માટે,
એ નથી અજાયબી તારા માટે કે નથી મારા માટે;
બહુ પુરાણી કથા છે સાથી, ચોરે નિભાવી છે ચોરની યારી !

તારા પણ દિલમાં આગ ભડકે છે, ને ઊકળે છે લોહી મારું પણ,
તેં જો ઉઠાવ્યાં છે શસ્ત્રો, તો મને ક્યાં એનો વાંધો છે ?!
ભાઈ મારા ! આપણે ભોગવી રહ્યાં છીએ, એક સરખું જ દર્દ,
મારું લોહી રામે પીધું છે, ને તારું રાવણે !

લોહી પાવાવાળા જો જાગતાં હોય, તો-
એમને આદત નથી પડતી, લોહી પાયા કરવાની;
આપણી વાનર કોમ, જ્યારે પામે છે સત્ય,
ત્યારે ફરક નથી રહેતો, રામ ને રાવણની વચ્ચે !

આ ઈન્દિરા - જેણે મોકલ્યો છે સંદેશ તને મોતનો,
સ્વીટ્ઝરલેન્ડમાં જન્મેલી, લંડનની બેટી છે !
એની સાડીમાં છે ડોલર, ને કબજામાં છે રૂબલ,
એને કહેવી મારા દેશની, અપમાન છે મારા દેશનું !

સાચ્ચું કહું છું, એકેએક છોકરી મારા દેશની - ઈન્દિરા નથી.
મારી ધરતીમાં ઊગે છે, અજીતાકૌર*નું ખમીર,





ને તું આજે પણ જોઈ શકે, જુલ્મના મારની થપ્પડ,
જો તું જુએ - કેવલકૌર*નો ચ્હેરો !

હું ખુદ બંધ છું સળિયા પાછળ, કંઈ જ પાઠવી શકતો નથી
તારે ખાતર,
પણ તું ભરી દેજે સ્વતંત્રતાની હીરની માંગમાં સિંદૂર ખુદ-બ-ખુદ,
જાતે જ !
જ્યારે આ લોઢાના કાસદ, ઝીંકે બૉંબ તારા પર,
તું ઝૂઝજે, મારા સાથીઓ પણ લેશે બદલો ગણી-ગણીને !

ચાલ, લંકાના વીર ! આપણે કરી લઈએ એકરાર,
ધર્મ-યુદ્ધમાં ઝૂઝવાનો, રોજ દશેરા મનાવવાનો !
અધિકારોની સીતા પર કોઈનોય જુલમ નહીં થવા દેવાનો !
દસ હોય કે સો, રાવણના માથાં વધેરતાં રહેવાનો !

* પંજાબની ક્રાંતિકારી સ્રીઓ.

- *'હમ લડેંગે સાથી'*
- *'સમય ઓ ભાઈ સમય'*

## આકાશનો ટુકડો

મારો તો શ્વાસ-પ્રાણ છે - આકાશનો એ ટુકડો;
જે દેખાઇ રહ્યો છે, જાળિયામાંથી !
જેને પરવા નથી, કાળમીંઢ દીવાલો અને લોઢાના સળિયાની !

એ લોકો તો એમ જ ઇચ્છે છે કે
હું એ ટુકડાના સથવારે જ જીવું !
પણ તો પછી
તેઓ એને કહી કેમ નથી દેતાં કે
એ ત્યાંનો ત્યાં જ જામી જાય,
અવનવા રંગ ન બદલે;
એ તો હરપળે બદલે છે રંગ !
એના એકેએક રંગમાં સમાયું છે ઋતુઓનું સૌંદર્ય !
જરા એને કહી તો જુઓ કે
અળગો થઇ જાય એ ઋતુઓથી;
ફગાવી દે એના શરીર પરથી ઋતુઓની છાયાઓ !

એ ટુકડો તો
પોતાના ખભા પર
ઉઠાવીને ફરે છે - આખેઆખું આસમાન !

---

*'બીચ કા રાસ્તા નહીં હોતા'*





## કેદમાંથી મુક્તિ : એક પ્રતિભાવ

તું જ્યારે બહાર નીકળે છે ત્યારે
ફરી પા પા પગલી માંડતાં તો નથી શીખવું પડતું,
જીભ કાલું કાલું તો નથી બોલવા લાગતી
કે નથી તો માના દૂધ માટે વલવલાટ થતો !
આસમાનમાં આલેખાયેલી નામાવલિમાં
તું શોધે છે તારું નામ;
સાક્ષી પૂરે છે - પવન
અને ઉજવણી કરે છે - છોડવા;
બસ, એ રીતે શરૂ થઈ જાય છે ફરીથી - જીવનનો ક્રમ;
ફરીથી એ જ સંઘર્ષની યાત્રા - આત્માના આનંદ ખાતર;
ફરીથી એ જ જનતાનું જંગલ - ખોવાઈ જવા માટે;
ફરીથી એ જ - જીતવાની ઝંખના !


બસ, આ જ રીતે
શરૂ થઈ જાય છે - જીવનનો ક્રમ
ફરીથી !

---

*'હમ લડેંગે સાથી'*

# વિભાગ : ૫

# જિંદગી અને મોત



## જિંદગી

જીવવાની એક બીજી પણ રીત હોય છે
ભરચક ટ્રાફિક વચ્ચે ચત્તાપાટ સૂઈ જવું
અને જામ કરી દેવું
સમયનું ભારેખમ પૈડું !

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

## મોત

મરવાની એક બીજી પણ રીત હોય છે
મોતના ચ્હેરા પરથી ઉઠાવી દેવો નકાબ
અને જિંદગીની ચારસો વીસીને
ઉઘાડી કરી દેવી સરેઆમ !

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*





## એષણા

જિંદગી !
તું મને આ રીતે બહેલાવવાની કોશિશ ના કર.
આ ઉંમર-વરસનાં રમકડાં તો
એકદમ નાજુક નમણાં છે;
જેને પણ હાથમાં લઉં છું
કરચો થઈને વિખરાઈ જાય છે.
આ ભાંગ્યાતૂટ્યા મોંવાળી કરચોને
હું ઉંમર-વરસ કઈ રીતે કહું ?!
સખી !
એકાદ કરચ તો
સમયના પગમાં ખૂંચીને
ફરસને
લાલ કરે !

- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

## જ્યાં કવિતા પૂરી નથી થતી -

છોકરાઓ !
હું પણ તમારા જેવો જ હતો.
નાની-મોટી ચોરીઓ કરતો'તો-પણ ચોર નહોતો;
વાતે વાતે બહાનાં કાઢતો'તો-પણ જૂઠ્ઠો નહોતો;
રોજેરોજ લૂગડાં ફાડતો'તો - પણ નાગો નહોતો ગણાતો;
બુઢ્ઢી પુન્નીના રેંટિયાની ત્રાંસી ત્રાક કાયમ મારા જ માથામાં વાગતી
પણ થાણાના ચોપડે મારું નામ નહોતું ચઢતું;
ઘરના ચોક પરનું નાનકડું છજું કે કપાસિયાની ગુણ
કે પાડોશીની સીડી નીચેનું ભંડકિયું-
મારા સંતાવા માટે પૂરતાં હતાં;
હું પતંગિયાને સોયમાં પરોવી નાચતો,
સોન ચકલીઓને લૂગડાની ઝાપટથી ડરાવતો-
પણ કદી હિંસાવાદી નહોતો કહેવાતો;
બસ,
બિલકુલ તમારા જેવો જ હતો !

પણ પછી એવું બન્યું કે
હું તમારા જેવો ન રહ્યો !
મને સમજાવવામાં આવ્યું કે
જૂઠ્ઠું બોલવું પાપ છે;
શિક્ષણ મનુષ્યની ત્રીજી આંખ છે,
ચોરી કરવી ખરાબ છે;
ઈશ્વર એક છે,
બધાં માનવી સમાન છે;
આ બધા પાઠોના અજબગજબના પારસ્પરિક સંબંધોની સામે
હું મૂઢ બની ગયો !
મને લાગ્યું-





મારી વિરૂદ્ધ એક ભયંકર ષડ્યંત્ર રચાઈ રહ્યું છે.
મેં બીકના માર્યા તમારા હાથમાંથી મારો હાથ ખેંચી લીધો;
અને મૂઢની જેમ દોડતો દોડતો
ચોપડીઓની કાંટાળી ઝાડીઓમાં જઈને ફસાયો,
કાળા કાળા અક્ષર તીક્ષ્ણ શૂળની માફક
મારા શરીરમાં ભોંકાવા માંડ્યા;
હું જાણે ઝાડીઓમાં લપાતું છૂપાતું સસલું બની ગયો;
મારી પાછળ પડ્યા હતા-
પરીક્ષાના શિકારી કૂતરા !
હું બેબાકળો બની ગયો
જ્યારે મને ખબર પડી કે-
અહીં તો પૂર્વ છે
અથવા પછી પશ્ચિમ.
કશું ક્યાંયે નથી તો ઉદય પામતું, નથી અસ્ત થતું;
જ્યારે મને ખબર પડી કે-
રાતવરત ભગવાન આપણાં તડબૂચોમાં ખાંડ ભેળવવા નથી
આવતો,
કે નથી આવતો-
કપાસના જીંડવાને
ચણ માગતાં નાનકડાં પંખીઓની ચાંચની માફક
ખોલવા;
જ્યારે મને ખબર પડી કે-
પૃથ્વી રોટલા જેવી નથી, દડા જેવી છે!
આકાશમાં દેખાતી ભૂરાશ-
શૂન્યાવકાશ છે, ભગવાન નથી !
શિક્ષણ મનુષ્યની ત્રીજી આંખ નથી-
બે આંખનું બાડાપણું છે !
આવી આવી કૈંક નિરસ વાતોની ખબર પડી, ત્યારે-
મારી અંદર
ક્યાંક કશુંક
તૂટી ગયું હતું !
અને એક 'તડા....ક' અવાજ પર મેં જોયું કે-

રંગીન અને રહસ્યમય લાગતી એક વિચિત્ર કવિતાની કરચો
મારા આંતરડામાં
ખૂંચી ગઈ હતી !
ને પછી તો છોકરાઓ !
તમે કોણ ને હું કોણ - હતું.
હું આકર્ષક મહેલો અને લોભામણાં બજારોને
લાલચભરી નજરે જોતી વખતે પણ ચોર મનાવા માંડ્યો;
પીંજાવાની પીડાથી કણસું તો પણ પાખંડ મનાવા માંડ્યું;
સરસ મઝાનાં કપડાં પર પણ નજર એવી રીતે મંડાતી
જાણે સાવ નાગો હોઉં !
મારા વિશે કશું પણ કહેતાંની સાથે જ
હું આક્ષેપોથી વીંધાવા માંડ્યો !
જ્યારે મેં-
જૂઠાણું, ચોરી, કૃપાળુ ઈશ્વર અને બધાં માનવી સમાન છે - ની
ધારણાઓ
પર 'પુનર્વિચાર' કરવા નિર્ધાર્યું, તો-
આ રીતે વિચારવાના મારા નિર્ધારને હિંસા કહેવામાં આવી !
દોસ્તોના ભંડકિયા જેવાં આંગણાં,
ગાઢ ધૂમ્મસ જેવું પ્રિયાનું હૃદય
અને અડાબીડ શેરડીનું ખેતર પણ
મને સંતાડી ના શક્યાં !
હું જે રીતે સંતાઈ જતો'તો-
ચોક પરના નાનકડાં છજા પર કે કપાસિયાની ગુણ કે પછી
પડોશીની સીડી નીચેના ભંડકિયાની આડશે-
..............................
..............................
અને હવે-
હું બિલકુલ એમની સામે છું.
વણઉદ્‌ઘાટિત પુલ જેવો,
વણપીવાયેલી શરાબ કે વણસ્પર્શાયેલી છાતી જેવો.
તેઓ આવ્યા,
તેઓ - સચ્ચાઈના ઝંડાધારીઓ,





એમના હાથમાં હતું - વ્યવસ્થાનું ગ્રાસકટર.
અને બસ ત્યારે જ,
તે જ પળે,
મને તથ્યોના તથ્યનું જ્ઞાન થયું;
જ્ઞાન થયું કે-
ગ્રાસકટરનો ચહેરો ઝંડા જેવો હોય છે !

છોકરાઓ !
મારી વાત સાચી ના માનશો, જો હું કહું કે-
કપડાનું ગ્રાસકટર જ છીણી શકે છે-
માણસના અસ્તિત્વની અંતરની ગૂંજને !
જો હું કહું કે-
સત્ય માત્ર છીણાયેલી આહ જ હોય છે !
જો હું કહું કે -
પંદરમા પછીનું દરેક વરસ
સ્મશાનમાંથી ઉઠતા ધૂમાડાનો ગુબ્બારો હોય છે !
છોકરાઓ ! હવે હું
તમારામાંનો એક નથી.
સમડીના પંજામાં સપડાઈને ઊડી રહેલો મુક્ત ઉંદર છું !
સંધ્યાકાળની ફફડતી આંખ છું !
ઈતિહાસના તાળાબંધ દરવાજે બેઠેલો મહેમાન છું !
બારમાસી ગીતથી વર્જિત અશુભ ચોઘડિયું છું !
એવું ચોઘડિયું-
જ્યારે નથી તો કશું શરૂ થઈ શકતું, નથી પુરૂં થઈ શકતું !
કવિતા નહીં, મારો અવાજ-
કેવળ ગોબર પર વરસતો વરસાદ છે; જે-
તમારા માટે નથી આશીર્વાદ કે નથી શિખામણ !
મારા શબ્દો-
સફાઈ કરતાં કરતાં પણ ફેલાવી રહ્યા છે - દુર્ગંધ !

છોકરાઓ ! વાસ્તવમાં
હું આખ્ખેઆખ્ખો ધ્રૂજી ગયો છું - ભયાનક યાતનાઓથી.
આજ કાલ પહાડો પરનું ચઢાણ પણ એવું લાગે છે

જાણે કોઈ સીધેસીધા ઢાળ પરથી ઉતરી રહ્યો હોઉં !
સાગરની છાતી પર તરવું
જાણે ડૂબવાની ધીમી પ્રક્રિયા હોય એવું લાગે છે !
કેવી યાતના છે આ ?
જાણે તમે
છોકરીઓ, ફૂલો અને પક્ષીઓ તરફ જોઈ રહ્યા હો
અને સામે
શૂન્યાવકાશ જ શૂન્યાવકાશ તમારી આંખોમાં
મરચાંની માફક ભડભડતો હોય !

હું
થાકી ગયો છું એકદમ.
આ યાંત્રિક અંધાધૂંધી વચ્ચે અટવાઈને;
સંબંધો અહીં
અંધાધૂંધ વેગથી અથડાઈ રહ્યા છે-
પોતાના જ અર્થો સાથે.

હું
જે માત્ર માણસ બનવા ઈચ્છતો હતો.
આ શું બનાવી દીધો મને ?!

અને હવે, હું ઈચ્છું છું
સડક પરથી પસાર થતી કોઈ મોડેલ સ્કૂલની રીક્ષામાં
ટપ્પ દઈને ચઢી જાઉં
અને ટૉફી ચગળતો ચગળતો
આ વેરવિખેર, કરોડરજ્જુ વિનાના, અફાટ ફેલાયેલા સંસારને
માસૂમ નજરથી જોતો રહું;
અને જ્ઞાનનાં એ બધાં જ સત્યો પર
નવેસરથી વિશ્વાસ કરવાનું શરુ કરું, એ રીતે કે જાણે
એ બિલકુલ સાચાં જ હોય !

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*





## જ્યાં કવિતા પૂરી થાય છે-

*[મારા ગામનાં અભણ બાળકોને]*

હસવા રમવાની ઉંમરે
હળની પાછળ જોતરાઈને
તમે ઘસી નાખો છો- તમારા પગ
અને કુમળાં સપનાંને
ગંધાતા ખમીસ ભેગા
ટીંગાડી દો છો ખીંટી પર.
કોણ લગાડી શકે તમારી જીભને તાળાં ?
દેશીનો ઘૂંટ પીને
કર્યા કરશો તમે લવારા,
શોધી કાઢશો નાગાઈ શબ્દોમાંથી,
જઈ પહોંચશો-વાર્તાઓમાં રાજા-રાણીની,
ફૂલોથી તોળાતી પેલી રાજાની રાજકુંવરી પાસે;
જેને - લાકડાના ઘોડા પર બેસાડી લઈ જવા માટે,
જેની સાથે ચાર ફેરા ફરવા માટે,
મૂકાય છે શરતો-
કિસ્મત સાથેના સંઘર્ષની.

વ્હાલાં દોસ્તો !
શું કહું ?
ખાસ્સું પુરાણું છે વૃક્ષ સવાલોનું;
અને એનાં પાંદડાં સાથે
લાડ કરી રહી છે રાજકીય હવા !
ને બાકીનું બધુંએ છોડી દેવામાં આવ્યું છે
પાવડા-કોદાળીવાળાંઓની અક્કલ પર !
એમ તો એક એ પણ સવાલ છે કે સ્વપ્નોના ઊડતા
રૉકેટની સાથે સાથે જ

કેમ ચાલે છે-મસૂરની દાળ ?!
અને એ પણ કે-
સ્વપ્નદોષ વખતે કેમ ઉપસી આવે છે
ગઈ સાલ મરી ગયેલી પાડીનું કલ્પનાચિત્ર ?!
માફ કરજો,
મારા ગામના નાનકડાં દોસ્તો !
કવિતા લખવાવાળો આ ભણેશરી
તમારી સમસ્યાઓને હલ નથી કરી શકતો!

પાંચવાર જેલમાં જઈ આવવું
કે દૂર શહેરોના મંચો પર ખાધેલા
પોલિસના દંડાની વાત કરવી
તમારી સળગતી દુનિયા માટે
સાવ સૂકાભઠ્ઠ તળાવ જેવી છે !

કવિતા તમારા માટે,
વિરોધ પક્ષની પાટલીઓ જેવી છે,
જે રોજેરોજ આગ... આગ... ના હોકારાપડકારા કરે છે
ને પછી આગ સાથે ખેલવાની તનાઈ સામે
ઝૂકાવી દે છે માથું.
માફ કરજો,
મારા ગામનાં દોસ્તો !
મારી કવિતા
હલ નથી કરી શકતી તમારી સમસ્યાઓને.

સમસ્યાઓનો મુસદ્દો
દોસ્તો ! કૈંક એવો હોય છે કે-
કવિતા એની આગળ સાવ ટાંચી પડે છે;
ને તમે તો પહોંચી જાઓ છો દૂર, ખૂબ દૂર.
તીખી તમતમતી ચીજોની શોધમાં.

સમસ્યાઓનો મુસદ્દો-
કૈંક એવો હોય છે કે-





તમારી ધીરજ
મારી દે છે થપ્પડ
તમારા કાયર મ્હોં પર,
ને તમે-
શરૂ કરો છો ત્યાંથી,
જ્યાં પૂરી થાય છે - કવિતા !

---

- 'હમ લડેંગે સાથી'
- 'બીચ કા રાસ્તા નહીં હોતા'

અમારા લોહીને પડી ગઈ છે ટેવ,
નથી જોતું મોસમ, નથી જોતું મહેફિલ
ને આરંભી દે છે ઉત્સવ - જિંદગીનો,
છેડી દે છે ગીત શૂળીનાં !
આ અમારા શબ્દો છે - જે પથ્થરો પરથી વ્હેતાં વ્હેતાં
ઘસાઈ જાય છે.
આ અમારું લોહી છે - જે ત્યારે પણ ગાતું રહે છે, ગૂંજતું રહે છે.
જરા વિચારો,
રૂઠેલી ઘનઘોર રાત્રિઓને કોણ મનાવે ?
નિ:સ્વાર્થ, પ્રતિબદ્ધ પળોને હથેળીઓ પર બેસાડીને કોળિયા કોણ
ભરાવે ?
એ તો અમારું લોહી જ છે
જે રોજેરોજ વ્હેતી ધારાઓના હોઠ ચૂમે છે;
જે તવારીખોની દીવાલોને ધરાર વળોટી જાય છે !

આ ઉત્સવ, આ ગીત,
ઘણું વધારે પડતું આક્રમક લાગે છે - કો'ક, કો'કને....
જે ગઈ કાલ સુધી આપણા લોહીની ખામોશ નદીમાં
તરતાં શીખી રહ્યા હતા !

'સમય ઓ ભાઈ સમય'





# વિસ્થાપન

જ્યારે અફીણીથી છૂટે છે અફીણ, ત્યારે
રાતોની રાતો એ ડૂબકીઓ માર્યા કરે છે તળાવમાં,
ઉતરે છે કૂવામાં, ને તોય
ભડભડતું રહે છે એનું શરીર;
વારે વારે જાય છે દિશા-મેદાન
ફેલાતી રહે છે એની અંદર
મરી પરવારેલા સિંહની દુર્ગંધ;
અફીણી
તમાકુ મસળી મસળીને
થોડી ઘડી જીવતો રાખવા માગે છે
મરેલા સિંહને;
પણ
ક્યાં દમ લઈ શકે છે - મરેલો સિંહ ?!

અફીણીથી જ્યારે છૂટે છે અફીણ....

'સમય ઓ ભાઈ સમય'

ફરીથી કહેવાયો છે
એ જ જમાનાજૂનો ઘસાઇ ગયેલો ટૂચકો;
ફરીથી ચાલી છે અફવા આપણા જીવતા હોવા વિશે.
કો'ક આકાશમાં ખોદાઇ હતી
આંધળી, ભયાનક ખીણ;
આપણી એકેએક સવાર એમાં લપસીને ગરક થતી રહી
ને આપણે દિવસોના લોહીલુહાણ ટુકડાઓ લઇને ચાલતાં રહ્યાં.

---

● *'સમય ઓ ભાઇ સમય'*

જુદી જુદી હોય છે - ભાષણોની ભાષા,
પણ રોતી-કકળતી માવડીઓ ને બેનડીઓની ભાષા એક જ હોય છે;
જુદી જુદી હોય છે - વસ્તીપત્રકમાંના રજીસ્ટરોની ભાષા,
પણ ઘરઘરમાંથી ઉઠતા મરસિયાઓની ભાષા એક જ હોય છે;

---

● *'સમય ઓ ભાઇ સમય'*





આપણામાંથી કેટલાંનો સંબંધ જિંદગી સાથે છે ?....
મેં જોયું છે - મારી સગ્ગી આંખે;
મેં સાંભળ્યું છે - મારા સગ્ગા કાને;
જિંદગી -
તારા માર્ગ પર કૈંક અડચણો છે,
તારા મસ્તક પર લાખ્ખો ગાડીઓનો બોજ છે,
અમારા શ્વાસને તરસી રહેલાં ગામ પાસેથી પસાર થઇને
તું કઇ રીતે આવે અમારી પાસે ?
રસ્તાઓ ઉપર ઊડી રહી છે ધૂળ
બજારોમાં પહોંચતા અનાજની ટ્રકોની ધૂળ;
સડકો પર પીગળી રહી છે
ડામરની નીચે પથરાયેલી માણસની ચરબી;

પણ વિશ્વાસ રાખ, જિંદગી !
અમે તને આ બધાંમાંથી બહાર લાવીશું -
ટેંકોના ધડાકા વડે.
તારા ખભા પરથી ફંગોળી દઇશું
પથ્થરના સિંહાસનોનો બોજ.
પછી તને
વર્ષો વડે નહીં,
અસ્તિત્વની ખુશીઓ વડે માપવામાં આવશે.
મારા ગામની છોકરીઓના કામઠા હાથની તાલીઓના તાલે
તારા ગૂંજતા સૂરને સાંભળવામાં આવશે.

---

● *'સમય ઓ ભાઇ સમય'*

હું મારામાંના વિષને ખાતર-પાણી કરનાર પણ શોધી લઈશ:
છાંટણાથી છંટાયેલી આ ધરતીમાંથી,
તૂટી પડવા તત્પર બનેલા આ આસમાનમાંથી,
અને ભાગ્યે જ વિચાર કરનારી
આ સાવ ઊંડી ઉતરી ગયેલી હજારો સ્થિતપ્રજ્ઞ આંખોમાંથી.
કાગડા આપણાં ખેતરો પર મંડરાઈ રહ્યા છે;
લણણી પછી ઊભો મોલ ફસડાઈ રહ્યો છે;
ધરતી ગાભણી ગાયની જેમ
આખો દા'ડો કશું ને કશું માગ માગ નથી કર્યા કરતી;
બસ પડી પડી, ચૂપચાપ
કદીક મંડરાતા કાગડા
ને કદીક ચિમળાઈ ગયેલાં માણસો તરફ
ટગર ટગર જોયા કરે છે;
એ ચિમળાઈ ગયેલાં માણસો પાસે
પોતાની પીડા વિશે વિચારવાની ફુરસદ જ નથી.
અને હું હજી વિષને ખાતર-પાણી કરી શકું
એટલો મોટો નથી થયો, નહીં તો-
પરસેવે રેબઝેબ થતો થતો
નાના અમથા પડછાયાઓ પાછળ દોડ્યા ન કરતો હોત.
ખેતરમાં ખોડાયેલા ચાડિયાઓ પાસેથી
આજકાલ પસાર જ કોણ થાય છે ?

---

● *'સમય ઓ ભાઈ સમય'*





દુનિયામાં વેરાયેલાં બે-ચારને સંભાળતો- સાચવતો ઘરેલુ જણ
હાંફી રહ્યો છે;
ઘરેલુ જણ ગુજરી જાય છે
અહીંતહીં વિખરાયેલાં ઘરને સંકેલતો, સંભાળતો;
ઘરેલુ જણની ગોદમાં છૂપાઈ જાય છે - આખો દેશ;
ઘરેલુ જણ - બસ, માત્ર ઘરની અંદર જ માણસ હોય છે;
ઘરેલુ જણ - તડકામાં સંતાયેલાં પારદર્શક પંખીઓનો
શિકાર કરવા ઝંખતો રહે છે;

---

● *'સમય ઓ ભાઈ સમય'*

ઓ જીવતા માણસ !
પસીનાની, શ્વાસની સુગંધ સિવાય તારી પાસે બીજું છે શું ?
લાલસાઓ, સપનાંઓ સિવાય તારી ઝોળીમાં છે શું ?
તું સામ્રાજ્યોથી કેમ ડરતો નથી ?
-એણે પોલિસો, વકીલો પાછળ ધૂમ ખર્ચો કર્યો છે.
સમય દર વખતે તારી જ તરફદારીમાં કેમ સાક્ષી પૂરે છે ?
ઈતિહાસ કેમ ખોટા હાથોમાં આવીને મરી પરવારે છે
-એ તો ધૂળ અને ધૂમાડાથી સૂકાઈ ગયેલી આંખોમાં
લખાયા વિના પણ સલામત રહી શકે છે.

---

● *'સમય ઓ ભાઈ સમય'*

લોકો કહે છે :
હું મરી ગયો, પૂરણસિંહ !
કોઈનીયે દયાનો છલકતો પ્યાલો
જ્યાં સુધી તમારા હાથમાં હોય,
તમે જીવી જ ના શકો.
છલકતા પ્યાલાને પકડી રાખનાર
કાદવકીચ્ચડિયા હાથ
કશું પણ ભાંગી શકવાની ખુમારી ગુમાવી ચૂક્યા હોય છે.
કોઈ ભિખારીના હાથમાં
તમે જીવવાની લિપિ ના આલેખી શકો.
દયાનો છલકતો પ્યાલો
જ્યારે તડાક્ કરતોક્ તમારા હાથમાંથી પડે
ત્યારે જ તમે
જીવવાનું શરૂ કરો છો !

● 'સમય ઓ ભાઈ સમય'





## સ્મશાન

આજે મારી પીઠ પર જે ચાબુક લઈને બેઠો છે,
એ સમય
વર્ષો પહેલાં, મારી સાથે-
કિલકારીઓ કરતો'તો, દડો રમતો'તો
અને સીમમાંની વાડીઓમાં લપાતો-છૂપાતો
લીંબુ તોડવા આવતો'તો.

હવે તો કદાચ એ સાવ નામક્કર જશે,
પણ ત્યારે તો એ રોજેરોજ મારી સાથે સાથે જ
ઘરવાળાંઓની ગાળો ખાતો'તો,
નફ્ફટ બનીને મારી કેડમાં ગલગલિયાં કરતો'તો
અને હું-
સતતના વરસાદથી મુક્તિ પામેલા સૂર્યની જેમ હસી પડતો'તો;

એક દિવસ-
મારા હાથમાં જેમની તેમ જ જકડાયેલી રહી ગઈ
રૂપ-વસંત*ની વાર્તા;
એકાએક જ-
મારી ઉંમરની છોકરીઓ
છાતી પર ઢાંકવા માંડી ચૂંદડી
અને મને ઢોરોના છાણમાંથી વાસ આવતી બંધ થઈ ગઈ.

એ દિવસે ચાંડાળોના સ્મશાનોને આશ્ચર્ય થયું
જે દિવસે ગામની વચ્ચે નાની અમથી કબર ખોદાઈ ગઈ;
હું કૈં કેટલાંયે દિવસો સુધી
રાત-દા'ડો બાળપણની કબર પર જઈને રોતો રહ્યો.

વર્ષો વીત્યાં-આંસુઓ અને મેં એકબીજાને અલવિદા કર્યે,
વર્ષો વીત્યાં - અવળા પગે ચાલતાં શીખ્યે;

મેં નકશામાં ચંદીગઢ અને દિલ્હી શોધ્યાં તો ખરાં,
પણ તોયે-
મારાથી તો તાલુકા લગીયે ના પ્હોંચાયું.
હું તો રસ્તામાં પડેલાં હાડકાં ચાટતાં
કૂતરાંથી બીને પાછો વળતો રહ્યો;

પાછો વળ્યો,
તો ચોક વચ્ચેની કબર
ન્હોતી - એકલીઅટૂલી અને ઉદાસ,
એ તો ખાસ્સી બદલાઈ ગઈ'તી-
ન્યાય, ચાહત અને દિવાનગીની મઢૂલીઓથી.

રોજેરોજ થાક્યાપાક્યા ખેડૂતો પેટવતા હતા
ગપાટાઓના ટમટમતા દીવા;
વર્ષો વીત્યાં-મારી દૃષ્ટિમાં જામી ગયેલી કબર પર
પેટવેલા દીવાની ટમટમતી જ્યોતને.

હવે હું જ્યાં ઊભો છું
એનાથી એક હાથ દૂર
ધરતીકંપ વિના જ ધરાશાયી થઈ ગયેલા મારા ઘરનો કાટમાળ છે;
પાંચ કોસ દૂર થાણું છે,
ને એ જ રીતે ડગલે ને પગલે
આડતિયા, પટવારી અને તલાટીઓની કચેરીઓ છે,
કે પછી
પીઠ પર સવાર થયેલ સમયના હાથમાંની ચાબુકના અવાજો છે.

અને સ્મશાન ?
તમે જ્યાં ઊભા છો-
બરાબર એ જ જગ્યાનું પડેલું ઉલટું નામ છે !

---

* પંજાબની પારંપરિક પ્રેમકથા

---

♦ *'સમય ઓ ભાઈ સમય'*





## શોકસભામાં

દાઢીમાં સૂકાઈ ગયેલ આંસુઓના શોકમાં
આવો, બે ઘડી મૌન પાળીએ
અને જરા વિચારીએ;
આ બુઢ્ઢાએ
જિંદગીને કલ્પી હશે ગોળની કાંકરી જેવી !
પણ જિંદગીભર
એની આંખથી
એ તોડી ના શક્યો - ડુંગળીનો દડો પણ !

વિચારીએ-
ચમકતા દિવસના સ્મિત વિશે;
જે ખેંચેલા લોહીને લઈને, રોજેરોજ
ધીમે ધીમે ઉતરી જતો રહ્યો
રાતના ભંડકિયામાં !
આવો, એ ઈતિહાસ વિશે વિચારીએ; જેણે
આ કાવતરાને
સમયનું નામ આપ્યું !

રાજનગરથી ખાસ્સે દૂર
આખરી શ્વાસ લેનાર
આ દુર્બળ, અશક્ત આહની યાદમાં
આવો, માથું ઝૂકાવીએ
અને ઘડીભર માટે વિશ્વાસ કરી લઈએ કે
મરતી આહને
આપણા રાષ્ટ્રધ્વજ પ્રત્યે
અનહદ પ્રેમ ઊભરાયો હશે !

---

♦ *'બીચ કા રસ્તા નહીં હોતા'*

## વિભાગ : ૬

# શબ્દ, કલા અને કવિતા



## શબ્દ, કલા અને કવિતા

તમને કદાચ ખબર નહોતી
વિધવા પળોનું દર્દ ભોગવનારાં વિશે,
જે પિરામીડોની પકડમાં કદી ન આવ્યાં.
તમે તો-
શિલાલેખો પરની શાહી મુદ્રાઓને જ
કવિતાની કળા કહેતાં રહ્યાં !

શબ્દ,
જે રાજા-મહારાજાઓના મંડપોમાં નાચે છે,
પ્રેમિકાઓની નાભિનું ક્ષેત્રફળ માપે છે,
મેજ પર ટેનીસના બોલની માફક ઉછળે છે,
મંચો-તખ્તાઓની વાંઝણી ભૂમિ પર ઊગે છે,
એ
કવિતા નથી હોતો.

તમે તો માન્યું'તું
શબ્દ,
હવામાં ઊડતાં પાંદડાં છે,
કે પછી દિલ્હીના નિકાસી પંખા છે,
જે પોતાની બેશરમ, ગંધાતી હવાની સાથે સાથે જ લખી નાખશે-
સમયનું કાવ્ય !

પણ શબ્દ
ન તો ડરે છે,
ન મરે છે !
એણે ઓટ નથી વર્તાવા દીધી કદીયે
રક્ત રંજિત ધરતીમાં !
દિવસના અંધકારમાં જેની મનાઈ હોય છે,





એને એ રાતના અજવાળામાં સાકાર કરે છે !
ટાગોર કે ગાલિબની દાઢીમાં શબ્દ
કવિતા નહીં,
તણખલું હોય છે !
જો બહુ ગર્વ હોય તમને
તમારી કલા, તમારી ફિલસૂફી પર,
તો ખોલો તમારી સોનેરી પૂંઠાવાળી પોથીઓ-
ને બતાવો કે
તમારા શેક્સપિયરે
જિંદગીના હાસ્યમાં મોતની મજાકનું શું સ્થાન બતાવ્યું છે ?!
તમારા બિથોવને
મા-બેનની ગાળોની કઈ રિધમ બતાવી છે ?!
પ્રિયતમાની છાતીનાં ગીતો લખનારાંઓએ
માનું દૂધ
ને એ દૂધની લાજનું
ક્યું ગીત લખ્યું છે?!

- 'હમ લડેંગે સાથી'
- 'સમય ઓ ભાઈ સમય'

## ઈન્કાર

મારી પાસે આશા ના રાખશો કે
ભૂમિપુત્ર થઈને હું  વાતો કરીશ
તમારા જુગુપ્સાપ્રેરક રસાસ્વાદનની,
જેના પૂરમાં તણાઈ જાય છે
અમારાં બાળુડાંઓની કાલીઘેલી કવિતા
અને અમારી દીકરીઓનું બાળુંભોળું હાસ્ય.

હું તો જ્યારે પણ વાત કરીશ-
ખાતરની ખોટ ને ગરીબ સ્ત્રીની છાતી જેવી
ચીમળાયેલી શેરડીની વાત જ કરીશ;
હું-
પરસાળના ખૂણે ખડકાયેલ શ્રાવણી ફસલ
ને પરસાળના દરવાજે ઊભેલી ઠંડીની વાત જ કરીશ;
મારી પાસે આશા ના રાખશો, કે હું
શરદનાં ફૂલોનાં નામ પરથી
ગામની છોકરીઓનાં નામ-કનામ પાડીશ !

હું તો કરીશ વાત-
બૅંકના મેનેજરની કપટી મૂછની,
સરપંચની થાણા સુધી પ્હોંચતી લાંબી પૂંછની,
ને એ આખાયે પંખીઘરની, જેને મેં
મારી છાતીમાં સાચવી રાખ્યું છે;
કે પછી એ અજાયબઘરની, જેને મેં
મારી છાતીમાં પૂરી રાખ્યું છે;
અથવા તો પછી
સાવ ઊલ્ટીસીધી વાતો કરીશ.





મારા માટે દિલ
સૂકા પાનનો ડચૂરો છે;
મારા માટે શરીર
મકાઈની નમક નાંખેલી રોટી જેવી લિજ્જત છે;
મારા માટે જિંદગી
ઘરના દારૂની જેમ લપાઈ છૂપાઈને પીવાની ચીજ છે !

મારી પાસે આશા ના રાખશો, કે
હું સસલાની જેમ હરિયાળાં મેદાનોની
કૂણી કૂણી મ્હેંકને હળુ હળુ સૂંઘું;
હું તો ખૂંટે બંધાયેલા બળદની જેમ
એકેએક ખૂંટે
સીધે સીધો ટકરાવાનો છું.

હું - ખેડૂતની સંન્યાસી બનતાં પહેલાંની સફર છું !
હું - ઘરડા મોચીની આંખોનું ખોવાઇ ગયેલું તેજ છું !
હું - ઠૂંઠા હવાલદારની જમણા હાથની સ્મૃતિ માત્ર છું !
હું - શરીર પર લાગેલો પા સદીનો ઘબ્બો માત્ર છું !

અને મારી કલ્પના-
પેલા લુહારના ઠેકઠેકાણે શેકાઇ ગયેલા માંસ જેવી છે, જે
નિર્દય આસમાન પર રોષે ભરાયું છે- હવાની એક લ્હેરખી માટે !
જેના હાથમાંના હળનું ફળું
કદીક તલવાર બની જાય તો કદીક ચારાની પોટલી !

હું હવે
તમારે ખાતર હારમોનિયમની ધમણ ન બની શકું;
હું તો વાસણ માંજતી કહારિનની
આંગળીઓમાંથી સ્રવતો
રાગ છું - કેવળ !

મારી પાસે-
સૌન્દર્યની સ્વપ્નસીમાની આ બાજુ

ક્હેવા માટે હજુ
ઘણું ઘણું છે.

હજુ હું-
ધરતી પર પથરાયેલ
ચીકણી, કાળી શાહી જેવા હોઠની જ વાત કરીશ.
એ ઇતિહાસની વાત કરીશ, જે
મારા બાપુના તાપથી શેકાયેલા ખભા પર લદાયેલો છે!
કે પછી
મારી માડીના પગમાં પડેલાં વાઢિયાની
ભૂગોળની વાત કરીશ !

મારી પાસે આશા ના રાખશો, કે....

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*





## હા, ત્યારે-

યુગોથી ચાલતું રહ્યું છે એક વેલણ
ને પીસતું રહ્યું છે - મોસમોની મહેંક !
કોણ ભણે તમારું સૌંદર્યશાસ્ત્ર ?!
આક્રંદો - ચીસોના કીચ્ચડ વચ્ચે એ લોકો -
ક્યાં લગી શોધશે સુંવાળા, સુરમ્ય તાલ - શબ્દોમાંથી ?
એ લોકો
જેમના અસ્તિત્વનો પાલવ
પોતાનામાંથી જ નીચોવતો રહે છે - રક્ત !

આ કતલનો અમલ ખતમ કરવા
જેમણે ઉઠાવ્યો છે હાથ
સમયના વેલણ ભણી, એ
તમારા કલાગુરુઓને ખુશ કરવા નથી આવ્યા,
નહીં મળે તમને
એમના રક્તની સડી ગયેલી ગંધમાંથી
કોઇ સૌંદર્ય !

તમે ચાહો છો, કે -
અમે મહેંકતી શૈલીમાં લખીએ - ફૂલોનાં ગીત;
સૂક્કાં ઘાસ-પાંદડાંમાં શોધીએ - વસંતનો આત્મા !
તમે જ કહો -
કેટલી ખોટી જગ્યાએ આવ્યા છો તમે ?!
આ સૂક્કાં પાંદડાં તો
આજકાલમાં થઇ જશે ભસ્મ,
અને એની સાથે જ ભસ્મ થઇ જશે
વેરાનની હિંસક આશંકાઓ,
ધરતીનું આખ્ખું વાંઝણું પડ !

પછી અહીં
નસીબની જેમ ઊગશે - સુવાસના બગીચા !

હા, ત્યારે-
માગી લેજો એમની પાસેથી - રૂપની મીઠાશ !
એ મોસમો પાસેથી માગી લેજો - કોઇ પણ સવાલ !
પણ હા,
જો ત્યાં સુધીમાં
તમારી જીભ
પથ્થરની ના બની ગઇ હોય તો !

---

*'સમય ઓ ભાઈ સમય'*





---

એ લોકો જ સમજે છે
ચાંદનીનો ગીતો સાથેનો નાતો -
જેમણે પગ વડે માપી છે ભૂગોળ,
ને જેમણે શ્વાસ વડે સર્જ્યો છે ઇતિહાસ.

એ લોકો જ બતાવી શકે છે
જિંદગીમાં મોહનું સ્થાન-
જે લોકો છોડીને આવ્યા છે
તડપતી માનો વિલાપ
ને પ્રિયતમાના હોઠ પર છવાયેલી સ્તબ્ધ ઝંખના.

એ લોકો જ જાણે છે
ચૈત્ર કેમ હસે છે ? શ્રાવણ શા માટે છે ?
જેમનો ઋતુઓ સાથેનો સંબંધ
કામ શોધવા, ન શોધવા ઉપર આધારિત છે !

---

*'સમય ઓ ભાઈ સમય'*

---

***[નોંધ : એક માત્ર ઉપલબ્ધ હિન્દી કવિતા]***

સદીઓની ઝીંક ઝીલવાનું મારું ગૌરવ જોયું તમે ?
આ જર્જરિત દેહમાં આલેખાયેલી
શાનદાર રક્તરંજિત લિપિ ઉકેલી તમે ?
એ કવિતા હોય કે ન હોય,
ઇતિહાસે તો
મૃત શરીરની જીવતી લાશ સાથે
માત્ર શ્વાસના ધાગાથી જોડાઇ રહેવાનું છે !

---

*'સમય ઓ ભાઈ સમય'*

## મારા બુલબુલ

સમય સાલો કૂતરો છે, મારા બુલબુલ !
બાગોની બહારમાંથી બ્હાર આવ
અને સડકો પર ભટકતાં જીવો તરફ જોઇને
ભસવાનું કે ભેંકડા તાણવાનું શરૂ કરી દે.
તારાં ગીતો સાંભળીને હવે કોઇ માંદું સાજું નહીં થાય.
તારું ગીત- છેવટે તો એ જ હતું ને-
જે વૃક્ષોની ડાળીઓ પર ઝાકળની જેમ જામી ગયું,
ને સૂરજના મામૂલી તડકાથી બ્હીને વરાળ બનીને ઊડી ગયું ?!

સમય સાલો કૂતરો છે, મારા બુલબુલ !
એણે ચાવી ખાધા છે - ઘડિયાળના કાંટા,
કરડી ખાધી છે- દીવાલો,
ને મૂતર્યો છે - બગીચાના કૂંડાઓ પર.
કોણ જાણે એ બીજું શું શું ના કરત ?! - જો,
સરકારના નોકરોએ એને ગળે પટ્ટો નાંખીને
બંગલાઓના દરવાજે બાંધ્યો ના હોત !

મારા બુલબુલ ! આપણું કામ હવે સાવ જુદું જ છે;
આપણે જીવવા નામની દરેક શરત હવે હારી ચૂક્યાં છીએ;
હું માણસ મટીને ઘોડો બનવા માંગું છું.
માણસની પીઠ પર તો આ કાઠી હવે બહુ ખૂંચે છે;
મારી ગરદન પર વીંટળાયેલી લગામ બહુ પીડે છે;
મારાં માણસવત્ ચરણો ગઝલનો છંદ નથી નીપજાવી શકતાં.
સમય સાલો કૂતરો છે - મારા બુલબુલ !
......
(એક અધૂરું કાવ્ય)

'સમય ઓ ભાઈ સમય'





## મારે જોઈએ થોડા બોલ....

મારે જોઈએ થોડા બોલ,
બને જેનું એક ગીત.
છીનવી લો મારી કનેથી આ ભીડની ટેં...ટેં...
સળગાવી દો મને - મારી કવિતાઓની ચિતા પર,
બેશક ફટકારો શાસનનો કાળો ડંડો - મારી ખોપરી પર,
પણ આપો મને થોડા બોલ,
બને જેનું એક ગીત.

નથી જોઈતા મારે અમીન સયાનીના ડાયલોગ,
આનંદ બક્ષીને રાખો તમારી પાસે,
લક્ષ્મીકાંત મુબારક તમને,
ઈન્દિરાના ભાષણને શું કરવું છે મારે ?
મારે તો જોઈએ થોડા બોલ,
બને જેનું એક ગીત.

ઠૂંસી દો યમલા જટ્ટનો તંબૂરો મારા મોંમાં,
લાદી દો ટાગોરનું રાષ્ટ્રગીત મારા માથે,
ચીપકાવી દો ગુલશન નંદાની નૉવેલો મારા શરીર પર....
શું કરવા વાંચું હું જફરનામા ?...
જો મળી જાય મને થોડા બોલ,
બને જેનું એક ગીત.

લાદો મારી પીઠ પર બાજપાઈનો ભારેખમ દેહ,
લટકાવો મારી ગરદન પર હેમંત બસુની લાશ.
ઘૂસાડો મારી.........માં લાલા જગતનારાયણનું માથું,
લો, ચલો, હું નામ પણ નહીં લઉં માઓનું નામ બસ ?!
પણ મને આપો તો ખરાં થોડા બોલ,
બને જેનું એક ગીત.

પેનમાં શાહી પણ ના ભરવા દેશો મને,
હું 'લોહકથા'[1] પણ સળગાવી દઉં છું મારી,
'ચંદન'[2] સાથે પણ અબોલા લઉં છું હું,
જો મને આપતાં હો થોડા બોલ,
બને જેનું એક ગીત.

ગીત મારે દેવું છે એ મૂંગાંઓને,
કદર છે ગીતની જેમને,
તમારા હિસાબે નથી બનતું ગીત જેમનું;
તમારી પાસે જો ના હોય
કોઈ બોલ,
કોઈ ગીત,
તો બકવા દો મને-
હું જે બકું છું તે !

૧ 'પાશ'નો કાવ્યસંગ્રહ
૨ પંજાબના પ્રસિધ્ધ લોકકવિ

'બીચ કા રાસ્તા નહીં હોતા'





## સત્ય

મેં કદી નથી ઈચ્છ્યું કે
વિવિધ ભારતીના તાલ પર થિરકતી હોય હવા
અને છેડતી હોય રેશમી પર્દાને
મારી નજર ચૂકવીને !
મેં કદી નથી ઈચ્છ્યું કે
કાચમાંથી ચળાઈને આવતો રંગીન તડકો
મારાં ગીતોના હોઠ ચૂમે !

મેં તો જ્યારે પણ જોયું છે કોઈ સ્વપ્ન
રોતાં શહેરને સાંત્વન આપતો ખુદ મને જ જોયો છે;
અને જોયું છે શહેરને, ગામથી ગુણાતું રહેતું;
મેં જોયાં છે મહેનતકશોના ભીંસાયેલા હાથ
મુઠ્ઠીમાં પરિવર્તન પામતા.

મેં ક્યારેય કારની ગાદીની ઈચ્છા નથી સેવી.
મારાં સ્વપ્નાં કદી બીડીના કશ માટે તડપતા રીક્ષાવાળાની
કે દુકાનના પાટિયે પથરાયેલી ગોદડીની
પેલે પાર ગયાં નથી.

હું કઈ રીતે ઇચ્છું કે
વિવિધ ભારતીના તાલ પર થિરકતી હોય હવા ?
હું તો જોઉં છું - લૂથી બળતી ઘાસની ગંજીઓ !
હું કઈ રીતે કલ્પના કરું નશીલાં નયનોની ?
હું તો જોઉં છું - આસમાન સામે તકાયેલી,
વરસાદની ભીખ માંગતી,
બુઝાવા આવેલી આંખોને !

'બીચ કા રાસ્તા નહીં હોતા'

## અર્થોનું અપમાન

તમે જાણીબુઝીને કર્યું છે
અપમાન અર્થોનું
હવે કોના પર મૂકશો આરોપ
આવારા શબ્દોનો ?

મને પૂછે છે આ વૃક્ષો,
કે શું કહીએ એ સૂરજને
જે ગરમ ના હોય ?
જેનો રંગ લાલ ના હોય ?

હું જોઈ રહું છું વૃક્ષોને
ગણું છું રંગ હવાના
માપું છું ઋતુઓને
અને પછી
હું નથી કહી શકતો સૂરજને નિર્દોષ !
સૂરજ માટેના ગુનેગાર શબ્દોને
હું બેસાડું છું - સ્વયંવરમાં !

તમે ચોક્કસ કહેવાના-
મેં શિખર પરથી છલાંગ મારી છે ખીણમાં !
પણ અસલમાં કૈંક જુદું જ છે.
મેં તો બદલી નાખ્યા છે અર્થો ખીણના;
ઝૂલો બનાવી દીધી છે હવાને;
મસ્તકનું સ્વરૂપ આપ્યું છે પર્વતને;
મેં તમારા માટે બદલી કાઢ્યો છે અર્થ-આત્મઘાતનો !
સાથીઓ !
તમારા માટે જિંદગીના અર્થ પણ બદલી કાઢશું !
કેમ કે





મરતી વેળાએ જો તમે
જિંદગીને સમજી પણ લેશો,
તો ત્યારે તમારું કોણ માનશે ?
તમને કોઈ છોડશે ખરું,
તમને-
જેમણે જાણીબુઝીને કર્યું છે
અપમાન અર્થોનું ?!

---

- ‘હમ લડેંગે સાથી’
- ‘બીચ કા રાસ્તા નહીં હોતા’

---


રાજ્યસત્તા !
તારી તલવાર સાવ ટાંચી છે,
કવિની કલમ કરતાં તો તદ્દન વામણી !
કવિ પાસે પોતાનું ગણાય એવું ઘણું ઘણું છે;
તારા કાનૂનની જેમ એમાંનું કશુંયે ખોખલું નથી, બોદું નથી !
કવિતા માટે તારી જેલ લાખ વાર થઇ શકે,
પણ એવું કદી નહીં બને, કે-
કવિતા તારી જેલ માટે એક વાર પણ સર્જાય !

---

- ‘સમય ઓ ભાઈ સમય’

## વિભાગ : ૭

# ચકલીનો માળો



## ચકલીનો માળો

*[યુવતીઓ વિશેના એક પંજાબી લોકગીતના આધારે]*

ચકલીનો માળો ઊડીને કંઈ નૈં 'જાય,
આમ અહીં-તહીં ગોચરમાં ખડ નીંદશે,
કટકું - બટકું ઓરશે સૂક્કા-વાસી રોટલા
ને મટમેલી ચૂંદડી ભીંજવી ફેરવતી રે'શે,
આટાથી ખરડાયેલા ચ્હેરા પર !

ચકલીનો માળો ઊડીને કંઈ નૈં 'જાય,
આમ જ અહીં-તહીં સંતઈ જશે
ને રોયા કરશે એકલો-એકલો,
ગાયા કરશે શાપિત જવાનીના મરસિયા !

ચકલીના માળાને ખબર સરખીયે નૈં પડે,
કૈંકથી આવી પડશે લોઢાની ચાંચોવાળી જાળ
ને પથરાઈ જશે એના જેવડા આકાશ પર;
દૂર દૂર લગી ઉડવાનું એનું સોણલું
છળી મરશે એનાં જ મૃગનેણોનાં ઝાંઝવાંથી !

ચકલીનો માળો અમથે અમથો ફિકર કરે છ્,
બાપુ તો વિદાય કરીને ડોલી,
ટેકવશે ઢેખાળા હચમચતા કમાડમાં;
લગાવશે થીગડાં પસીનાથી ફાટું ફાટું થતા પ્હેરણ પર;
ને જ્યારે કંતઈ જશે એ આખો પૂણીની માફક-
ચરખાનો મોહ લગીરે નૈં સતાવે - ચકલીના માળાને !

ચકલીનો માળો ઊડીને નૈં જાય
કોઈ દેશ-દેશાવર,
એ તો વેઠચાં કરશે ઘાસની શૂળો





આખું આયખું,
ને ધોળી ચાદર પર લાગેલ
એના માસિકના ડાઘ ચીડવ્યા કરશે એને !

● *'સમય ઓ ભાઈ સમય'*

## છે તો નર્યું અજાયબ

જો આણું આવ્યે તું ન ગઈ હોત,
તો તને ભ્રમ રહી જાત, કે-
રંગોનો અર્થ ફૂલ જ હોય છે;
ઠરી ગયેલી રાખને વાસ નથી હોતી;
મુહબ્બતને તું માન્યા જ કરત - કો'ક મોસમનું નામ !

તેં કદાચ ધાર્યું હશે-
તારા ભરતગૂંથણના સોયાથી આકારાયેલ અક્ષર
ટહૂકી ઉઠશે કો'ક દિ'
કે પછી ડૂબી નહીં જાય ગંધાતા પાણીમાં
તેં બનાવેલું બટનોભર્યું બતક.

તેં કદી કલ્પ્યુંયે નહીં હોય, કે આણું-
દહેજના વાસણોના ખણખણાટમાં
ઝાંઝરની ચૂપકીદીનું - વિના કફન સળગવું છે;
કે પછી છે-
સગપણની ઝાળમાં રંગોનું ઊતરડાવું.

સુરિન્દર કૌર કદી નથી જોઈ શકવાની
દુર્ઘટનાની વાટ જોતી બેઠેલી છિંદોને !
બસ આ જ રીતે-
બની જાય છે દીવાલ, રોજ-બ-રોજના બનાવોની !

ખરેખર તો આણું
કદીયે નહીં સમજાનારી સમજ છે,
જે રીતે કોઈ પણ ગામ
ધીરે ધીરે પલટાઈ જાય છે - દાનાબાદમાં[1];
આણું પણ એવું જ
મનામણાંનું પીગળીને





ખાટલા, બાજઠ અને સાવરણીમાં પલટાઈ જવું છે !
છે તો નર્યું અજાયબ, કે-
હથેળી પર ઉછેરેલા સાચને
આમ જ કાચી મેંદી પરથી ખંખેરી નાંખવું;
કે પછી પાછળ રહી ગયેલ
મેળાના વેરાન મેદાનના ખાલીપાના શ્વાસોને પરોવવા;
કે પછી ખેડાયેલા ખેતરમાં
હજારો વાર ખેડેલી પગદંડીઓને યાદ કર્યા કરવી.

હવે જ્યારે કાંઠે જ ડૂબી ગયું છે
બટનોભર્યું બતક,
ત્યારે દુર્ઘટનાની વાટ જોતી બેઠી છે છિંદો,
રોજ-બ-રોજના બનાવોની દીવાલની પેલે પાર-
જે કદી વળોટી શકાઈ નથી, કોઈનાથી.

છે તો નર્યું અજાયબ, કે-
હું,
જે તારો કોઈ નથી,
દીવાલની આ બાજુ પણ કે પેલી બાજુ પણ-
ઊઠાવીને ફર્યા કરું છું
મરેલાં બતકો !

---

૧ પંજાબી લોકકથા 'મિર્ઝા સાહિબા'માંના મિર્ઝાનું ગામ.

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

## આંખો - મારી માની...

એક યુવતીએ જ્યારે મને કહ્યું'તું
'હું ખૂબ સુંદર છું'-
ત્યારે મને દોષ દેખાયો'તો - એની આંખોમાં;
મારે મન તો સુંદર એ હતા, જે-
મારા ગામમાં મત માગવા આવતા'તા,
કે પછી ઉદ્‌ઘાટનો કરવા આવતા'તા !

એક દા'ડો
જટ્ટૂની દુકાનેથી મને બાતમી મળી, કે-
એમના માથા પરનો સોનેરી તાજ તો
ચોરીનો છે !
મેં એ જ દા'ડે ગામ છોડી દીધું.
મને ખાતરી હતી, કે-
જો તાજવાળા ચોર છે,
તો સુંદર કોઈ બીજું છે !

શ્હેરોમાં ઠેરઠેર મેં બદસૂરતી જોઈ:
પ્રકાશનગૃહોમાં, કોફી હાઉસોમાં,
કચેરીઓ અને થાણાંઓમાં;
ને મેં એ પણ જોયું, કે-
બદસૂરતીની આ નદી
દિલ્હીના ગોળ પર્વતમાંથી ફૂટે છે !

અને પછી તો-
એ ગોળ પર્વતમાં ગાબડું પાડવા હું બદસૂરતીમાં ઘૂસ્યો !
બદસૂરતી સાથે લડ્યો !
કૈંક લોહીલુહાણ વરસોમાંથી પસાર થયો !
ને હવે હું-





ચ્હેરા પર યુદ્ધનાં નિશાન લઈને
બે ઘડી માટે ગામ આવ્યો !
પેલી ચાલીસ વરસની યુવતી
પોતાના લાલને હવે બદસૂરત ક્હેવા માંડી !

હવે મને ફરીથી
દોષ દેખાયો - એની આંખોમાં !

- 'હમ લડેંગે સાથી'
- 'બીચ કા રસ્તા નહીં હોતા'

## સખી....

સખી ! તને પણ હશે ફરિયાદ મહોબ્બત સામે,
મારે લીધે તારી બેકાબૂ ચાહતોનું શું થયું ?
તેં જે પરોવેલી ઇચ્છાની સોય, રૂમાલોમાં...
એ તડકાનું શું થયું ?! એ છાંયડાનું શું થયું ?!

કવિ થયો તોયે કેવી વિના વાંચ્યે જ છોડી દીધી,
તારાં નયનોમાં આકારાયેલી એકરારની કવિતા !
તારે માટે તો હાથ, હોઠો પર પથરાયેલી છે
કડવીધૂપ્પ, રસ વિનાની, મારા રોજગારની કવિતા !

મારી પૂજા ! મારી શ્રધ્ધા ! જખ્મી છે આજે બન્ને-
તારું સ્મિત ને અળસીનાં ફૂલો પર રમતું હાસ્ય !
જ્યારે મને લઈ જાય છે, તારી ખુશીઓનાં દુશ્મન,
સાવ નફ્ફટ બનીને ખખડે છે - હાથકડીનું હાસ્ય !

તારું જ એક થાનક છે, જ્યાં ઝૂકે છે શિર મારું,
બાકી જેલના થાનક પર તો થૂંકીને પસાર થાઉં છું !
મારા ગામમાં જ કૈંક સત્વ છે : ચળાતો-ચળાતોય જીવી જાઉં છું,
બાકી અફસરની આગળથી તો સિંહની જેમ
ગરજતો પસાર થાઉં છું !

મારી એકેએક પીડા પસાર થાય છે સોયના નાકામાંથી,
લૂંટાઈ છે શાંતિ વિચારોની, કતલ છે ઉત્સવ ખેતરોનો !
ને એ જ છે, જો - તારા હુસ્નનાં દુશ્મન,
જે ચરે છે આજ, જો - આપણાં ખેતરોનું હુસ્ન !

મેં જોયો છે - ઝાકળમાં ન્હાતા ઘઉંના દેહને,
મારા જોવાથી એના ચ્હેરા પર છવાતી લજ્જા પણ જોઈ છે !
મેં વ્હેતી ક્યારીઓનાં જળ પર વીંધાતો સૂરજનો તડકો જોયો છે.
મેં રાત્રે સ્વપ્નામાં વૃક્ષોને પરસ્પર ચૂમતાં જોયાં છે !





રેકનાં ફૂલો પર ગાતી મ્હેંક, મેં દીઠી છે;
કપાસનાં ફૂલો પર રણકતી ટંકશાળ, મેં દીઠી છે;
ચોરની જેમ ગુસપુસતી વનરાજિ, મેં દીઠી છે;
સરસવનાં ફૂલો પર ઢળતી સંધ્યા, મેં દીઠી છે.

મારી ચાહત જોડાયેલી છે, ફસલોની મુક્તિ સાથે,
તારા હાસ્યની ગાથા છે, એકેએક કિસાનની ગાથા !
મારું કિસ્મત છે હવે-પલટાતા સમયનું કિસ્મત
મારી ગાથા છે હવે - ચમકતી તલવારની ગાથા !

મારો ચ્હેરો બનાવી દીધો છે, કડવાશે એવો ખરબચડો-
કે ચ્હેરા પર પથરાતી ચાંદનીને ખંજવાળ ઉપડે છે !
મારી જિંદગીનું ઝેર આજે અમૃત છે - ઈતિહાસ માટે,
એને પી-પીને મારાં લોકોને હોશોહવાસ મળે છે!

## બસ, થોડીક જ વાર....

બસ, થોડીક જ વાર...
તારા ચ્હેરાની યાદમાં....
પછી તો
આખ્ખી જિંદગી મને
મારો ચ્હેરો શોધવામાંથી
બિલકુલ ફુરસદ જ નહીં મળે.... !

બસ, થોડીક જ વાર....
ચંદ્રની ચાંદનીમાં ચમકતી આ તેતર બેલડી
કદાચ મરુભૂમિ બની જાય....
આ સૂતેલાં મકાનો
કદાચ બેઠાં થઇને
જંગલ તરફ ચાલી નીકળે.... !

---

• *'હમ લડેંગે સાથી'*





## હું હવે વિદાય લઉં છું

હું હવે વિદાય લઉં છું, મારી દોસ્ત !
હવે હું વિદાય લઉં છું...

લખવા ચાહી'તી એક કવિતા મેં,
જેને જિંદગીભર તું માણ્યાં કરે !
એ કવિતામાં-
મ્હેંકતા ઘાણા,
શેરડીની સરસરાહટ,
સરસવની નાજુક અદા,
વૃક્ષ પરથી ટપકતું ધુમ્મસ,
બાલ્ટીમાં દોહવાયેલાં દૂધ પર ગાતું ફીણ
અને....
અને આ સિવાય જે કાંઈ પણ
મેં તારામાં જોયું છે... એ બધાંની
વાત લખવાની હતી.

એ કવિતામાં-
મારાં બાવડાંના ગોટલાએ મુસ્કુરાવાનું હતું,
મારી જાંઘોમાંની માછલીઓએ તરવાનું હતું,
અને મારી છાતી પરના વાળની મુલાયમ શાલમાંથી-
હુંફાળી લપેટો ઊઠવાની હતી !

એ કવિતામાં-
તારા માટે,
મારા માટે,
અને જિંદગીના તમામ સંબંધો માટે-
ઘણું ઘણું બનવાનું હતું, મારી દોસ્ત !

પણ સાવ સ્વાદવિહોણું છે-
દુનિયાના ગૂંચવાયેલા નકશા સાથે કામ પાર પાડવું !
જો મેં લખી પણ હોત
એ શુકનવંતી કવિતા
તો એણે પણ-
આમ જ ખતમ થઈ જવાનું હતું,
તને અને મને
એની છાતી પર રોતાં-કકળતાં છોડીને !

દોસ્ત ! કવિતા સાવ અશક્ત થઈ ગઈ છે,
જ્યારે એકદમ ખૂંખાર થઈ ગયા છે- હથિયારોના ન્હોર !
હવે કોઈ પણ જાતની કવિતા લખતાં પહેલાં-
હથિયારો સાથે યુદ્ધ કરવું અનિવાર્ય બની ગયું છે.
યુદ્ધમાં-
કોઈપણ બાબતને સહજતાથી પામી શકાય છે,
પોતાનાં કે દુશ્મનનાં નામ લખવા જેટલી સહજતાથી !

હવે આ સંજોગોમાં-
ચુંબન માટે લંબાયેલા મારા હોઠની ગોળાઈને
ધરતીના આકારની ઉપમા આપવી, કે-
તારી કમરની લચકને
મહાસાગરના શ્વાસ સાથે સરખાવવી,
સ્વભાવિક રીતે જ સાવ હાસ્યાસ્પદ લાગવાનું હતું;
એને એટલે જ
મેં એવું કંઈ ના કર્યું !
તને,
મારા આંગણામાં બાળક રમાડવાની તારી ઈચ્છાને
અને યુદ્ધની સમસ્તતાને
એક જ હરોળમાં ઊભી રાખવી મારા માટે સંભવ નહોતું !

તો હું હવે વિદાય લઉં છું, મારી દોસ્ત !
આપણે હંમેશ માટે યાદ રાખીશું, કે-
દિવસે લુહારના ભઠ્ઠાની માફક તપી ઊઠતી





આપણા ગામની ટેકરીઓ
રાત્રે ફૂલોની માફક મ્હેંકી ઊઠે છે !
ચાંદનીમાં રસસભર શેરડીના ઢગલા પર સૂતાં સૂતાં
સ્વર્ગને ગાળો દેવી
કેટલું સંગીતમય હોય છે !
હા, દોસ્ત !
આપણે આ બધું યાદ રાખવું પડશે, કેમ કે-
દિલનાં ગજવાં જ્યારે ખાલીખમ હોય છે,
ત્યારે યાદ કરવું બહુ સુખમય લાગે છે !

વિદાયની આ પળે,
હું ધન્યવાદ આપવા માગું છું-
એ તમામ સુંદરતાને,
જે આપણાં મિલનો ઉપર તંબૂ બનીને છવાઈ જતી રહી;
એ સાવ સીધીસાદી સામાન્ય જગ્યાઓને,
જે આપણાં મિલનો જોઈને સુંદર બની જતી રહી;
આપણાં મસ્તક સુધી આવી રોકાઈ જતા
બિલકુલ તારા જેવા જ હળવાફૂલ અને ગીતોભર્યા પવનને,
જે મારું દિલ બહેલાવતો રહ્યો તારી વાટ જોતી વખતે;
કેડી પર ઊગી નીકળતા રેશમી ઘાસને,
જે તારી રૂમઝૂમતી ચાલની આગળ હંમેશા બિછાઈ જતું રહ્યું;
જીંડવામાંથી ખરતા કપાસને,
જે સદાયે આપણી સેજ બનતો રહ્યો;
શેરડી પર કામે લાગેલી મધમાખીઓને,
જેણે હંમેશા આવતાં-જતાં લોકોની ખબર રાખી;
ઘઉંનાં જુવાન ખેતરોને,
જે આપણને બેઠાં-બેઠાં ભલે નહીં, પણ સૂતાં-સૂતાં સદાયે
ઢાંકતાં રહ્યાં;
હું આભાર માનું છું,
સરસવના નાનાં અમથાં ફૂલોનો,
જેમણે મને કૈંકવાર આપ્યો અવસર
પરાગ કેસર તારા કેશમાંથી સરકાવવાનો.

હું માણસ છું,
ઘણી બધી નાની નાની વાતોના જોડાવાથી બનેલો માણસ;
અને એ બધી જ નાની નાની વાતો માટે-
જેણે મને વિખેરાઈ જતો બચાવ્યો-
મારી પાસે ઘણું ઘણું છે;
હું એ સૌનો આભાર માનવા માગું છું.
હું ખરેખર એમનો આભારી છું.

દોસ્ત !
પ્રેમ કરવો સાવ સહજ છે,
જે રીતે જુલ્મ સ્હેતાં સ્હેતાં
પોતાની જાતને સંઘર્ષ માટે તૈયાર કરવી !
અથવા તો પછી
ગુપ્તવાસમાં વાગેલી ગોળીએ
ઝૂંપડામાં પડ્યાં પડ્યાં
જખમ ભરાઈ જવાના દિવસની કલ્પના કર્યા કરવી !
પ્રેમ કરવો
અને સંઘર્ષ કરવો એટલે
જીવનને સાર્થક કરવું, મારી દોસ્ત !

તડકાની જેમ ધરતી પર તપી ઊઠવું
અને પછી આલિંગનમાં સમેટાઈ જવું;
બારૂદની જેમ સળગી ઊઠવું
અને પછી ચારે દિશામાં ગૂંજી જવું;
એ જ રીત છે- જીવવાની.
પ્રેમ કરવો અને જીવવું-
એમને કદી નહીં આવડવાનું,
જેમને જિંદગીએ વાણિયા બનાવી દીધા છે !

અસ્તિત્વના સંબંધને પામી શકવો-
ખુશી અને નફરતમાં કદી રેખા ન ખેંચવી-
જિંદગીના વિસ્તરતા આકાર ઉપર ફિદા થઈ જવું-
શરમ-સંકોચને નેવે મૂકીને મળવું અને વિદાય થવું-





સાવ સહજ,
સુગમગતિની ઘટનાઓ હોય છે, મારી દોસ્ત !

હું હવે વિદાય લઉં છું.
તું ભૂલી જજે-
મેં તને કઈ રીતે પલકો પર ઉછેરીને જુવાન બનાવી;
કે મારી નજરોએ શું શું નથી કર્યું
તારા નકશાની સરહદો વિસ્તારવા માટે;
મારાં ચુંબનોએ કેટલો ખૂબસૂરત બનાવી દીધો તારો ચ્હેરો;
કે કેવા સાંચામાં ઢાળ્યું તારા મીણ જેવા બદનને;
આ બધું જ,
આ બધું જ તું ભૂલી જજે, મારી દોસ્ત !
પણ હા,
એ ન ભૂલતી કે-
મને જીવવાની ખૂબ તડપ હતી !
હું ગળા સુધી જિંદગીમાં ડૂબી જવા માગતો'તો !
મારા પણ ભાગનું જીવી લેજે, મારી દોસ્ત !
મારા પણ ભાગનું જીવી લેજે !

---

- *'હમ લડેંગે સાથી'*
- *'બીચ કા રાસ્તા નહીં હોતા'*

રાજ્યસત્તા !
તારી તલવાર સાવ ટાંચી છે,
કવિની કલમ કરતાં તો તદ્દન વામણી !
કવિ પાસે પોતાનું ગણાય એવું ઘણું ઘણું છે;
તારા કાનૂનની જેમ એમાંનું કશુંયે ખોખલું નથી, બોદું નથી !
કવિતા માટે તારી જેલ લાખ વાર થઇ શકે,
પણ એવું કદી નહીં બને, કે-
કવિતા તારી જેલ માટે એક વાર પણ સર્જાય !

પ્રકાશક

સંવેદન સાંસ્કૃતિક મંચ અમદાવાદ
'આપણું સાહિત્ય' પ્રકાશન શ્રેણી: પુસ્તક-૫